

**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૨૯ ❖ અંક : ૯ ❖ ૧૦, મે-૨૦૧૦

૨૪, જમા.અવ્વલ, હિ.સન-૧૪૩૧ ❖ સળંગ અંક : ૩૪૫

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસુમ મહેરપુરી
✆ ૨૨૩૧૦૪ મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
સુલેમાન આઈ. માસ્ટર

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❋ અહાદીસ | ૦૬ |
| ❋ ગડમથલ | ૦૮ |
| ❋ પીરનો પરિચય | ૦૯ |
| ❋ કેન્સર વિશે સામાન્ય માહિતી | ૧૨ |
| ❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ | ૧૩ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૧૭ |
| ❋ નહજુલ બલાગહ | ૨૨ |
| ❋ જુંબિશે લબ | ૨૫ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૨૭ |
| ❋ મશાયખવાણી | ૨૯ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૩ |
| ❋ અરબી મૂળાક્ષરોનો પરિચય | ૩૫ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૭ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૪૦ |
| ❋ આપણા ઘરની વાતો | ૪૩ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૪૫ |


## ઊઘડતે પાને...

આપણા પાંચમા ઈમામ.

ઈમામ મોહંમદ બાકિર(અ.).

હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.) એક વિશિષ્ટ વ્યક્તિત્વના સ્વામી હતા. આપનાં માતુશ્રીનું નામ ઉમ્મે અબ્દુલ્લાહ જનાબે ફાતેમા બિન્તે હઝરત ઈમામ હસન મુજતબા(અ.) હતું અને તેથી જ તો આપ મા અને બાપ બન્ને તરફથી છેક હઝરત રસૂલે ખુદા(સ.) સાથે સંબંધ ધરાવે છે. આપ પોતે તો ઈમામ હતા જ પણ આપના પિતા ઈમામ ઝયનુલ આબેદીન(અ.) પણ ઈમામ, આપના દાદા હઝરત ઈમામ હુસૈન(અ.) પણ ઈમામ. આપના વડદાદા હઝરત અલી(અ.) પણ

ઈમામ. આપના પુત્ર ઈમામ જાફર સાદિક(અ.) પણ ઈમામ. આપના નાના ઈમામ હસન મુજતબા(અ.) પણ ઈમામ અને વડનાના હઝરત અલી(અ.) પણ ઈમામ.

હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)ની બીજી એક વિશેષતા એ છે કે આપના જન્મના આશરે ૪૬ વર્ષ પહેલાં ખુદ હઝરત રસૂલે ખુદા(સ.)એ આપના ઉપર હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી દ્વારા સલામ મોકલાવ્યા હતા.

ઈતિહાસકારોનું બયાન છે કે એક દિવસ સરવરે કાઈનાત હઝરત મોહંમદ મુસ્તફા(સ.) પોતાની પવિત્ર ગોદમાં હઝરત ઈમામ હુસૈન(અ.)ને રાખીને પ્યાર કરી રહ્યા હતા એવામાં આપના ખાસ સહાબી હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી ત્યાં હાજર થયા. હઝરત રસૂલે ખુદા(સ.)એ જાબિરને જોઈને ફરમાવ્યું,

'અય જાબિર ! મારા આ પુત્રની નસલમાંથી એક બાળક પેદા થશે કે જે ઈલ્મ અને હિકમતથી ભરપૂર હશે. અય જાબિર ! તમે તેના જમાના સુધી હશો અને એ સમય સુધી જીવતા રહેશો કે જ્યાં સુધી તે ધરતીની સપાટી ઉપર ન આવી જાય. અય જાબિર ! જુઓ, જ્યારે તમે તેની મુલાકાત કરો તો તેને મારા સલામ કહી દેજો.'

જાબિરે હઝરત રસૂલે ખુદા(સ.)ની આ ખબરને અને ભવિષ્યવાણીને હર્ષના ભાવાવેશમાં સાંભળી અને તેમણે એ સમયથી જ આનંદની એ ધન્ય ઘડીની રાહ જોવાનું શરૂ કરી દીધું.

જાબિર એ શુભ ઘડીની રાહ જોતા જ રહ્યા, જોતા જ રહ્યા એટલે સુધી કે વાટ જોવામાંને જોવામાં આપની આંખો જતી રહી, આપની આંખોનું નૂર જતું રહ્યું.

જ્યાં સુધી જાબિર આંખે જોઈ શકતા હતા ત્યાં સુધી તો તેઓ દરેક મજલિસમાં, દરેક મહેફિલમાં તેમની તલાશ કરતા રહ્યા. અને હવે જ્યારે આંખોનું નૂર ચાલ્યું ગયું તો જીભથી પોકારવાનું ચાલુ કરી દીધું.

આપની જીભ ઉપર હર ઘડી ઈમામ મોહંમદ બાકિર(અ.)નું નામ જ્યારે જપવાનું ચાલ્યું રહ્યું તો લોકો હવે એવું કહેવા લાગ્યા કે વૃધ્ધવાસ્થાને કારણે જાબિરનું મગજ ચસકી ગયું છે.

પરંતુ... છેતાલીસ વર્ષના ઈન્તેઝાર પછી જાબિર એહમદી પયગામ અને મોહંમદી સલામ પહોંચાડવામાં સફળ થઈ ગયા.

રાવીનું બયાન છે,

'એક દિવસ અમે જનાબે જાબિરની પાસે બેઠેલા હતા એવામાં ઈમામ ઝયનુલ આબેદીન(અ.) તશરીફ લાવ્યા. આપની સાથે આપના ફરઝંદ ઈમામ મોહંમદ બાકિર(અ.) પણ હતા.'

ઈમામ ઝયનુલ આબેદીન(અ.)એ પોતાના પ્રતિષ્ઠિત પુત્રને ફરમાવ્યું,

'અય બેટા ! ચચા જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીના હાથને બોસા આપો.'

આપે તરત જ પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને જાબિરના હાથને ચુંબન કર્યું. જાબિરે તેમને પોતાની છાતીએ લગાવ્યા અને કહ્યું,

'યા ઈબ્ને રસૂલિલ્લાહ ! આપને આપના જદ્દે નામદાર હઝરત મોહંમદ મુસ્તફા(સ.)એ સલામ ફરમાવ્યા છે.'

હઝરત ઈમામ બાકિર(અ.)એ કહ્યું,

'અય જાબિર ! એમના ઉપર અને તમારા ઉપર મારા તરફથી પણ સલામ થાય.'

ત્યાર પછી જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીએ આપની સમક્ષ પોતાની શફાઅત માટે ઝમાનતની દરખાસ્ત રજૂ કરી. આપે તે દરખાસ્તને મંજૂર ફરમાવી અને કહ્યું,

'હું તમારા જન્નતમાં જવાનો જામીન છું.'

(સંદર્ભ : **સવાએકે મોહરકા**, પેજ-૧૨૦, **વસીલતુન્નજાત**, પેજ-૩૮૮, **મતાલિબુલ સૂલ**,

પેજ-૩૭૩, **સવાહેદુન્નબુવ્વહ**, પેજ-૧૮૧, **નૂરૂલ અબ્સાર**, પેજ-૧૪૩, **તારીખે તબરી** જીલ્દ-૩, પેજ-૯૬, **મજાલિસુલ મોમિનીન**, પેજ-૧૧૭)

અલ્લામા મોહંમદ બિન તલ્હા શાફઈનું બયાન છે,

આં હઝરત(સ.)એ એવું પણ ફરમાવ્યું હતું કે જેનો ભાવાર્થ આ મુજબ છે :

'અય જાબિર ! મારો પયગામ પહોંચાડ્યા પછી તમે ખૂબ થોડા સમય માટે જીવતા રહેશો.'

...અને પાછળથી એવું જ બન્યું.

(સંદર્ભ : **મતાલિબુલ સૂલ**, પેજ-૨૭૩)

*

અલ્લામા જામી લખે છે કે રાવી બયાન કરે છે,

'હું હજ કરવા માટે જઈ રહ્યો હતો ત્યારે રસ્તો ખતરાથી ભરપૂર અને ખૂબ જ અંધકારમય હતો. જ્યારે હું નિર્જન જંગલમાં પહોંચ્યો તો એક બાજુએ થોડાંક પ્રકાશનાં કિરણો નજરે પડ્યાં. હું તેની તરફ જોઈ રહ્યો હતો તેવામાં એક સાત વર્ષનો છોકરો મારી નજીક આવી પહોંચ્યો. મેં સલામનો જવાબ આપ્યા પછી તેમને પૂછયું',

'આપ કોણ છો ? ક્યાંથી આવી રહ્યા છો ? અને ક્યાં જવાનો ઈરાદો છે ? અને આપની પાસે મુસાફરીનો સામાન શું છે ?'

તેમણે જવાબ આપ્યો,

'સાંભળો. હું ખુદા તરફથી આવી રહ્યો છું અને ખુદા તરફ જઈ રહ્યો છું. મારી સફરનો સામાન તક્વા છે. હું અરબી નસલનો, કુરૈશી ખાનદાનનો અલવી પુત્ર છું. મારું નામ મોહંમદ બિન અલી બિનુલ હુસૈન બિન અલી બિન અબીતાલિબ છે.'

આટલું કહીને તેઓ નજરોથી ગાયબ થઈ ગયા અને મને ખબર પણ ન પડી શકી કે આકાશ તરફ ઉડી ગયા કે જમીનમાં સમાઈ ગયા.

(**શવાહેદુન્નબુવત**, પેજ-૧૮૩)

*

અબુ મરિયમ અબ્દુલ ગફ્ફારનું કહેવું છે,

'હું એક દિવસ હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)ની ખિદમતમાં હાજર થઈને અરજ કરવા લાગ્યો,

'મૌલા ! કયો ઈસ્લામ બેહતર છે ?'

આપે ફરમાવ્યું,

'જેનાથી પોતાના મોમિન બિરાદરને કોઈ તકલીફ ન પહોંચે.'

મેં પૂછયું,

'કયો સ્વભાવ બેહતર છે ?'

આપે ફરમાવ્યું,

'સબ્ર અને માફ કરી દેવાનો.'

મેં પૂછયું,

'કયો મોમિન કામિલ(સંપૂર્ણ) છે ?'

આપે ફરમાવ્યું,

'જેના અખ્લાક બેહતર હોય.'

મેં પૂછયું,

'કઈ જેહાદ બેહતર છે ?'

આપે ફરમાવ્યું,

'જેમાં પોતાનું લોહી વહી જાય.'

મેં પૂછયું,

'કઈ નમાઝ બેહતર છે ?'

આપે ફરમાવ્યું,

'જેનું કુનૂત લાંબું હોય.'

મેં પૂછયું,

'કયો સદકો બેહતર છે ?'

આપે ફરમાવ્યું,

'જેની નાફરમાનીથી નજાત મળે.'

મેં પૂછયું,

'દુન્યવી બાદશાહો પાસે જવામાં આપનો શો અભિપ્રાય છે ?'

આપે ફરમાવ્યું,

'હું (ત્યાં જવું) સારું સમજતો નથી.'

મેં પૂછયું,

'શા માટે ?'

આપે ફરમાવ્યું,

'એટલા માટે કે બાદશાહો પાસે આવન જાવન કરવાથી ત્રણ બાબતો પેદા થાય છે (૧) દુનિયાનો મોહ (૨) મોતનું વિસ્મરણ (૩) અલ્લાહની રજામંદીમાં ઘટાડો.'

મેં પૂછ્યું,

'તો પછી હું ન જાઉં ?'

આપે ફરમાવ્યું,

'હું દુનિયામાં રોજી રળવાની મનાઈ કરતો નથી. અલબત્ત, હું પાપ કરવાની ઈચ્છાથી રોકું છું.' *


## પ્રોગ્રામર જોઈએ છે.

*Inspire Software Co.*માં *asp.net Technology with c#*અથવા *Web designer*ના ફ્રેશર અથવા અનુભવી પ્રોગ્રામરની તાત્કાલિક જરૂર છે. તો રસ ધરાવતા ઉમેદવારે પોતાનો બાયોડેટા આ સરનામે **info@inspiresoftware.co.in** મોકલવો.

**અમીરઅબ્બાસ જાફરી**
૯૮૨૫૫૮૫૮૪૩

**હસનઅબ્બાસ મોમિન**
૯૯૯૮૪૫૭૧૨૯

**Inspire Software Co.** A STEP AHEAD

## ઈન્સ્પાયર સોફ્ટવેર કંપની

આપના હોટલ (રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ)ના સોફ્ટવેર, કરિયાણા કે સુપર માર્કેટના સોફ્ટવેર તેમજ અન્ય કોઈ પણ ધંધાને લગતા સોફ્ટવેર ઓર્ડરથી બનાવી આપીશું. અમારે ત્યાં ઉત્તમ ક્વોલીટી તેમજ લેટેસ્ટ ટેકનોલોજીથી બનાવેલ સોફ્ટવેર મળશે.

તો આપના ધંધાને સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝડ્ કરવા માટે આજે જ સંપર્ક કરો.

**Inspire Software Co.**
**1/2, 1st Floor, Samarthya Complex, Opp. Hotel Siddharth, Tavadiya Cross Road, SIDDHPUR, Ph. : 02767 - 226440**
**website : www.inspiresoftware.co.in**


*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ઈસ્લામી ક્વીઝ નં. ૧૧૪

**(૧) 'તૂબા' શાનું નામ છે ?**
(A) જન્નતની નહેરનું (B) જન્નતના વૃક્ષનું
(C) જન્નતની અપ્સરાનું

**(૨) ચોથા ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ની દુઆઓના સંગ્રહનું શું નામ છે ?**
(A) સહીફએ કામેલા (B) નહજુલ બલાગહ
(C) નહજુલ અસરાર

**(૩) અલ્લાહ તઆલા સમક્ષ વરસાદ માટે પઢવામાં આવતી નમાઝ કઈ છે ?**
(A) નમાઝે ઈસ્તિખારા (B) નમાઝે વહશત
(C) નમાઝે ઈસ્તિસ્કા

**(૪) ઈસ્લામી પરિભાષામાં વિંછુડાને શું કહેવામાં આવે છે ?**
(A) કમર દર અકરબ (B) કમર દર અરકબ
(C) કમર દર અબરક

**(૫) 'બિસ્મિલ્લાહ...' વગર શરૂ થતા કુરઆનના સૂરાનું નામ શું છે ?**
(A) સૂરએ દહર (B) સૂરએ તૌબા
(C) સૂરએ બકર

**(૬) હઝરત રસૂલે ખુદા(સ.) પર નાઝિલ થયેલ કુરઆનનો સૌ પ્રથમ અક્ષર કયો છે ?**
(A) ઈકરા (B) યાસીન (C) તા-હા

**(૭) મક્કાના કુફ્ફારોએ બની હાશિમનો બહિષ્કાર કર્યો ત્યારે બની હાશિમ કઈ જગ્યાએ રહેવા ગયા હતા ?**
(A) ગારે હિરામાં (B) ગારે સૌરમાં
(C) શોઅબે અબુતાલિબમાં

**(૮) અલ્લાહ તઆલાએ જિન્નાતોને શામાંથી પેદા કરેલ છે ?**
(A) ધુમાડાવાળી આગમાંથી
(B) ધુમાડા વગરની આગમાંથી
(C) ભડકાવાળી આગમાંથી

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ હે આદમની ઓલાદ ! તમે દરેક નમાઝના સમયે તમારો (આત્મિક તથા શારીરિક) શણગાર કરતા રહો તથા ખાઓ અને પીઓ અને ઉડાઉ ખર્ચ કરો નહીં; નિઃસંશય ઉડાઉ ખર્ચ કરનારાઓને તે દોસ્ત રાખતો નથી.

**(પારો-૮, સૂરએ અઅરાફ, આયત-૩૧)**

✻ તમે તમારા પરવરદિગાર પાસે ગળગળા થઈને તથા છાના માના દુઆ માગ્યા કરો; બેશક તે હદ કૂદાવી જનારાઓને દોસ્ત નથી રાખતો.

**(પારો-૮, સૂરએ અઅરાફ, આયત-૫૫)**

✻ અને તારા મનમાં તારા પરવરદિગારને ઊંચા સાદે નહીં પણ કરગરીને તથા ડરતાં ડરતાં સવાર સાંજ યાદ કરતો રહે અને તેની યાદથી મુદ્દલ ગાફેલ ન રહે.

**(પારો-૯, સૂરએ અઅરાફ, આયત-૨૦૫)**

✻ મોમિનો માત્ર તેઓ જ છે કે જ્યારે અલ્લાહનું નામ લેવામાં આવે છે ત્યારે તેમનાં હૃદય (તેના પ્રભાવ અને જલાલથી) કંપી ઉઠે છે અને જ્યારે તેની આયતો તેમની સામે પઢવામાં આવે છે ત્યારે તેમના ઈમાનને વધારી મૂકે છે અને તેઓ કેવળ પોતાના પરવરદિગાર ઉપર જ ભરોસો રાખે છે.

**(પારો-૯, સૂરએ અન્ફાલ, આયત-૨)**

✻ હે ઈમાન લાવનારાઓ ! જે વેળા તમે ઈમાન નહીં લાવનારાઓને ટોળાબંધ(તમારી સામે લડવા) આવતા જુઓ ત્યારે તેમને પીઠ દેખાડો નહીં.

**(પારો-૯, સૂરએ અન્ફાલ, આયત-૧૫)**

✻ હે ઈમાન લાવનારાઓ ! અગર તમે અલ્લાહથી ડરતા રહેશો તો તે તમને એક સત્ય-અસત્ય(પારખવા)નું જ્ઞાન આપશે અને તમારા દુર્ગુણો તમારાથી દૂર કરી દેશે અને તમારા ગુન્હા માફ કરી દેશે; અને અલ્લાહ મહાન કૃપાળુ છે.

**(પારો-૯, સૂરએ અન્ફાલ, આયત-૨૯)**

✻ (તે સમયને યાદ કર) જ્યારે કે અલ્લાહે તે (નાસ્તિક) લોકોને તારા સ્વપ્નમાં (સંખ્યામાં) થોડા કરી દેખાડ્યા હતા; અને જો તે તેમની (સંખ્યા) તને વધારે કરીને દેખાડત તો તમે ખચીત જ હિંમત હારી જાત અને તે (લડવા કે ન લડવાની) બાબતમાં તમે જરૂર આપસમાં તકરાર કરત પણ અલ્લાહે (તમને) બચાવી લીધા; બેશક તે મન માંહેની વાતોથી પણ સારી પેઠે વાકેફ છે.

**(પારો-૧૦, સૂરએ અન્ફાલ, આયત-૪૩)**

✻ (તે સમયને યાદ કરો) જ્યારે દાંભિકો તથા તે લોકો કે જેમનાં અંતઃકરણોમાં (નાસ્તિકપણાનો) રોગ હતો, કહેવા લાગ્યા કે આ(મુસલમાન) લોકોને તેમના દીને ધોકો આપ્યો છે; (હે રસૂલ ! એ લોકો ગમે તે કહે) પણ જે કોઈ અલ્લાહ પર ભરોસો રાખશે તો બેશક અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે.


**(પારો-૧૦, સૂરએ અન્ફાલ, આયત-૪૯)**

✻ આ એ માટે કે અલ્લાહ કોઈ નેઅમત કે જે કોઈ કોમને આપી હોય તે બદલી નાખતો નથી જ્યાં સુધી કે તે(કોમ) પંડે જ પોતાની સ્થિતિ બદલી ન નાખે; અને બેશક અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણકાર છે.

**(પારો-૧૦, સૂરએ અન્ફાલ, આયત-૫૩)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



**ઘર સંસાર વિશે ભાગ-૨**

**જીવનસાથીની પસંદગી :**

ઈસ્લામ ધર્મે જીવનસાથીની પસંદગીને એક પવિત્ર કાર્ય ગણ્યું છે અને તે કાર્યને મહાન રૂત્બો અર્પણ કર્યો છે અને તે દ્દષ્ટિએ ઈમાન અને દીનને જીવનસાથી માટેની સૌ પ્રથમ શરત ગણવામાં આવી છે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જે માણસ કોઈ સ્ત્રીની સાથે શાદી ફક્ત તેની સુંદરતા માટે કરે છે તે જે કંઈ ઈચ્છે છે તે તેમાંથી પ્રાપ્ત કરતો નથી અને જે માણસ કોઈ સ્ત્રી સાથે માત્ર તેની દોલત ખાતર શાદી કરે છે તો ખુદા તઆલા તેને તેના હાલ પર છોડી દે છે તેથી તમારા માટે આવશ્યક છે કે એક ઈમાનદાર અને દીનદાર જીવનસાથીની પસંદગી કરો.'**

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'જ્યારે કોઈ પુરૂષ કોઈ સ્ત્રી સાથે દોલત અને સુંદરતા ખાતર શાદી કરે છે તો ખુદા તઆલા તેને તેના હાલ પર છોડી દે છે અને જો તે એક ઈમાનદાર અને દીનદાર સ્ત્રીની પસંદગી કરે છે તો ખુદા તઆલા તેને દોલત અને સુંદરતા બન્ને અર્પણ કરે છે.'**

ઈસ્લામ ધર્મ કોઈ નાદાન અને મૂર્ખ સ્ત્રી સાથે શાદી કરવાની મનાઈ ફરમાવે છે :

ઈમામ અલી મુર્તઝા(અ.)નો ઈરશાદ છે :

**'મૂર્ખ અને અણસમજુ સ્ત્રીઓ સાથે શાદી કરવાથી બચો કેમકે તેની સાથે સોહબત કરવી મુસીબત છે અને તેના દ્વારા જે સંતાન પેદા થાય તે નકામું અને નિરર્થક હોય છે.'**

ભૂતકાળની રહસ્યમય બાબતો પર દ્દષ્ટિ ફેરવવાની બાબત ઈસ્લામે પત્નીની પસંદગીમાં પતિના મેલ-મિલાપ અને ઈચ્છા પર છોડી દીધી છે. એમાં કોઈની દખલ કે મરજીને અયોગ્ય ગણી છે.

એક વ્યક્તિએ ઈમામ અસ્સાદિક(અ.)ને અરજ કરી કે હું પત્ની કરવા ઈચ્છું છું અને મેં એક સ્ત્રીની પસંદગી પણ કરી દીધી છે પરંતુ મારા મા-બાપની નજર બીજી કોઈ સ્ત્રી પર છે. તો આપે ફરમાવ્યું કે તમે પોતે જ જે સ્ત્રી સાથે નિકાહ કરવા ઈચ્છતા હો તેની સાથે (નિકાહ) કરો અને બીજીને રહેવા દો.

**પત્ની કરવામાં મુશ્કેલી :**

એ બાબતનો પણ સ્વીકાર કરવો પડે તેમ છે કે આજકાલ યુવાવર્ગ માટે સૌથી મોટી મુશ્કેલી એ પેદા થઈ ગઈ છે કે જેના કારણે તે પત્ની કરવાથી બચવા માગે છે તે છે મોટી મહેર, સામાજિક કુરિવાજો અને કેટલીક સ્ત્રીઓની વાહિયાત મહત્વકાંક્ષાઓ હોય છે.

જો કે ઈસ્લામે સ્ત્રીની મહેરને કાનૂનની દ્દષ્ટિએ તેના સંપૂર્ણ અધિકારનું મૂળ ગણ્યું છે અને ભલે તે મહેર કેટલીય મોટી કેમ ન હોય, પરંતુ પુરૂષે તેની અદાયગીને પીઠ પાછળ મૂકી દેવી ન જોઈએ.

કુરઆને મજીદ ફરમાવે છે :

**'જો એક પત્ની ઉપરાંત બીજી પત્નીની પસંદગી કરવાની ઈચ્છા ધરાવો અને તેમાંથી એકને તમે સોના-ચાંદીથી ભરી દીધેલી એક ખાલ (મહેર તરીકે) આપી હોય તો તેની પાસેથી તે પરત ન લો.'**

પરંતુ ચારિત્ર્યના દ્દષ્ટિકોણથી ઈમામ મોટી મહેરને અને વધુ પડતી આકાંક્ષાઓને સ્ત્રીના મનહુસ (અશુભ) થઈ જવાની નિશાની ગણે છે અને એવી સ્ત્રીઓને બિરદાવે છે કે જેમની મહેર (અન્યના મુકાબલામાં) હલકી અને (અન્યના મુકાબલામાં)

ચીજ વસ્તુઓ ઓછી હોય અને તે નસલ વધારવાની વધારે અનુકૂળતા ધરાવતી હોય.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'નહુસત(અશુભ બાબતો) ત્રણ બાબતોમાં છેઃ સ્ત્રી, સવારી અને ઘર. સ્ત્રીની નહુસત અને અશુભ પગલાંવાળી બાબત એ છે કે તેની મહેર વધારે હોય અને તે ખરાબ ઓલાદ પેદા કરતી હોય.'**

**'મારી ઉમ્મતની સર્વશ્રેષ્ઠ સ્ત્રીઓ એ છે કે જે સૌથી વધારે સૌંદર્યવાન હોય અને (તેમ છતાં) તેમની મહેર સૌ કરતાં ઓછી હોય.'**

આવી જ રીતે ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'સ્ત્રીઓની બરકત તેમની ચીજ વસ્તુઓ ઓછી હોવામાં અને તેમના દ્વારા સારી ઓલાદ પેદા કરવામાં રહેલી છે અને તેની નહુસત (અમંગળતા) તેની ચીજ વસ્તુઓ વધારે હોવામાં અને તેના દ્વારા ખરાબ ઓલાદ પેદા થવામાં રહેલી છે. ✻**


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**



વશી એહમદ અબ્બાસ લોરીયા (મેતાવાલા)
મો.૯૭૨૭૬૦૭૦૭૨
૯૭૨૬૧૭૩૦૬૫

**અલ-ફાઝીલ**

**કોમ્પ્યુટર્સ**

**સેલ્સ & સર્વિસ**

❁ કોમ્પ્યુટરની દરેક સમસ્યાનું ચોક્કસ અને સંતોષકારક નિવારણ
❁ નવા કોમ્પ્યુટર તેમજ એસેસરીઝ માટે મળો
❁ સંસ્થાઓમાં ખાસ સેવાઓ પૂરી પાડવામાં આવશે.
❁ વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રાકટ લેવામાં આવશે.



**૧૦૬, અપ્સરા હોટલની ઉપર, પીરોજપુરા રોડ, છાપી હાઈવે – ૩૮૫૨૧૦**

# ગ ડ મ થ લ

## ૨૧૩


:::: સંપાદક::::

મો.હસનઅલી રફીકઅલી પટેલ (મહેરપુરા)


### :::: આડી ચાવીઓ ::::

(૨) અરબી ભાષામાં કોઈને સંબોધન કરવા માટે વપરાતો શબ્દ (૧)
(૩) મુસાફરી, પ્રવાસ (૩)
(૬) શ્રેષ્ઠતા, પ્રતિષ્ઠા (૩)
(૮) આપત્તિ, મુસીબત, વિપત્તિ (૨)
(૯) દોઝખ, જહન્નમ, નર્ક (૩)
(૧૧) **'ખૂન'**નું સંક્ષિપ્ત રૂપ (૧)
(૧૩) મકાન, ઘર, સ્થાન, હવેલી (૩)
(૧૪) જૂનું, પુરાણું (૩)
(૧૭) અરબી તખ્તીનો બીજો મૂળાક્ષર (૧)
(૧૮) ઠંડી, ધીમી હવા (૩)
(૧૯) પ્રતિબિંબ, પ્રતિછાયા (૨)
(૨૦) વાદળ, વ્યોમ, વાદળુ (૩)
(૨૧) ઉર્દૂમાં શબ્દ આગળ લગાવવામાં આવતો ઉપસર્ગ કે જેનો અર્થ **'સાથે'**, **'વાળો'**, **'પૂર્વક'** એવો અર્થ દર્શાવે છે. (૧)
(૨૩) ન્યાય, ઈન્સાફ (૩)
(૨૫) શુક્ર કરનાર પુરૂષ (૩)
(૨૬) શક્તિશાળી, સમર્થ, તાકાતવાન (૩)
(૩૧) સિરિઆ દેશનું જૂનું નામ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | ■ | ૩ | ૪ | | ■ | ૫ |
| ૬ | | | ■ | ૭ | ■ | | ■ | ૮ | |
| ■ | | ■ | ૯ | | | ■ | ૧૦ | ■ | |
| ૧૧ | ■ | ૧૨ | ■ | | ■ | ૧૩ | | | ■ |
| ■ | ૧૪ | | | ■ | ૧૫ | ■ | | ■ | ૧૬ |
| ૧૭ | ■ | | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ■ | ૨૦ | ■ | ૨૧ | ■ | | ■ | ૨૨ | ■ | |
| ૨૩ | | | ■ | ૨૪ | ■ | ૨૫ | | | ■ |
| ■ | | ■ | ૨૬ | | | ■ | | ■ | ૨૭ |
| ૨૮ | ■ | ૨૯ | ■ | | ■ | ૩૦ | ■ | ૩૧ | |

### :::: ઊભી ચાવીઓ ::::

(૧) કૃપા, મહેરબાની (૩)
(૪) એક વ્યક્તિ, એક માણસ, એકલો (૨)
(૫) ઈસ્લામ ધર્મમાં વર્જ્ય અથવા જાઈઝ ઠરાવવામાં આવેલ હોય તે (૩)
(૭) ગાય માટેનો અરબી શબ્દ, એક સૂરાનું નામ (૩)
(૧૦) કબર, ગોર, સમાધિ (૩)
(૧૨) એ શહેરમાં આપણા છ માઅસૂમીન(અ.) આરામ ફરમાવે છે. (૩)
(૧૫) કુરઆનનું હૃદય ગણાતો સૂરો (૩)
(૧૬) હેતુ, મતલબ, (૩)
(૨૨) પાંચમા ઈમામનો મશહૂર લકબ (૩)
(૨૪) સાચો, છઠ્ઠા ઈમામનું ઉપનામ (૩)
(૨૭) શરબત અથવા શરાબનો પ્યાલો (૨)
(૨૮) શરાબ, દારૂ (૧)
(૨૯) દીન(ધર્મ) માટેનો સંક્ષિપ્ત શબ્દ (૧)
(૩૦) નાની નદી, નહેર (૧)

## ગડમથલ નં.૨૧૨નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મુ | જ | ૨ ત | ૩ બા | ■ | ■ | ૪ ક | ૫ મા | ૬ ન | ■ |
| ના | ■ | ૭ બ | દ | મા | ૮ શ | ■ | ૯ લિ | સા | ૧૦ ન |
| જા | ■ | ૧૧ ક | લ | ■ | હ | ■ | ૧૨ ક | રા | ર |
| ૧૩ ત | ૧૪ ફ | ■ | ■ | ૧૫ સ | દ | ર | ■ | ■ | ગી |
| ■ | ૧૬ ર | ૧૭ હ | વા | ર | ■ | ■ | ૧૮ ક | ૧૯ મુ | સ |
| ૨૦ હ | મા | મ | ■ | ■ | ૨૧ કા | ર | ખા | ના | ■ |
| ૨૨ ર | બ | ■ | ૨૩ બ | ક | ર | ■ | ■ | સિ | ■ |
| ૨૪ બા | ર | બા | ર | ■ | ■ | ૨૫ ર | ૨૬ હે | બ | ૨૭ ર |
| ર | દા | ■ | ૨૮ હ | મ | ૨૯ સ | ફ | ર | ■ | હ |
| ■ | ૩૦ ર | ફી | ક | ■ | ફ | ■ | ૩૧ ત | બ | લ |

# પીરનો પરિચય

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી
બાવા સાહેબ(મદ્દે.)

**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**

પારા-૧, સૂરા-૨, આયત-૩૦ થી ૩૨માં અલ્લાહે હઝરત આદમ(અ.)ને પોતાના પ્રતિનિધિ જાહેર કર્યા. ફરિશ્તાઓએ વાંધો જાહેર કર્યો કે તું એવાને પ્રતિનિધિ (ખલીફા) બનાવે છે કે જે દુનિયામાં ટંટો ફસાદ અને ખૂનામરકી કરશે તેના કરતાં તો અમારામાંથી બનાવ કે અમે તારી હમ્દની સાથે તસ્બીહ કરીએ છીએ અને તારી પવિત્રતા વર્ણવીએ છીએ. ફરમાવ્યું, **'હું એ વાતને જાણું છું કે જે તમે જાણતા નથી.'** અને ખુદાએ હઝરત આદમ(અ.)ને દરેક વસ્તુનાં નામ શીખવાડી દીધાં. પછી ખુદાએ એ નામ મલાએકા સામે રજૂ કરીને ફરમાવ્યું કે મને એ વસ્તુઓનાં નામ જણાવો, જો તમે સાચા હો તો. તેમણે અરજ કરી કે હે ખુદા ! તેં જેટલું શીખવ્યું છે તેના કરતાં વધારે અમે જાણતા નથી. તું જ જ્ઞાની છે. પછી અલ્લાહે આદમ(અ.)ને ફરમાવ્યું કે તમે તેમને તે નામો જણાવો. હઝરત આદમ(અ.)એ ફરિશ્તાઓને તેમનાં નામો જણાવ્યાં.

પારા-૧૪, સૂરા-૧૫, આયત-૨૯ થી ૩૫ પ્રમાણે ફરિશ્તાઓથી ફરમાવ્યું,

**'હું કોહવાયેલી માટીમાંથી કે જે સૂકાઈ ગઈ હોય તેમાંથી એક માણસને પેદા કરીશ. જ્યારે હું તેમાં રૂહ ફૂંકું તો તમે બધા તેના સિજદામાં પડી જજો. બધા સિજદામાં પડ્યા પરંતુ ઈબ્લીસે સિજદો કરવાથી ઈન્કાર કર્યો અને અભિમાન કર્યું.'**

**આસારે હૈદરી** પાના નં. ૧૯૨માં ઈમામ ઝયનુલ આબેદીન(અ.)થી રિવાયત છે કે હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું કે જ્યારે અલ્લાહે પંજેતન પાકના પૂતળાઓને આદમની પીઠમાં નાખ્યાં તો તેમણે અમારા નૂરને જોયાં પરંતુ પૂતળાં દેખાયાં નહીં તો આદમે અલ્લાહ આગળ તેમને જોવાની ઈચ્છા દર્શાવી. અલ્લાહે હુકમ કર્યો કે હે આદમ ! અર્શ તરફ નજર કરો. તે પૂતળાંનાં નૂર આદમની પીઠમાંથી અર્શ પર પડ્યાં અને તેનું પ્રતિબિંબ હઝરત આદમે જોયું, જેવી રીતે કે અરિસામાં દેખાય છે. પછી અલ્લાહ હઝરત આદમ(અ.)ને ઓળખાણ આપતાં ફરમાવે છે કે આ એ વ્યક્તિઓનાં પ્રતિબિંબો છે કે જે મારી પેદા કરેલી વસ્તુથી શ્રેષ્ઠ છે. આ **મોહંમદ** છે, હું **મેહમૂદ** છું. મેં એમનું નામ મારા નામમાંથી લીધું છે. આ **અલી** છે, હું **અલીએ અઝીમ** છું તેમનું નામ પણ મારા નામમાંથી લીધું છે. હું **ફાતિરૂસ્માવાત વલ્અર્ઝ** છું અને આ **ફાતેમા** છે જેનું નામ મારા નામમાંથી છે. આ **હસન** અને આ **હુસૈન** છે અને હું **મોહસિન** અને **મુજમીલ** છું તેમનાં નામ પણ મારા નામમાંથી છે.

આથી આપણને જાણવા મળ્યું કે અલ્લાહે પોતાના નામમાંથી જ પંજેતન પાકનાં નામ રાખ્યાં છે. અલ્લાહનાં નામ એ તે છે કે જે તેના ગુણો (સિફતો) છે. અલ્લાહ માફ કરવાવાળો છે તો તેનું નામ ગફ્ફાર છે, શક્તિશાળી છે તો કાદિર છે, દયાળુ છે તો રહીમ છે. હવે અલ્લાહ પોતે નામ રાખે અને આપણે નામ રાખીએ તેમાં ઘણો જ ફેર છે.

આપણે આપણા બાળકનું નામ પાડ્યું સિદ્દિકભાઈ, સિદ્દિક એટલે સાચો પંરતુ આગળ જતાં જૂઠાઓનો સરદાર પણ નીકળી શકે છે. જ્યારે અલ્લાહ નામ પાડશે તો લાયકાત પ્રમાણે નામ રાખશે. અલ્લાહે પંજેતને પાકનાં નામ રાખ્યાં એનો

અર્થ એ થયો કે જે અલ્લાહના ગુણો છે તે જ પંજેતન પાકના ગુણો છે. પંજેતન પાક અલ્લાહના નૂરથી છે તો એનો અર્થ એ થયો કે પંજેતન પાક અલ્લાહના નૂરથી અને ગુણથી જુદા નથી.

- જે અલ્લાહનું નૂર તે પંજેતન પાકનું નૂર.
- જે અલ્લાહનો ગુણ તે પંજેતન પાકનો ગુણ.
- જે અલ્લાહનો સ્વભાવ તે પંજેતન પાકનો સ્વભાવ.
- જે વાતથી અલ્લાહ નારાજ તે જ વાતથી પંજેતન પાક નારાજ.
- જે વાત અલ્લાહને પસંદ તે જ વાત પંજેતન પાકને પસંદ.

આનાથી ઉલ્ટું પણ કહી શકીએ કે -

- જે વાતથી પંજેતનપાક નારાજ તે જ વાતથી અલ્લાહ પણ નારાજ.
- જે વાત પંજેતન પાકને પસંદ તે જ વાત અલ્લાહને પસંદ.

હઝરત રસૂલે ખુદા(સ.)ની હદીસ છે **'અવ્વલોના મોહંમદ, ઔસતોના મોહંમદ, આખેરોના મોહંમદ વ કુલ્લોના મોહંમદ'** એટલે કે પહેલા ઈમામથી બારમા ઈમામ સુધી બધા જ મોહંમદ છે. રસૂલ(સ.) અને ઈમામમાં ફેર નથી. તેનો અર્થ એ થયો કે ૧૪ માઅસૂમીન(અ.) અલ્લાહથી ન તો નૂરમાં જુદા છે કે ન ગુણમાં જુદા છે.

અલ્લાહના ખલીફા આદમ(અ.) પયગમ્બર તો બારમા ઈમામ પણ હાદી છે. બારમા ઈમામનો જમાનો ગયબતનો છે. પરંતુ તેમણે પણ પોતાના જમાનામાં નાયબોથી હિદાયત કરી.

અલ્લાહના પ્રતિનિધિ પયગમ્બર.

બારમા ઈમામના પ્રતિનિધિ પીર.

અલ્લાહે પોતાના ખલીફા હઝરત આદમ(અ.)ની પીઠમાં પંજેતનનું નૂર મૂક્યું. બતાવી આપ્યું કે મારો ખલીફા પંજેતનથી જોડાયેલો હોય છે, જુદો હોતો નથી. તો બારમા ઈમામ પણ તેને જ પોતાનો પ્રતિનિધિ (પીર) બનાવશે કે જે પંજેતની હશે, પંજેતનથી જુદો હશે તેને પસંદ નહીં કરે. અલ્લાહે ફરિશ્તાઓથી ફરમાવ્યું કે જ્યારે હું માટીમાંથી બનાવેલા પૂતળામાં રૂહ ફૂંકું તો તમે સિજદો કરજો. એનો અર્થ એ કે આદમ(અ.)ને અલ્લાહે તૈયાર કર્યા ત્યારથી જ તો તાઝીમને લાયક હતા, ખલીફા હતા. ફરિશ્તાઓ કહેવા લાગ્યા કે આને શા માટે પ્રતિનિધિ બનાવે છે ? અમારામાંથી બનાવ કે અમે તારી હમ્દ સાથે તસ્બીહ કરીએ છીએ અને તને પવિત્રતાથી યાદ કરીએ છીએ. ફરિશ્તાઓની આ વાતથી અલ્લાહે હઝરત આદમને દરેક વસ્તુના નામનું જ્ઞાન આપી કહ્યું કે હે ફરિશ્તાઓ ! જો તમે સાચા હો તો આ વસ્તુનાં નામ જણાવો. એનો અર્થ એ થયો કે હોદ્દો પહેલાં આપ્યો અને જ્ઞાન પછી આપ્યું.

એવી જ રીતે બારમા ઈમામના પ્રતિનિધિ પીર વિશે પણ જ્યારે ફરિશ્તા જેવા મુરીદો વિચારે છે કે આને શા માટે પીર બનાવ્યો ? એના કરતાં અમે વધારે ઈબાદતગુઝાર છીએ. અમારામાંથી પીર બનાવ્યો હોત તો સારું. ત્યારે પીરથી એવી વસ્તુ જાહેર થાય છે કે જેથી મુરીદોને લાગે છે પીર અમારાથી મહાન છે.

અલ્લાહ તરફથી મળતો હોદ્દો પહેલાં મળે છે અને પછી જ્ઞાન (ઈલ્મ) મળે છે. જ્યારે દુનિયામાં પહેલાં જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ વકીલ, જજ, ડૉક્ટર જેવા હોદ્દાઓ મળે છે.

અલ્લાહના પ્રતિનિધિ હઝરત આદમ(અ.)ને જન્નતમાં શેતાને ભૂલ કરાવી, તો ઈમામના પ્રતિનિધિ પીરથી દુનિયામાં શેતાન ગુનાહ કરાવે તો તેમાં કંઈ નવાઈ નથી.

હઝરત આદમ(અ.)એ જન્નતમાં ભૂલ કરી, તો અલ્લાહે એમને જન્નતમાંથી દુનિયામાં મોકલ્યા. હઝરત આદમે ભૂલ કરી નહોતી ત્યારે પણ

અલ્લાહના ખલીફા હતા, ભૂલ કર્યા પછી પણ અલ્લાહના ખલીફા રહ્યા. જન્નતમાં પણ ખલીફા અને દુનિયામાં પણ ખલીફા. ખલીફામાંથી કેન્સલ કર્યા નથી.

પીરથી ગુનાહ થઈ જાય તો પણ પીર અને ન થાય તો પણ પીર. ગુનાહ કરવાથી પીરમાંથી કેન્સલ નહીં કરવામાં આવે. પીર ગુનાહ ન કરે તો તેનું જીવન શાંતિમય હોય અને જો તેનાથી ગુનાહ થઈ જાય તો તેનું જીવન બેચેનીભર્યું હોય, જાણે જન્નતમાંથી દુનિયામાં આવ્યો.

પીર ગાદી પર બેસે ત્યારે જ તે મુરીદો માટે તાઝીમને પાત્ર છે તેવું નથી પણ પીર જન્મે ત્યારથી જ તાઝીમને પાત્ર અને દરેક અવસ્થામાં તાઝીમને પાત્ર છે.

હઝરત આદમ(અ.) એટલા માટે ફરિશ્તાઓ માટે તાઝીમને લાયક ઠર્યા કેમકે અલ્લાહે તેમની પીઠમાં પંજેતનનું નૂર મૂક્યું હતું. પીર પણ મુરીદો માટે તાઝીમને લાયક એટલા માટે છે કે તે પંજેતન પાકથી રૂહાની રીતે જોડાયેલ છે.

શયતાને હઝરત આદમ(અ.)થી ભૂલ કરાવી પરંતુ તે પંજેતન પાકથી જુદા કરાવી શક્યો નહીં અને અલ્લાહે તેમની ભૂલ પંજેતન પાકના વસીલાથી માફ કરી.

શયતાન પીરથી ગુનાહ કરાવી શકે પરંતુ તે પંજેતન પાકથી જુદા ન કરાવી શકે કારણ કે તે કુદરતી રીતે પંજેતન પાકથી જોડાયેલા હોય છે. માટે તે ગુનેહગાર થઈ શકે, પરંતુ ગુમરાહ ન થઈ શકે.

હઝરત આદમ(અ.) બધા જ પયગમ્બરોના બાપ છે. આદમને પંજેતનપાકથી અલ્લાહે જોડ્યા છે અને તેમને પંજેતન પાકના નૂરનું વાસણ બનાવ્યું છે. આનો અર્થ એ કે આદમ(અ.)ની જગ્યાએ જે જે પયગમ્બર આવશે તે પંજેતનપાકને ઓળખતા જ હશે અને દરેક પયગમ્બરનું કામ પોતાના જમાના પછી આવનાર પંજેતન પાકને પોતાના જમાનાની ઉમ્મતને ઓળખ કરાવવી.

એવી જ રીતે પીરનું કામ પણ એ જ છે કે દરેક પીર પોત પોતાના જમાનાની કોમને પોતાની આગળના જમાનામાં થઈ ગયેલા પંજેતનને ઓળખાવવા.

જો પયગમ્બર પોતાના જમાના પછી આવનાર સમયમાં થનાર પંજેતનને ન ઓળખાવે તો તેણે અલ્લાહનું કંઈ જ કામ કર્યું નથી. એવી રીતે પીર પણ પોતાના જમાનાના મુરીદોને પંજેતનને ન ઓળખાવે તો તેણે જાણે કે હિદાયતનું કાંઈ કામ જ કર્યું નથી. *

**ઈસ્લામી કવીઝ નં. ૧૧૪ના જવાબો**

(૧) જન્નતના વૃક્ષનું (૨) સહીફએ કામેલા (૩) નમાઝે ઈસ્તિસ્કા (૪) કમર દર અકરબ (૫) સૂરએ તૌબા (૬) ઈકરા (૭) શોઅબે અબુતાલિબમાં (૮) ધુમાડા વગરની આગમાંથી

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

# કુરઆની દુઆઓ

3

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

رَبَّنَا لَا تُزِغۡ قُلُوۡبَنَا بَعۡدَ اِذۡ هَدَيۡتَنَا وَهَبۡ لَنَا مِنۡ لَّدُنۡكَ رَحۡمَةً ۚ اِنَّكَ اَنۡتَ الۡوَهَّابُ ۞٨

**રબ્બના લા તોઝિગ્ કોલૂબના બઅ્દ ઈઝ્ હદૈતના વ હબ્લના મિન્ લદુન્ક રહમત ઈન્નક અન્તલ્ વહ્હાબ.**

(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૮)

અર્થ : અય અમારા પરવરદિગાર! અમને સન્માર્ગે દોર્યા પછી અમારા અંતઃકરણોને આડે માર્ગે જવા દેતો નહીં અને અમને તારી પાસેથી રહેમત અર્પણ કર, બેશક તું સૌથી મોટો (રહેમત) અર્પણ કરનાર છે.

# કેન્સર વિશે સામાન્ય માહિતી

પુરૂષો તથા સ્ત્રીઓમાં મોંનું તથા ગળાનું કેન્સર, સ્ત્રીઓમાં સ્તન તથા ગર્ભાશયના મુખના કેન્સરના વહેલા નિદાન માટે નીચેની બાબતોની કાળજી લેવી જોઈએ.

(૧) મોંની જાત તપાસ તથા સ્તનની જાત તપાસ નિયમિત કરવી.
(૨) ડૉક્ટર દ્વારા મોં અને સ્તનની તપાસ કરાવવી.
(૩) દરેક પરિણિત સ્ત્રીએ ૩૦ વર્ષ બાદ દર વર્ષે ડૉક્ટર દ્વારા ગર્ભાશયના મુખની તપાસ માટે પેપ-ટેસ્ટ / વિલી(આયોડિન) ટેસ્ટ કરાવવો.

**ગાંઠના પ્રકારો :**

દરેક ગાંઠ કેન્સરની નથી હોતી પરંતુ તેની દાકતરી તપાસ કરાવવી હિતાવહ છે. સામાન્ય રીતે શરીરમાં થતી ગાંઠ નીચે પ્રમાણે જોવા મળે છે.

**(૧) ચરબીની ગાંઠ(સરોળી) :** સાદી ગાંઠ ચરબીની હોય છે આ પ્રકારની ગાંઠની વૃધ્ધિ ખૂબ જ ધીમી હોય છે. સામાન્ય રીતે આ પ્રકારની ગાંઠ શરીરમાં જરૂરી ક્રિયાઓમાં અવરોધક બનતી હોય તો તેને ઓપરેશન વડે કઢાવી નાખવી હિતાવહ છે.

**(૨) ટી.બી.ની ગાંઠ :** ટી.બી.ની ગાંઠ મોટા ભાગે ગળામાં જોવા મળે છે. આજના વૈજ્ઞાનિક યુગમાં યોગ્ય તબીબી સારવાર વડે સંપૂર્ણ મટાડી શકાય છે.

**(૩) ગોઈટરની ગાંઠ :** ગોઈટરની ગાંઠ શરીરમાં આયોડિનની ઉણપને લીધે થાય છે. આવી ગાંઠ ગળામાં થઈ શકે છે. યોગ્ય સારવાર અથવા ઓપરેશન વડે દૂર કરીને આવી ગાંઠ મટાડી શકાય છે.

**(૪) કેન્સરની ગાંઠ :** કેન્સરની ગાંઠ શરીરના કોઈ પણ ભાગમાં થઈ શકે છે. જો કે કેન્સરના દરેક પ્રકારમાં ગોઠ નથી હોતી. દા.ત. લોહીના કેન્સરમાં કોઈ પણ પ્રકારની ગાંઠ જણાતી નથી.

- કેન્સરની ગાંઠ ઝેરી પ્રકારની હોય છે.
- કેન્સરની ગાંઠ ખૂબ જ ઝડપી વધે છે.
- તે આજુબાજુની માંસ પેશીઓમાં નુકસાન કે દુઃખાવો પેદા કરી શકે છે.
- કેન્સરનાં વિકૃત પામેલા 'ઝેરી' કોષ ગાંઠમાંથી છૂટા પડી લોહી કે લસિકાગ્રંથી વડે શરીરના અન્ય ભાગોમાં પ્રસરી શકે છે અને ત્યાં પણ કેન્સરની ગાંઠ થઈ શકે છે.

**નિદાન :**

કેન્સરના નિદાન માટે શરૂઆતમાં દાકતરી તપાસ જરૂરી છે. નીચે દર્શાવેલ નિદાન પધ્ધતિઓ દ્વારા કેન્સરનો પ્રકાર અને તબક્કો તેમજ સારવાર પધ્ધતિ નક્કી કરી શકાય છે.

(૧) ચિત્રણ *(Imaging)*વાળી પધ્ધતિ : એક્સ-રે, અલ્ટ્રા-સોનોગ્રાફી, બેરીયમ એક્સ-રે, મેમોગ્રાફી(સ્તન એક્સ-રે), સી.ટી. સ્કેન, એમ.આર.આઈ.
(૨) દૂરબીનથી તપાસ (એન્ડોસ્કોપી)
(૩) ગોઠના ટુકડાની તપાસ(બાયોપ્સી)
(૪) કોષવિદ્યા (સાયટોલોજી) સોય દ્વારા ગાંઠમાંથી પ્રવાહી કાઢી તેની તપાસ (એફ. એન. એસ. સી.), યોનિમાર્ગમાંથી નીકળતા પ્રવાહીની તપાસ(પેપ ટેસ્ટ)
(૫) લોહીની તપાસ

**સારવાર :**

કેન્સરની સારવાર મુખ્યત્વે ત્રણ પધ્ધતિઓથી થાય છે. દાકતરી તપાસ, સચોટ નિદાન અને કેન્સરનો તબક્કો નક્કી કર્યા બાદ ઉપર દર્શાવેલ એક અથવા વધુ પધ્ધતિઓથી સારવાર આપવામાં આવે છે.

**(૧) શસ્ત્રક્રિયા :** આ પધ્ધતિમાં કેન્સર થયેલા ભાગને કાઢી નાખવામાં આવે છે.

**(૨) વિકિરણો સારવાર(રેડિયોથેરાપી) :** આ પધ્ધતિમાં કેન્સર થયેલા ભાગને વિકિરણોની મદદથી બાળી મૂકવામાં આવે છે.

**(૩) દવાઓની સારવાર(કેમોથેરાપી) :** આ જાતની સારવારમાં દવાઓ આપવામાં આવે છે. કેન્સરની સારવારમાં હાલમાં ઘણી અસરકારક દવાઓ ઉપલબ્ધ છે.

જો કેન્સરનું નિદાન રોગના શરૂઆતના તબક્કામાં જ કરી લેવામાં આવે અને યોગ્ય દાકતરી સારવાર લેવામાં આવે તો કેન્સરને સંપૂર્ણપણે કાબૂમાં લઈ શકાય છે અને દર્દી સંપૂર્ણ સાજો થઈ શકે છે. પરંતુ નિદાન અને સારવારમાં વિલંબ દર્દીનું મૃત્યુ નિપજાવી શકે છે. *- મોમિન મેડિકલ સહાય યોજના*

*નિષ્ણાત ડૉક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના અધારે*

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૫**

*અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.*
*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*
*અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)*

અરફાના દિવસે અરફાતના મેદાનમાં ઈમામ હુસૈન(અ.)એ આપેલો ખુત્બો છે. આ ખુત્બો અલ્લાહને સંબોધન ધરાવે છે માટે આ એક દુઆ છે અને મોટો છે માટે હું ઈન્શા અલ્લાહ ચૌદ મજલિસોમાં થોડોક વાંચીને તમને સંભળાવતો રહીશ. બીજું એ કે આ ખુત્બામાં માણસ આલમે અરવાહથી લઈને, જન્મથી લઈને, બાળપણથી લઈને, યુવાનીથી લઈને ઘડપણ સુધી, મોત સુધી, પછી આખેરત સુધી કઈ કઈ જગ્યાએ અલ્લાહે માણસ ઉપર કયા કયા અહેસાન કર્યા છે તે ઈમામ હુસૈન(અ.)એ વર્ણવ્યા છે. તો આપણે અલ્લાહનો શુકર અદા કરતાં ક્યાં ક્યાં ચૂકી જઈએ છીએ એ આપણને ખ્યાલ આવે અને એક મુસલમાને આજના જમાનામાં ઈસ્લામ જાહેર થઈ ગયા પછી ચૌદસો વર્ષ પહેલાંથી લઈને આજના જમાના સુધી અલ્લાહથી શુકર અદા કરવા માટે કેવી દુઆ માગવી જોઈએ તે આપણને આ ખુત્બો સૂચવે છે.

**તમામ તારીફેં ઉસ ખુદા સે મખ્સૂસ હૈ જીસકે ફૈસલે કો કોઈ ટાલ નહીં સકતા.** બધી પ્રશંસા અલ્લાહ માટે જ છે અલ્લાહ એવો છે કે જેના ફૈસલાને, જેના નિર્ણયને કોઈ ટાળી શકતું નથી. **ઔર ઉસકી અતાઓ બક્ષિશ કો કોઈ રોક નહીં નહીં સકતા.** અને અલ્લાહ જેને આપવાનું વિચારી લે તો પછી કોઈની મજાલ નથી કે અલ્લાહના ઈનામ અને ઈકરામને કોઈ માણસ સુધી પહોંચતાં કોઈ રોકી લે. **ઔર કોઈ બનાનેવાલા ઉસ જૈસી ચીઝેં નહીં બના સકતા.** અલ્લાહનું સર્જન એવું સર્જન છે કે બીજું કોઈ એવું સર્જન કરી ના શકે. દુન્યવી લોકો દુન્યવી સર્જન કરી શકે પરંતુ અલ્લાહ જેવા મહાન સર્જનહારનાં સર્જનો તો જુદાં જ છે. **વો સખી હૈ.** અલ્લાહ સખાવત કરનારો છે. **વુસ્અત અતા કરનેવાલા હૈ.** વિસ્તાર આપનારો છે. **ઉસને અજીબો ગરીબ મખ્લૂકાત કો પૈદા કીયા.** અલ્લાહે આશ્ચર્યચકિત કરી દે એવાં સર્જનો પેદા કર્યાં છે. **ઔર અપની હિકમત સે અપની મસ્નૂઆત કો મોહકમ કીયા.** અને પોતાની હિકમત વડે, અલ્લાહની પોતાની જે વિશિષ્ટ બુધ્ધિ છે તેનાથી અલ્લાહે તેનાં સર્જનોને સંપૂર્ણ કર્યાં. **ઝાહિર હોનેવાલી ચીઝેં ઉસસે મખ્ફી નહીં રહેતી.** જે વસ્તુ જાહેર થનારી છે તે અલ્લાહથી છૂપી રહેતી નથી. **ઔર અમાનતેં ઉસકે પાસ ઝાએઅ નહીં હોતી.** અમાનતો, આપણાં નેક કાર્યો અલ્લાહ પાસે આપણી અમાનતો છે. આપણે જે પણ દુનિયામાં એવાં કાર્યો કરીને જઈએ કે જેનાથી અલ્લાહના સર્જનોને ફાયદો થાય તો એ બધાં કાર્યો આપણી અમાનત અલ્લાહ પાસે છે અને અલ્લાહ એ અમાનતોનો બદલો આપણને એટલીને એટલી જ માત્રામાં અથવા એના કરતાં વધારે માત્રામાં આપવાનો જ છે, આ વાત નક્કી છે. **વો હર અમલ કરનેવાલેકો જઝા દેનેવાલા** નેક કાર્ય કરનારને તેનું ઈનામ આપનારો અલ્લાહ છે. **હર કિનાઅત કરનેવાલે કો મુશ્તગ્ની બનાનેવાલા.** દરેક સંતોષીને દોલતમંદ બનાવી દેનારો પણ અલ્લાહ જ છે. **હર નાલઓ ફર્યાદ કરનેવાલે પર રહેમ કરનેવાલા** જે પણ દુઃખનો માર્યો

અલ્લાહને પોકારે, અલ્લાહ તેના ઉપર રહેમ કરે જ છે. **ઔર મુન્ફઅતોંકી બારિશ કરનેવાલા હૈ.** નફા, ફાયદા, નેઅમતો, આનો વરસાદ કરનારો અલ્લાહ જ છે. **જીસને રોશન નૂર કે સાથ જામે કિતાબ(કુરઆન)કો નાઝિલ કી હૈ.** અલ્લાહ એ છે કે જેણે કુરઆનને રોશન નૂરની સાથે નાઝિલ કર્યું છે.

**દુઆઓં કા સુનનેવાલા** અલ્લાહ દુઆનો સાંભળનારો છે. **કર્બો અલમ કો દૂર કરનેવાલા હૈ.** દુઃખદર્દને દૂર કરવાવાળો છે. **દર્જાત કો બઢાનેવાલા.** લોકોના મરતબા વધારવાવાળો છે. **ઔર સિતમગરોં ઔર ઝાલિમોંકા કિલ્આ કમ્અ કરનેવાલા હૈ.** અને જાલિમ લોકોને પરાસ્ત કરનારો છે. **ઉસકે અલાવા કોઈ ખુદા નહીં ઔર કોઈ શય ઉસકા બદલ નહીં હો સકતી.** અલ્લાહ સિવાય કોઈ ખુદા છે જ નહીં અને કોઈ પણ વસ્તુ અલ્લાહના બદલામાં તેની જગ્યાએ મૂકી શકાતી જ નથી.

ઈમામ હુસૈન(અ.) કુરઆન શરીફની આયત તિલાવત ફરમાવે છે. **લૈસ કમિસ્લેહી શૈઉન વહોવસ્સ સમીઉલ બસીર.** (સૂરએ શૂરા, આયત-૧૧) પછી **અલ લતીફુલ ખબીર.** અલ્લાહના અસ્માએ હુસ્નામાંથી છે. પછી **વહોવ અલા કુલ્લે શૈઈન કદીર.** (સૂરએ આલે ઈમરાન, આયત-૧૨૦) આ ત્રણેય આયતોનો તરજુમો છે. **ઉસ જૈસી કોઈ ચીઝ નહીં વો સુનનેવાલા ઔર દેખનેવાલા હૈ.** અલ્લાહ જેવી કોઈ વસ્તુ છે જ નહીં. તે સાંભળવાવાળો અને જોનારો છે. **અલ લતીફુર ખબીર.** લોકોને વહાલ કરનારો અને લોકોની ખબર અંતર પૂછનારો. ખબર રાખનારો **અલ લતીફુર ખબીર**નો તરજુમો એવો થાય. **વહોવ અલા કુલ્લે શૈઈન કદીર. વો હર ચીઝ સે બાખબર હૈ ઔર વો હર ચીઝ પર કાદિર હૈ.** અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે. દરેક વસ્તુ કરવા માટે સક્ષમ છે.

**અય ખુદા ! મૈં તેરી તરફ મુતવજ્જે હૂં.** ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે કે યા અલ્લાહ ! મારું ધ્યાન તારી તરફ છે. **ઔર તેરે માઅબૂદ હોનેકી ગવાહી દેતા હૂં.** હું સાક્ષી પૂરું છું, હું ગવાહી આપું છું કે તું જ માઅબૂદ છે, ઈબાદત કરવાને લાયક છે. **ઈસ એતિરાફ કે સાથ કે તૂ હી મેરા પરવરદિગાર હૈ.** હું સ્વીકારું છું કે તું જ મારો પરવરદિગાર, મારો પાલનહાર છે. **ઔર મેરી બાઝગશ્ત તેરી હી જાનિબ હૈ.** અને હું પાછો વળવાનો છું જ્યારે સમય આવશે ત્યારે તારી જ તરફ પાછો વળવાનો છું. **તૂને મુઝે અપની નેઅમતોં સે ઉસ વક્ત નવાઝા જબ મેરા નામો નિશાન તક ન થા.** જ્યારે હું હતો જ નહીં ત્યારે પણ તેં મને તારી નેઅમતો આપેલી છે. **ઉસકે બાદ તૂને મુઝે ખાક સે પૈદા કીયા.** તે પછી તેં મને માટીથી પેદા કર્યો. **ફિર સૂલ્બોંમેં ઈસ તરહ રખ્ખા કે હવાદિસે રોઝગાર ઔર ઝમાના કે તગય્યુર, તબદુલ સે મહેફૂઝ રેહ સકું.** અને પેઢી દર પેઢી મારા અસ્તિત્વને તેં એવી રીતે જાળવી રાખ્યું કે હું જમાનાના ફેરફાર અને એમાં આવતી નુકસાન કરનારી જે વસ્તુઓ છે, તેનાથી સુરક્ષિત રહી શકું. **મૈં ગુઝિશ્તા સદીઓં મેં હર આનેવાલે દૌર મેં હમેશાં બાપ કે સુલ્બ સે રહ્મે માદર મેં મુન્તકિલ હોતા રહા.** અને પેઢી દર પેઢી સદીઓ સુધી હું એક પેઢીથી બીજી પેઢીમાં આવી રીતે આગળ વધતો રહ્યો. **ઔર ચૂં કિ તેરા લુત્ફો કરમ ઔર એહસાન મેરે શામિલે હાલ થા, લેહાઝા તૂને મુઝે ઉન કાફિરોં કે દૌરે હુકૂમતમેં દુનિયામેં નહીં ભેજા જીન્હોંને તેરે એહકામકી ખિલાફવર્ઝી કી, તેરે અહદો પયમાનકો તોડા ઔર તેરે પયગમ્બરોંકો ઝુટલાયા.** એટલે કે આ પણ તારો સૌથી મોટો અહેસાન છે, મારા ઉપર કે રસૂલિલ્લાહની **બેઅસત** પછી રસૂલિલ્લાહે એલાને નબુવ્વત કરી દીધું એ પછી તેં મને જન્મ

આપ્યો. જો તું ઈચ્છત તો આ સમય પહેલાં મને જન્મ આપી દેત અને ત્યારે મને ઈસ્લામનું માર્ગદર્શન આપનાર કોઈ હોત જ નહીં અને હું પણ, અલ્લાહની કુદરત સામે સરકશી કરી બેઠા હતા એવા ફિરઔન, નમરૂદ જેવા બાદશાહોમાંનો એક અથવા તો તેમને માનનારાઓમાંનો એક થઈ જાત અને ગુમરાહ થઈ જાત. યા અલ્લાહ ! આ તારો અહેસાન છે કે તેં મને કુરઆનના નાઝિલ થયા પછી અને રસૂલિલ્લાહ(સ.)ને મોકલી દીધા પછી દુનિયામાં મોકલ્યો છે. મુસલમાન માટે સૌથી મોટો અહેસાન અલ્લાહનો આ જ છે અને સૌથી મોટો શુકર મુસલમાન માટે આનાથી વધારે શું હોઈ શકે ?

**બલ્કે તૂને મુઝે પહેલે સે તયશુદા હિદાયત કે ઝમાનેમેં પયદા કીયા.** તારો અહેસાન છે કે તેં મને પહેલાંથી નક્કી કરેલા હિદાયતના જમાનામાં પેદા કર્યો. **ઉસ દૌરમેં જીસમેં મેરે લીયે આસાની થી.** મારા માટે મારા મઝહબ પર ચાલવું સહેલું હતું એ સમયે તેં મને જન્મ આપ્યો. **ઈસ મેં તૂને મુઝે વજૂદ અતા કીયા ઈસ સાબિકા મહેરબાની ઔર નવાઝિશકી વજહ સે જો તેરી જાનિબસે હમેશાં મુઝ પર રહી હૈ.** અલ્લાહે આ નક્કી કરી દીધેલું છે. સદીઓ પહેલાં, બલ્કે સદીઓથી સદીઓ પહેલાં કે જ્યારે આપણે આલમે અરવાહમાં મૌજુદ હતા. દુનિયા પણ નહોતી ફક્ત લોકોની રૂહો મૌજુદ હતી અને અલ્લાહ હતો ત્યારે નક્કી કરી દીધું છે કે આપણે ૨૧મી સદીમાં જીવતા હોઈશું. તો આ પણ અલ્લાહનો અહેસાન છે કે એણે આવા યોગ્ય જમાનામાં આપણને જન્મ આપ્યો છે. **ઔર ઈસસે પહેલે અપની બેહતરીન કારીગરી ઔર બેઈન્તેહા નેઅમતોંસે મુઝ પર મહેરબાની કી.** અને જન્મ પહેલાં પણ અલ્લાહની સર્વશ્રેષ્ઠ કારીગરી અને ઘણી બધી નેઅમતોની સાથે. કારીગરી એટલે આપણે જેવા મોટા થવાના છીએ એ પણ જન્મ પહેલાં જ નક્કી કરી દે છે અલ્લાહ. બીજું એ કે આપણામાં બુધ્ધિ કેટલી છે ? એ પણ જન્મ પહેલાં જ નક્કી થઈ જાય છે. આ બધા અહેસાનો અલ્લાહ આપણને જન્મ પહેલાં જ આપી દે છે તો આપણે જીવનમાં એમને ભોગવી શકીએ છીએ. **ઔર મામૂલી કતરે સે મેરી તખ્લીકકા આગાઝ કીયા.** તેણે એક પાણીના બુંદથી મારું સર્જન કર્યુ. **ઔર મુઝે તીન તરહકી તારીકીયાં** ત્રણ પ્રકારના અંધકારમાંથી તેં મને જન્મ આપ્યો. **ખૂન, ગોશ્ત ઔર પોસ્ત કે દરમિયાન ઠહેરાયા.** એક અંધકાર લોહી, બીજો અંધકાર માંસ, ત્રીજો અંધકાર ચામડી. આ ત્રણેય વચ્ચે માણસનું અસ્તિત્વ છે અને આ પણ અલ્લાહનો અહેસાન છે. **ન મુઝે ખિલ્કત કે રાઝસે આગાહ કીયા** અને તે સમયે કઈ રીતે અલ્લાહ મારું સર્જન કરશે એની મને ખબર પડવા દીધી જ નહીં. જો મારા પર છોડ્યું હોત, અલ્લાહે આપણા પર છોડ્યું હોત તો ભૂલ કરવાના જ હતા જેમ આજે કરીએ છીએ તેમ, તે સમયે પણ કરતા હોત. પણ અલ્લાહે બધું પોતાના હાથમાં રાખ્યું અને આપણને સુરક્ષિત રીતે જન્મ આપ્યો. **ઔર ન હી મેરે અપને કીસી અમ્રકો મુઝ પર છોડા.** મારા નિર્ણયો મારા પર છોડ્યા નહીં. અલ્લાહે પાતાના હાથ પર લઈ લીધા. **ફિર મેરે લીયે પહેલે સે તયશુદા ઝમાનએ હિદાયતમેં કમાલે સેહતો સલામતી કે સાથ દુન્યામેં ભેજા.** અને નક્કી કરેલા જમાનામાં મને દુનિયામાં મોકલ્યો. **જબ મૈં મહઝ બચ્ચા થા તો ગહવારેમેં મેરી હિફાઝત કી.** હું નાનપણમાં જ્યારે પારણામાં સૂતો હતો ત્યારે મારી સુરક્ષા કરનારો પણ તું જ હતો. **ઔર દૂધ જૈસી મુનાસિબ ગિઝાકા મેરે લીયે ઈન્તેઝામ ફરમાયા.** અને બાળક માટે સર્વશ્રેષ્ઠ ખોરાક જે છે તેવા દૂધ સાથે. દૂધનો પ્રબંધ મારા માટે કરી નાખ્યો. **ઔર હિફાઝત**

**કે જઝબે સે મામૂર દિલોં**(મા-બાપ)**કો મેરી તરફ ઝુકા દીયા.** અને બે સુરક્ષા કરનારાં દિલ, કોનાં દિલ ? માનું દિલ અને બાપનું દિલ. બે સુરક્ષા કરનારા દિલોને મારી તરફ વાળી દીધાં છે. **ઔર રહમ કરનેવાલી માઓંકો મેરા કફીલ વ મુરબ્બી કરાર દીયા.** અને રહેમતથી ભરપૂર, રહેમ કરનારી એવી માતાઓને મારો કફીલ એટલે કે ગાર્ડીયન *(Guardian)* સંભાળ રાખનાર અને મુરબ્બી એટલે કે વડીલ નક્કી કરી માતાઓને મારા માટે. **મુઝે જિનોંકી શરારત સે મહેફૂઝ રખ્ખા.** અને આવા નાનપણમાં જ્યારે હું જિન્નાતો જેવી મખ્લૂકથી, તેમના નુકસાનથી પીડાઈ શકતો હતો ત્યારે તેં મારી સુરક્ષા કરી. જિન્નાતમાં બધી વસ્તુઓ આવી ગઈ. જે નજરોથી નથી દેખાતી તે બધી વસ્તુ જિન્નાત. જેને સાયન્સ સમજે છે, તે પણ જિન્નાત છે, જેને નથી સમજતું એ પણ જિન્નાત છે. તો હદીસોમાં કેટલીક વાર માઈક્રો ઓર્ગેનિઝમ *(micro organism)* બેક્ટેરિયા, વાયરસ હોય તેમને પણ જિન્નાત તરીકે ઓળખવામાં આવ્યા છે અને કેટલીક વાર એનો જે કુરઆનમાં ઝિકર છે કે જે આગથી બનેલી મખ્લૂક છે તેમને પણ જિન્નાત તરીકે ઓળખવામાં આવ્યા છે. આ બન્ને વસ્તુઓ નાનપણમાં ખાસ કરીને નુકસાન પહોંચાડી શકે છે. ઈન્ફેક્શન *(infection)* તો સાયન્સ સ્વીકારે જ છે ને ? ત્યારે અલ્લાહ આપણને ઈન્ફેક્શનથી પણ બચાવે છે.

**પસ તૂ કીસ કદર બુલંદ હૈ.** અલ્લાહ ! તું કેટલો મહાન છે. **અય રહીમો રહેમાન ! યહાં તક કે મૈં બોલને કે લાયક હો ગયા.** તેં એટલો અહેસાન મારા ઉપર કર્યો કે હું બોલવાના લાયક થઈ ગયો. **ઔર તૂને મેરે ઉપર નેઅમતોંકી બારિશ કર દી.** અને પછી તો તેં મારા ઉપર નેઅમતોનો વરસાદ વરસાવી દીધો. **ઔર હર સાલ મુઝે પહેલે સે બડા કરતા રહા.** દર વર્ષે મને મોટો કરતો રહ્યો. **યહાં તક કે જબ મેરી ફિતરતો ખિલ્કત કામિલ હો ગઈ ઔર મેરી તાકતમેં એઅતેદાલ આ ગયા તબ તૂને અપની હુજ્જત ઈસ તરહ મેરે ઉપર તમામ કી કે મુઝ પર અપની માઅરેફત ઈલ્હામ કર દી.** એટલે સુધી કે હું શારીરિક રીતે મજબૂત થઈ ગયો. મારું શરીર સંપૂર્ણ થઈ ગયું. તે પછી તેં મારા મનમાં તારી માઅરેફતનું ઈલ્હામ કર્યું. **ઔર અપની હિકમત કે અજાયેબ સે મુઝે મબ્હૂત કર દીયા.** અને અલ્લાહની હિકમત કે જે અલ્લાહની અલૌકિક બુધ્ધિ છે તેના ચમત્કારોથી મને આશ્ચર્યચકિત કરી દીધો. **ફિર ઝમીનો આસમાનમેં અપની ખિલ્કત કે કરિશ્મે દિખા કર મુઝે બેદાર કીયા.** પછી ધરતી અને આસમાનમાં તારા સર્જનના ચમત્કારો દેખાડીને મને જાગૃત કર્યો. **મુઝે અપને શુક્ર કી અદાયગી ઔર ઝિક્ર કી અંજામદહી કે તરીકે સે આગાહ કીયા.** તારો શુકર કઈ રીતે અદા કરવો અને તારો ઝિકર કઈ રીતે કરવો તેની રીત તેં મને સમજાવી. **અપની ઈતાઅતો ઈબાદત મેરે ઉપર લાઝિમ કર દી.** અને તારી ઈતાઅત-અનુસરણ અને ઈબાદત મારા ઉપર ફરજ કરી નાખી. **ઔર જો કુછ તેરે રસૂલ લાયે થે વો સબ તૂને મુઝે સમઝાયા.** અને રસૂલિલ્લાહ(સ.) જે કંઈ દુનિયામાં મુસલમાનો માટે લઈને આવ્યા હતા, તે બધી વસ્તુઓ અલ્લાહે મને સમજાવી દીધી.

**અલ્લાહથી દુઆ માગીએ કે અલ્લાહ તેની હમ્દ કરવાની સાચી રીત આપને સમજાવે.**

*(ઈલોલ તલાવ, તા.૨૦-૧૦-૨૦૦૯, મંગળવાર)*

**G. K. Corner Solution 104**

(૧) કાળિયાર (૨) ફતેપુર સિક્રી (૩) મધ્યપ્રદેશ (૪) વેચાણવેરો (૫) ગોવા (૬) ૧૬૦૦ (૭) વડોદરા (૮) આહવા (૯) સુરેન્દ્રનગર (૧૦) ભાવનગર

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)

### તારાઓના પ્રકાશ ઉપર વાતચીત

(ગતાંકનું ચાલુ)

રેડિયો ટેલિસ્કોપ ન કેવળ દૂર સુદૂરના કિરણોને રેકોર્ડ કરે છે બલ્કે અવકાશમાં અસ્તિત્વ ધરાવતા મોલીક્યુલ્સ સુધી પણ તેની પહોંચ હોય છે. અને અત્યાર સુધી આ મહાન કાઈનાતમાં લગભગ ત્રીસ પ્રકારના મોલીક્યુલ્સની શોધ થઈ છે કે જેમનો કેટલોક ભાગ જાણીતા એસીડ અને પ્રોટીનના કાચા માલ તરીકે વપરાય છે. અને સાદી ભાષામાં અમે એમ કહી શકીએ છીએ કે સજીવોના શરીરના કોષોનો કાચો માલ પણ આ જ મોલીક્યુલ્સ છે. આ મોલીક્યુલ્સનું આપણી પૃથ્વી ઉપર અસ્તિત્વ એ વાતને સાબિત કરે છે કે માણસ સહિત બધા સજીવોનું અસ્તિત્વ વૈજ્ઞાનિક નિયમની સાધારણ બાબત છે કોઈ અપવાદરૂપ બાબત નથી.

આજે અમે ખાત્રીપૂર્વક કહી શકીએ છીએ કે શરૂઆતમાં પૃથ્વી પર જીવનનાં કોઈ ચિહ્નો નહોતાં કારણ કે પૃથ્વી એક અત્યંત ગરમ ગ્રહ હતો માટે તેમાં જીવન હોવું અશક્ય બાબત હતી. પરંતુ જેમ જેમ પૃથ્વી ઠંડી પડતી ગઈ અને કાઈનાતમાં મળનારાં જીવાણું પૃથ્વી ઉપર પહોંચવા લાગ્યાં તો તેમનો નાશ થયો નહીં અને તેમની અંદરથી સજીવ કોષ અસ્તિત્વમાં આવ્યા, ખાસ કરીને પાંચ મોલીક્યુલ્સ કે જેમનાં નામ યુરાસિલ **(Uracil)**, ગુઆનીન **(Guanine)**, થાઈમીન **(Thymine)**, એડેનીન **(Adenine)** અને સાઈટોસીન **(Cytosine)** કે જેમના વડે પૃથ્વીમાં જાણીતા એસીડ અને પ્રોટીન બન્યા અને પછી તેમની અંદરથી પ્રાણીઓના કોષો કે જેમાં માણસોના કોષો પણ શામેલ છે તે બન્યા, અને આ વૈજ્ઞાનિક શોધના સંદર્ભમાં અમે રેડિયો ટેલિસ્કોપના આભારી છીએ. આકાશી દૂરબીન વડે જ માણસ આજ સુધી તારાને જોઈ રહ્યો હતો અને તારામાં મળનારા તત્વને શોધી રહ્યો હતો અને આવી રીતે માણસ તારાના તાપમાનને પણ જાણી લેતો હતો.

પરંતુ માણસ આ અસીમ અવકાશમાં અસ્તિત્વ ધરાવતા મોલીક્યુલની જાણકારી પ્રાપ્ત કરી શકતો ન હતો અને આ મોલીક્યુલ જેમનો કેટલોક ભાગ જીવન પેદા કરનાર મોલીક્યુલ પર આધારિત છે તે રેડિયો ટેલિસ્કોપ વડે શોધાઈ ચૂક્યા છે કારણે અમે એ જાણીએ છીએ કે જીવન પૃથ્વી ઉપર કોઈ દુર્લભ વસ્તુ નથી માટે અમે પેલા અન્ય ગ્રહો ઉપર પણ જીવનના અસ્તિત્વની આશા ધરાવી શકીએ છીએ કે જેમની પરિસ્થિતિ પૃથ્વી જેવી છે અને કદાચ તેઓ જીવન ધોરણના આધારે હજારો મિલીયન વર્ષ આપણા કરતાં આગળ હોય એટલા માટે કે એ ગ્રહો કાઈનાતમાં આપણા કરતાં હજારો મિલીયન વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવ્યા છે માટે તેમણે એ બધી મુશ્કેલીઓનો ઉકેલ પણ શોધી લીધો હશે કે જે આપણે

અત્યાર સુધી ઉકેલી શક્યા નથી.

જો કે વધારે સમય જીવિત રહેવું એ જ વધારે જ્ઞાન ધરાવવાની દલીલ નથી કારણ કે માનવજાતિએ લગભગ આ પૃથ્વી ઉપર બે મિલીયન વર્ષ વ્યતીત કર્યાં છે પરંતુ તેના જ્ઞાનની શરૂઆત દસ પંદર હજાર વર્ષ પહેલાં જ થઈ છે. ગમે તેમ પણ આજે એ માટે કે આપણને ખબર છે કે ફક્ત આપણે જ આ કાઈનાતના સાક્ષી નથી અને કદાચ આવા ઘણા અરબ અન્ય ગ્રહો અસ્તિત્વ ધરાવે છે કે જેમની અંદર અગણિત સજીવ અને હોંશિયાર મખ્લૂક જોવામાં આવતી હોય કે જેમના વિજ્ઞાન અને પ્રયોગોથી આપણે ફાયદો ઉઠાવી શકીએ. હાલના જમાનામાં આપણી પાસે રેડિયો ટેલિસ્કોપ જ અન્ય ગ્રહો સાથે સંપર્કનું સર્વશ્રેષ્ઠ માધ્યમ છે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે કેટલાક તારાઓનો પ્રકાશ એટલો બધો વધારે છે કે સૂર્ય તેમની સામે ઝાંખો છે. આજે આપણે આપના ફરમાનનું સમર્થન કરતાં કહી શકીએ છીએ કે આપણો સૂર્ય એ તારાની સામે એક ઓલવાયેલો દીવો છે. આપના વિચાર અને ચિંતનના વિસ્તાર અને ઊંડાણનો અંદાજ એ વાતથી લગાવી શકાય છે કે આપ હિજરી સનની બીજી સદી પહેલાં પચાસ વર્ષ દરમિયાન આ હકીકતને જાણી ચૂક્યા હતા કે જેને આજે આપણે જાણી શક્યા છીએ.

આ ક્વેઝાર કે જેમનામાંથી કેટલાક પૃથ્વી કરતાં નવ હજાર પ્રકાશવર્ષના અંતરે આવેલા છે તે શું એ કાઈનાતની શરૂઆતમાં આવેલા છે? કે કાઈનાતના મધ્યમાં ? કે તેના અંતમાં? આપણો સૂર્ય એ ક્વેઝાર સામે ઓલવાયેલા દીવાના જેવો છે જ્યારે કે સૂર્ય આપણને ચોવીસ કલાક દરમિયાન પૃથ્વી અને અન્ય ગ્રહોને ગરમી અને પ્રકાશ પહોંચાડવા માટે ચારસો અરબ ટન હાઈડ્રોજનને હિલિયમમાં ફેરવે છે અને વધુ દસ અરબ વર્ષ સુધી આ આવી જ રીતે બળતો રહેશે. જ્યારે આપણા સૂર્યની ઉંમર આટલી લાંબી છે તો આપણે અંદાજથી એવું કહી શકીએ છીએ કે એક ક્વેઝારની ઉંમર કેટલી હશે. આપણે એક ઘણા જ સામાન્ય અનુમાનથી એવું કહી શકીએ છીએ કે એ ક્વેઝાર કે જે પૃથ્વી કરતાં નવ હજાર મિલીયન પ્રકાશવર્ષના અંતરે આવેલો છે તેની ઉંમર એક હજાર અરબ વર્ષ કરતાં અધિક છે અને એટલા માટે કે આ કાઈનાતમાં આપણા સૂર્યની જેમ એવા અન્ય સૂરજ પણ અસ્તિત્વ ધરાવે છે જે દસ અરબ વર્ષ પછી ઓલવાઈ જશે તો ન છૂટકે જ્ઞાન અને બુધ્ધિના હુકમને તાબે થઈને અમે એ વાત સ્વીકારીએ છીએ કે આ કાઈનાતમાં ફક્ત આપણી દુનિયા જ નથી બલ્કે અન્ય દુનિયાઓ પણ મોજુદ છે.

જો કે અમારા ખગોળશાસ્ત્રીઓ **(Astronomers)** ની દૃષ્ટિએ કેટલાક સિતારા ઓલવાયા નથી અને ન તો નાબૂદ થયા છે તો ય બે અથવા બે થી વધારે સૂર્યોના વચ્ચેના અંતરે એ વાત સાબિત કરી દીધી છે કે ફક્ત એક જ દુનિયા નથી બલ્કે આપણી દુનિયા સિવાય અન્ય દુનિયાઓ પણ અસ્તિત્વ ધરાવે છે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું દુનિયા ફક્ત એક કે બે નથી પરંતુ અનેક દુનિયાઓ મોજુદ છે. આપનું આ ફરમાન આજે સચોટરીતે સાબિત થઈ ચૂક્યું છે અને આપણા સૂર્યમંડળની જેમ હજારો દુનિયાઓ નાશ પામે છે પરંતુ ક્વેઝાર બાકી રહે છે. ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણ પ્રમાણે આ અનેક દુનિયાઓને બે જૂથોમાં વહેંચી શકાય છે. એકનું


નામ આલમે અકબર અને બીજાનું નામ આલમે અસગર છે. એટલા માટે અમે માનીએ છીએ કે આલમે અકબર અને આલમે અસગર અસ્તિત્વ ધરાવે છે માટે આલમે ઔસત પણ જરૂર અસ્તિત્વ ધરાવતું હશે. પરંતુ ઈમામ જાફર સાદિક(અ.)એ આલમે ઔસતનું નામ જ લીધું નથી પરંતુ માત્ર આલમે અકબર અને આલમે અસગરનું નામ લીધું છે કારણ કે બે આલમોમાં ફક્ત એક આલમ મોટું હશે અને બીજું નાનું હશે. જ્યારે આપને આલમે અકબર અને આલમે અસગરની સંખ્યા વિશે પૂછવામાં આવ્યું તો આપે જવાબ આપ્યો કે અલ્લાહ તઆલા સિવાય કોઈ પણ તેમની સંખ્યા જાણતું નથી અને કોઈ પણ પ્રકારે આલમોની સંખ્યા ગણી શકાતી નથી.

આજનું વિજ્ઞાન ઈમામ જાફર સાદિક(અ.)ના આ ફરમાન સાથે સંમત છે કારણ કે જેમ જેમ ખગોળશાસ્ત્ર પ્રગતિ કરતું જાય છે અને નિષ્ણાતો આકાશગંગા અને સૂર્યની સંખ્યાને વધુને વધુ જાણતા જાય છે તેમ તેમ તેઓ એ વાતને જાણી લે છે કે આકાશગંગા અને સૂર્યની સંખ્યા વિશે કે જે તેઓ પહેલા માનતા હતા તે ખોટું હતું અને કાઈનાતના સૂર્યોની સંખ્યા એના કરતાં ગણી વધારે છે કે જે આર્કિમીડીઝે **(Archimedes)** ઈસવી સન પૂર્વે ત્રીજી સદીમાં કણની સંખ્યા વિશે કહ્યું હતું. આર્કિમીડીઝે કહ્યું હતું કે જો અમે દસની સંખ્યાને ત્રેસઠ વખત આ જ દસની સંખ્યાથી ઘાત આપીએ તો કાઈનાતમાં અસ્તિત્વ ધરાવતા કણોની સંખ્યા જાણી શકાય છે. આર્કિમીડીઝના દ્રષ્ટિકોણ પ્રમાણે કણ પદાર્થનો નાનામાં નાનો ભાગ છે કે જેનું વધારે વિભાજન કરી શકાય નહીં એટલા જ માટે કણને અવિભાજ્ય કહેવામાં આવતો હતો.

એડલીંગ્ટન **(Edlington)** એક અંગ્રેજ ભૌતિકશાસ્ત્રી છે કે જે ઈ.સ.૧૯૪૪માં જન્મ્યો હતો. તેણે કહ્યું કે જો દસની સંખ્યાને ૮૮ વખત એ જ દસની સંખ્યા વડે ઘાત આપવામાં આવે તો કાઈનાતના એટમોની સંખ્યા જાણી શકાય છે. જે સમયે એડલીંગ્ટને કાઈનાતના એટમોના ગણિતની આ ફોર્મ્યુલા વડે હિસાબ લગાવ્યો ત્યારે ખગોળશાસ્ત્રીઓ માનતા હતા કે આકાશગંગાઓની સંખ્યા એક મિલીયન છે. અને આકાશી દૂરબીન કે જે પાલુમરના પહાડ **(Mt. Palomar)**ની ઓબ્ઝર્વેટરીમાં સ્થાપિત કરેલું છે અને જેણે બે હજાર મિલીયન પ્રકાશવર્ષના અંતરે આવેલી દુનિયાને ખગોળશાસ્ત્રીઓની આંખો સુધી પહોંચાડી છે તે દૂરબીન હજુ સુધી શોધાયું ન હતું અને આવી જ રીતે તે જમાનામાં રેડિયો ટેલિસ્કોપની શોધ પણ થઈ ન હતી. (ક્રમશઃ)



**ક્ષમા યાચના**



અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને કા'બા વ કિબ્લા આલી જનાબ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆઓથી અમે મા-દીકરો **મો.અમીનાબેન સુલેમાન સુથાર** તથા **મો.હસનઅલી સુલેમાન સુથાર** તા.૨૦-૫-૨૦૧૦ના રોજ ઉમ્રહ હજ-ઝિયારત કરવા અર્થે જઈ રહ્યા છીએ. અમારા ગામ કેસીમ્પા તેમજ સમગ્ર શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના મોમિન ભાઈ-બહેનો સાથેના વ્યવહારમાં અમારાથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય અથવા ભૂલચૂક થઈ ગઈ હોય તો આપ સૌ ઉદાર દિલે અમારી ભૂલોને દરગુઝર કરીને અમને ક્ષમા આપશો એવી અમારી વિનંતી છે. અમે આ પવિત્ર સ્થળોએ જઈને ઈન્શાઅલ્લાહ એવી દુઆ માગીશું કે અલ્લાહ તઆલા મોહંમદ વ આલે મોહંમદના વસીલાથી તેમજ પીરો મુરશિદની દુઆઓથી આપ સૌને હજ અને ઝિયારત નસીબ કરે.

**લિ.મો.હસનઅલી સુલેમાન સુથાર(કેસીમ્પા)**

ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

*<u>હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)</u>*

**(૧૩૫) ચાર વસ્તુઓ :**

જેને ચાર વસ્તુઓ આપવામાં આવી હોય તે ચારથી વંચિત નથી રહી શકતો. ૧. જેને દુઆની સદબુધ્ધિ મળી હોય તે તેના સ્વીકારથી વંચિત નહીં રહે. ૨. જેને તૌબાની સદબુધ્ધિ મળી તે કબૂલ થવાથી વંચિત નહીં રહે. ૩. ઈસ્તગ્ફાર કરવાવાળો મગ્ફેરતથી વંચિત નહીં રહે. ૪. શુક્ર કરવાવાળો વધારાથી વંચિત નહીં રહે.

*(આ કથનનું સમર્થન કુરઆનની આયતોથી થાય છે કે પરવરિગારે દુઆના સંબંધમાં ફરમાવ્યું : **'મારાથી દુઆ કરો હું કબૂલ કરીશ.'** અને ઈસ્તેગફાર વિશે ફરમાવ્યું : **'જે બૂરાઈ કરવા પછી અથવા પોતાના નફસ પર જુલ્મ કરવા પછી ખુદાથી માફી માગી લેશે તે ખુદાને ઘણો બક્ષનાર અને દયાળુ પામશે.'***

*શુક્રના વિશે ફરમાવ્યું : **'જો તમે શુક્રિયા અદા કરશો તો અમે નેઅમતોમાં વધારો કરી દઈશું'** અને તૌબાના સંબંધમાં ઈરશાદ થાય છે, **'તૌબા એ લોકો માટે છે કે જેઓ અજાણપણામાં ગુનાહ કરે છે અને પછી તરત જ તૌબા કરી લે છે.'** આ એ જ લોકો છે કે જેમની તૌબાને અલ્લાહ કબૂલ કરી લે છે અને તે દરેકની નિય્યતથી જાણકાર પણ છે અને હિકમતથી કામ લેનાર પણ છે. -સૈયદ રઝી)*

**(૧૩૬) સદકો :**

રોઝી મેળવવાની વ્યવસ્થા સદકા મારફતે કરો.

**(૧૩૭) ઈબાદતોની વ્યાખ્યા :**

નમાઝ દરેક મુત્તકી માટે નિકટતાનું કારણ છે અને હજ દરેક નિર્બળના માટે જેહાદ છે, દરેક ચીજની એક ઝકાત હોય છે અને શરીરની ઝકાત રોઝા છે. ઓરતની જેહાદ શૌહરની સાથે શ્રેષ્ઠ વર્તાવ છે.

**(૧૩૮) દરિયાદિલી :**

જેને વળતરનું યકીન હોય છે તે પ્રદાન વિશાળ દિલે કરે છે.

**(૧૩૯) રિઝકનો વ્યય :**

ખુદાની સહાયતા ખર્ચના પ્રમાણમાં મળતી રહે છે. (સંગ્રહખોરી અને ઉડાઉપણા માટે નહીં.)

**(૧૪૦) કરકસર :**

જે મધ્યમ માર્ગ અપનાવશે તે કદી મોહતાજ નહીં થાય.

**(૧૪૧) સુખ શાંતિ :**

બાલ બચ્ચાં ઓછાં હોવાં પણ એક પ્રકારનું સુખ છે.

**(૧૪૨) મેળ મહોબ્બત :**

મેળ મહોબ્બત પેદા કરવી તે અક્કલનો અડધો ભાગ છે.

**(૧૪૩) દુઃખ દર્દ :**

ચિંતા અને ગમ પણ અડધું ઘડપણ છે.

**(૧૪૪) સંકટ પ્રમાણે સહનશીલતા :**

ધીરજ સંકટ પ્રમાણે ઊતરે છે અને જેણે સંકટ સમયે સાથળ પર હાથ માર્યો, જાણે તેણે પોતાના અજર અને અમલને વેડફી નાખ્યો (ઉદ્યમ ધૈર્ય છે આંદોલન નહીં, પરંતુ આ બધું વ્યક્તિગત સંકટ માટે છે.)

**(૧૪૫) મન વગરના અમલ :**

કેટલાક રોઝાદાર એવા છે કે જેને રોઝાથી

ભૂખ પ્યાસ સિવાય કંઈ નથી મળતું અને કેટલાક રાતે જાગીને ઈબાદત કરનારા છે કે જેને પોતાની નમાઝથી જાગરણ અને શ્રમ સિવાય કંઈ પ્રાપ્ત નથી થતું. સભાન ઈન્સાનનું સૂવું અને ખાવું પણ વખાણવા લાયક હોય છે.

**(૧૪૬) સદકો અને ઝકાત :**

તમારા ઈમાનની જાળવણી સદકાથી કરો અને પોતાના માલનું રક્ષણ ઝકાતથી કરો. આપત્તિઓના વંટોળને દુઆઓથી ટાળી દો.

**(૧૪૭) ઈલ્મની વિશેષતા, આપનું ફરમાન કુમૈલ બિન ઝિયાદને**

કુમૈલ કહે છે કે અમીરૂલ મોમિનીન(અ.) મારો હાથ પકડીને કબ્રસ્તાન તરફ લઈ ગયા અને જ્યારે વસ્તીની બહાર નીકળી ગયા તો એક ઊંડો શ્વાસ ખેંચીને ફરમાવ્યું,

અય કુમૈલ બિન ઝિયાદ ! જુઓ આ દિલ એક પ્રકારનું વાસણ છે એટલે સૌથી શ્રેષ્ઠ દિલ એ છે કે જે સૌથી વધારે ડહાપણની વાતોને સંઘરી લે. હવે તમે મારાથી એ વાતોને યાદ કરી લો. લોકો ત્રણ પ્રકાર હોય છે : (૧) ખુદા સુધી પહોંચેલ આલિમ (૨) નજાતના માર્ગે ચાલનાર તાલિબે ઈલ્મ (૩) અને સામાન્ય માનવીનો એ વર્ગ છે કે જે દરેક અવાજ(નારા)ની પાછળ ચાલી નીકળે છે અને દરેક હવા સાથે ઉડવા લાગે છે. તેણે ન નૂરનું અજવાળું મેળવ્યું છે કે ન કોઈ મજબૂત સ્તંભનો સહારો લીધો છે.

અય કુમૈલ જુઓ ! ઈલ્મ માલથી હર હાલમાં ઉત્તમ છે કેમકે ઈલ્મ ખુદ તમારું રક્ષણ કરે છે જ્યારે માલનું રક્ષણ તમારે કરવું પડે છે. માલ ખર્ચવાથી ઘટી જાય છે અને ઈલ્મ ખર્ચવાથી વધે છે. વળી માલના પરિણામ અને અસરો પણ તેના નાશ પામવા સાથે નાશ થઈ જાય છે.

અય કુમૈલ બિન ઝિયાદ ! ઈલ્મની માઅરેફત એક દીન છે કે જેની પૈરવી કરવામાં આવે છે અને તેના વડે ઈન્સાન જીવનમાં અનુકરણ મેળવે છે અને મરવા પછી સુંદર યાદ છોડી જાય છે. ઈલ્મ રાજકર્તા હોય છે અને માલ આધીન હોય છે.

કુમૈલ ! જુઓ માલનો સંઘરો કરનારા જીવતાં જ મૂઆ અને ઈલ્મવાળાઓ જમાના સાથે બાકી રહેનાર છે. તેમનાં શરીરો નજરોથી અદશ્ય થઈ ગયાં પણ તેમની સૂરતો દિલ પર અંકિત છે. જુઓ આ છાતીમાં ઈલ્મનો એક ભંડાર છે. કાશ, મને તેને ઉપાડનારા મળી જાત. હા, મળ્યા તો કેટલાક એવા સમજુ કે વિશ્વાસપાત્ર નથી અને દીનને દુનિયાનું હથિયાર બનાવી વાપરનારા છે અને અલ્લાહની નેઅમતોના મારેફત તેના બંદાઓ અને તેની મહોબ્બતો મારફત તેના દોસ્તો પર ઉચ્ચતા દેખાડવાવાળા છે. અથવા હકવાળાઓના પયરવ તો છે પરંતુ તેમનાં પડખાંમાં અંતરચક્ષુ નથી અને નાના એવા સંદેહમાં પણ શંકાના શિકાર થઈ જાય છે અને યાદ રાખો કે ન તો આ (કંઈ) કામ આવવાવાળા છે કે ન પેલા.

ત્યાર પછી એક પ્રકાર એ લોકોનો છે કે જેઓ લિજ્જતોના શોખીન અને ઈચ્છાઓ માટે પોતાની લગામ ઢીલી કરી દેનારા છે કે પછી માત્ર માલ ભેગો કરનારા છે અને સંઘરાખોરીના શોખીન છે. આ બન્ને પણ દીનના બિલકુલ રક્ષક નથી અને તેમની વધારે નજીક મળતા આવતા ચરવાવાળા પ્રાણીઓ છે અને આ રીતે ઈલ્મ ઈલ્મવાળાઓ સાથે મરી જાય છે.

પરંતુ, ત્યાર પછી પણ જમીન એવા લોકોથી ખાલી નથી રહેતી કે જેઓ ખુદાની હુજ્જત સાથે ઊભા થાય છે ચાહે તે જાહેર અને મશહૂર હોય કે ડરેલા અને અદશ્ય, જેથી પરવરદિગારની દલીલો અને તેની નિશાનીઓ મીટાવા ન પામે. પરંતુ આ છે જ કેટલા અને ક્યાં છે ? ખુદાની કસમ તેમની

સંખ્યા જૂજ છે પરંતુ તેમનાં માન સ્થાન ઘણાં ઊંચાં છે. અલ્લાહ તેમના જ દ્વારા પોતાની દલીલો અને નિશાનીઓનું રક્ષણ કરે છે જેથી તેઓ પોતાના જેવા જ લોકોને હવાલે કરી દે અને પોતાના જેવાના દિલોમાં વાવી દે. તેમને ઈલ્મે દીર્ઘ દ્દષ્ટિની હકીકત સુધી પહોંચાડી દીધા છે અને તેઓ યકીનન રૂહ સાથે ઓતપ્રોત થઈ ગયા છે. તેમણે એ ચીઝોને સરળ બનાવી દીધી છે કે જેને આરામચાહકોએ અઘરી બનાવી નાખી હતી. અને એ ચીજોથી હળી ગયા છે કે જેનાથી જાહિલો ડરતા હતા. અને આ દુનિયામાં એ શરીરો સાથે રહે છે કે જેમની રૂહો ગગનવાસીઓ સાથે મળેલી છે. આ જ જમીન પર અલ્લાહના ખલીફા અને તેના દીનના દાઈ (આમંત્રકો) છે. અરે, મને તેમના દર્શનનો કેટલો શોખ છે ! કુમેલ મારી વાત સંપૂર્ણ થઈ હવે તમે જઈ શકો છો. *


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

બેસ્ટ રેડીમેડ
ક્લોથ એન્ડ ટેલર્સ

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ
* કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ
* નાઈટ ડ્રેસ વિગેરે.

● ક્લોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

HDFC STANDARD LIFE INSURANCE
Sar Utha ke Jiya

Mo. 98258 81814



નજરઅલી યુનુસભાઈ પીયારજી

GOLD CLUB MEMBER : HDFC SLIC

ઓફિસ : ડાયમંડ એસ્ટેટ, સહયોગ હોટલની પાછળ,
ને.હા.નં.૮, ગામ-મોતાલી-અંકલેશ્વર, જી.ભરૂચ
ફોન નં. ૯૮૨૫૮ ૮૧૮૧૪
રહેઠાણ : ગામ-સેદ્રાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ
ફોન નં. : ૨૨૬૬૦૩

પાક પરવરદિગારના કરમથી સતત ૬ વર્ષથી આપની સેવામાં હાજર
શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વીમેદારોને અંતઃકરણપૂર્વક સહકાર બદલ આભાર

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya
જીવનવીમા તથા રોકાણના નવીન તથા જુના કામકાજ માટે સંપર્ક કરો.
HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ — جُنبشِ لب

## નઝમ ૯

(બહુઝૂર હઝરત ઈમામ હસનુલ મુજતબા(અ.))

اے امامِ دومیں، شاہِ زمن، سبطِ نبیؐ — **અય ઈમામે દોમીં, શાહે ઝમન, સિબ્તે નબી,**
پنجتن میں فردِ چارم، اے حسنؑ سبطِ نبیؐ — **પંજેતનમેં ફર્દે ચારુમ, અય હસન સિબ્તે નબી.**

(અય ઈમામોની હારમાળામાં બીજું સ્થાન ધરાવનાર ! અય જમાનાના શાહ અને નબી(સ.)ના નવાસા! અય નબી(સ.)ના નવાસા હસન(અ.) ! આપ પંજેતનમાં ચોથી વ્યક્તિ તરીકેનું સ્થાન શોભાવો છો.)

ذاتِ اقدس کے وسیلے سے دُعائیں ہیں قبول — **ઝાતે અકદસકે વસીલેસે દુઆએ હૈ કબૂલ,**
خاصۂ رب دافعِ رنج و محن، سبطِ نبیؐ — **ખાસએ રબ, દાફએ રંજો મહન, સિબ્તે નબી.**

(આપના પવિત્ર વ્યક્તિત્વના વસીલાથી અલ્લાહના દરબારમાં દુઆઓ કબૂલ થાય છે (કેમકે) આપ પરવરદિગારના પ્રિયપાત્ર છો, દુઃખ અને દર્દનું નિવારણ કરનારા છો અને નબી(સ.)ના નવાસા પણ છો.)

آپ نے ہر بات کی حسبِ تقاضائے محل — **આપને હર બાતકી હસ્બે તકાઝાએ મહલ,**
دنگ جس سے ہو گیا چرخِ کہن، سبطِ نبیؐ — **દંગ જિસસે હો ગયા, ચર્ખે કોહન, સિબ્તે નબી.**

(અય નબી(સ.)ના નવાસા ! આપે દરેક બાબતને સ્થાન(મોકા)ની માંગ અનુસાર પૂર્ણ કરી જેના લીધે તો ગગનમંડળનું ચક્ર પણ દંગ રહી ગયું છે.)

دونوں عالم کا اُجالا آپ کا نورِ شریف — **દોનોં આલમકા ઉજાલા આપકા નૂરે શરીફ,**
نازشِ کون و مکاں، مولا حسنؑ سبطِ نبیؐ — **નાઝિશે કૌનો મકાં, મૌલા હસન સિબ્તે નબી.**

નબી(સ.)ના નવાસા મૌલા હસન(અ.) ! આપના વિશિષ્ટ પ્રકારના નૂરથી બન્ને જગતમાં અજવાળુ પથરાયેલું છે. આપ સમગ્ર સૃષ્ટિ માટે ગૌરવરૂપ છો.)

حافظِ شرعِ محمدؐ حامئِ دینِ خُدا — **હાફિઝે શર્એ મોહંમદ, હામીએ દીને નબી,**
آپ سے سرسبز اسلامی چمن سبطِ نبیؐ — **આપસે સરસબ્ઝ ઈસ્લામી ચમન સિબ્તે નબી.**

(આપ હઝરત મોહંમદ(સ.)ની શરીઅત(ઈસ્લામી ધર્મશાસ્ત્ર)ના રક્ષણહાર છો. અય નબી(સ.)ના દૌહિત્ર ! આપનાથી તો ઈસ્લામનો બાગ આજે પણ હરિયાળો છે.)

آپ ہیں زیرِ کسا ہمراہِ سُلطان الرّسل — **આપ હૈ ઝેરે કિસા હમરાહે સુલતાનુર્રસુલ,**

آپ سے پُرضو ہے دیں کی انجمن سبطِ نبیؐ — **આપ સે પુરઝવ હૈ દીં કી અંજુમન સિબ્તે નબી.**

(અલ્લાહના સઘળા રસૂલોના શહેનશાહ હઝરત મોહંમદ(સ.)ની સાથે આપ (તત્હીરની) ચાદરની નીચે સૂઈ રહેવાનું ગૌરવ ધરાવો છો. અય નબી(સ.)ના નવાસા! આપનાથી તો ધર્મસભા પ્રકાશથી ભરપૂર છે.)

نامِ نامی آپ کا، کنّیتِ شاہِ نجف — **નામે નામી આપકા કુન્નિયતે શાહે નજફ,**

فاطمہؑ کے لال، جانِ بوالحسن سبطِ نبیؐ — **ફાતેમાકે લાલ, જાને બૂલહસન, સિબ્તે નબી.**

આપની કુન્નિયત શાહે નજફ મૌલા(અ.)ની કુન્નિયત જેવી જ અબુલહસન છે વળી આપ પણ જનાબે ફાતેમા(અ.)ના સુપુત્ર છો.)

کون ہے ہمسر ترا، اے سیّدِ اہلِ جناں — **કૌન હૈ હમસર તેરા અય સૈયદે એહલે જિનાં,**

جز حسینؑ بے وطن، خونی کفن سبطِ نبیؐ — **જુઝ હુસૈને બેવતન, ખૂની કફન, સિબ્તે નબી.**

(અય જન્નતવાસીઓના સરદાર ! અય નબી(સ.)ના નવાસા ! વતનથી દૂર થઈ ગયેલા અને ખૂનથી રંગીન કફનવાળા હઝરત ઈમામ હુસૈન(અ.)ના સિવાય આપનો બરોબરીયો બીજો કોણ છે ?)

صبر سے مثلِ علیؑ، دیں کو بچایا آپ نے — **સબ્રસે મિસ્લે અલી, દીં કો બચાયા આપને,**

آپ تھے ورنہ شجاعِ صف شکن سبطِ نبیؐ — **આપ થે વર્ના શુજાએ સફશિકન સિબ્તે નબી.**

(મૌલા અલી(અ.)ના જેવી સબર બતાવીને આપે દીને ઈસ્લામને બચાવી લીધો. અય નબી(સ.)ના નવાસા ! એક માત્ર આપ જ તો હતા નહિતર આપના વગર શુજાઅતની હરોળ ક્યારનીય તૂટી ગઈ હોત.)

گردنِ اسلام بارِ صبر سے، خم ہو گئی — **ગર્દને ઈસ્લામ બારે સબ્રસે ખમ હો ગઈ,**

اے مُطیعِ حکمِ ربّ ذوالمنن سبطِ نبیؐ — **અય મુતીએ હુકમે રબ્બે ઝુલમનન, સિબ્તે નબી.**

(ખૂબ જ નેઅમતો આપનાર એવા પરવરદિગારના સઘળા હુકમોના અય આજ્ઞાપાલક અને નબી(સ.)ના નવાસા ! આપના સબ્રના ભારથી તો દીને ઈસ્લામની ગરદન નતમસ્તક બની ગઈ છે.)

آپ ہیں شبّیرؑ کے بھائی، دل وجانِ بتول — **આપ હૈ શબ્બીરકે ભાઈ, દિલો જાને બતૂલ,**

آپ فرزندِ شہِ خیبر شکن، سبطِ نبیؐ — **આપ ફરઝંદે શહે ખૈબર શિકન, સિબ્તે નબી.**

(અય નબી(સ.)ના નવાસા ! આપ હઝરતે શબ્બીરના ભાઈ છો. બતૂલ ફાતેમા ઝેહરા(અ.)ના હૃદયાત્મા છો. આપ ખૈબરના કિલ્લાને તોડનાર બાદશાહ હઝરત અલી(અ.)ના ફરઝંદ છો.)

اے ظہیر اس آستاں پر مانگ لے دلکی مُراد — **અય 'ઝહીર' ! ઈસ આસ્તાં પર માંગ લે દિલકી મુરાદ,**

دور فرما دیں گے سب دردو محن سبطِ نبیؐ — **દૂર ફરમા દેંગે સબ દર્દો મહન, સિબ્તે નબી.**

(અય 'ઝહીર' ! આ દ્વાર ઉપર દિલની જે મુરાદો માગવી હોય તે માગી લો. નબી(સ.)ના નવાસા ઈમામ હસન(અ.) તમારાં બધાં જ દુ:ખ દર્દોને દૂર કરી દેશે.) *

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૬૨ — સૂરએ જોમોઅહ**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અય ઈમાન લાવનારાઓ ! જ્યારે જુમ્આના દિવસે (જુમ્આની) નમાઝ માટે પોકારવામાં આવે તો તમે અલ્લાહની યાદ (માટે મસ્જિદ) તરફ દોડી જાઓ, અને લેણદેણ પડતું મૂકો; અગર તમે સમજતા હો તો આ તમારા માટે બેહતર છે. (૯)**

તફસીરે મજમઊલ બયાનમાં છે કે હઝરત રસૂલે ખુદા(સ.)એ પહેલો જુમ્આ મસ્જિદે સાલીમમાં અદા કર્યો કારણ કે આપ મક્કાથી હિજરત કરીને બાર રબીઉલ અવ્વલ ને સોમવારના દિવસે કબા નામના સ્થળે પહોંચ્યા જ્યાં ઉમરૂ બિન ઓફનો ડેરો હતો અને ત્યાં તેઓ માટે મસ્જિદનો પાયો નાખ્યો, જેને મસ્જિદે કબા કહેવામાં આવે છે અને આપ ત્યાં જુમ્આ સુધી રોકાયા, પછી જુમ્આના ત્યાંથી રવાના થઈ બની સાલીમના ડેરામાં પહોંચ્યા કે જે એક જંગલમાં હતો. ત્યાં આપે નમાઝ જુમ્આ અદા ફરમાવી અને આ પહેલી જુમ્આની નમાઝ હતી જે હુઝૂરે પોતાના સહાબાને પઢાવી. પછી તેમણે તે જગ્યાને મસ્જિદના માટે વકફ કરી દીધી અને ત્યાં મસ્જિદ બનાવવામાં આવી. નમાઝે જુમ્આ પહેલાં આપે એક ખુત્બો ઈરશાદ ફરમાવ્યો કે જેમાં ખુદાનો ખોફ, તકવાની દાવત અને બીજા ઈસ્લામી મસાએલ ભરપૂર રીતે બયાન ફરમાવ્યા અને જુમ્આની નમાઝ પહેલાં ખુત્બો જરૂરી ઠેરવ્યો. હુઝૂરનો જુમ્આનો ખુત્બો કિતાબમાં સંપૂર્ણ મોજૂદ છે.

તફસીરે મજઊલ બયાનમાં જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીથી વર્ણન છે કે અમો આં હઝરતની પાછળ નમાઝે જુમ્આ પઢી રહ્યા હતા ત્યારે વેપારીઓનો એક કાફલો આવી પહોંચ્યો. આ ખબર સાંભળીને જેઓ મસ્જિદમાં ઊભા હતા તેઓ ભાગી ગયા. ફક્ત બાર માણસો રસૂલિલ્લાહ(સ.)ની પાછળ બાકી રહ્યા કે જેમાંથી એક હું પણ હતો. કેટલાક કહે છે કે મદીનામાં એક વખત દુકાળ પડ્યો તો વહીયા બિન ખલીફા કલબી શામથી વ્યાપારનો માલ લાવ્યો અને જન્નતુલ બકીઅમાં દુકાન લગાવી. તે વખતે હુઝૂર ખુત્બો પઢી રહ્યા હતા ત્યારે થોડાક માણસો સિવાય બધા ત્યાંથી ભાગી ગયા કારણ કે તેમને ભય હતો કે જો વિલંબ થશે તો જીવન જરૂરિયાતની ચીજો ખપી જશે. પછી હુઝૂરે જે લોકો બાકી રહ્યા હતા તેમને કહ્યું કે જો તમો પણ દોડી જાત અને અહીં કોઈ ન રહેત તો અલ્લાહનો અઝાબ નાઝિલ થાત. આ બનાવ વહીયા બિન કલબીના ઈસ્લામ લાવ્યા પહેલાંનો છે. આ પ્રમાણે ત્રણ વખત બન્યું.

જુમ્આની અઝાન થાય તો નમાઝ તરફ દોડી જાઓ. તેનો હેતુ એ છે કે તમામ દુન્યવી કારોબાર છોડી દો અને ઈબાદતની તરફ આવો. એટલા માટે જ જુમ્આના દિવસે અઝાન પછી મુસાફરીની મનાઈ કરેલ છે. એવી જ રીતે લેવું અને વેચવું પણ જુમ્આની અઝાન પછી જ્યાં સુધી નમાઝ ખતમ ન થાય ત્યાં સુધી મનાઈ કરેલ છે. તફસીરે બુરહાન અને તફસીરે કુમ્મીમાં મનકુલ છે કે હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)એ ફરમાવ્યું કે અલ્લાહના ઝિક્ર તરફ કોશિશ કરો, તેનો હેતુ એ કે તેની તરફ તૈયારી કરો એટલે મૂછો કતરાવો, બગલો સાફ કરો, નખ કપાવો, ગુસલ કરો, સારો પોષાક પહેરો, ખુશ્બૂ લગાવો અને નમાઝ તરફ જાઓ.

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી મનકુલ છે કે જે વ્યક્તિને જુમ્આનો દિવસ નસીબ થાય તેણે તે દિવસે ઈબાદત સિવાય કોઈ કામ કરવું જોઈએ નહીં કારણ કે આ બંદાની બક્ષિશનો અને રહેમત નાઝિલ થવાનો દિવસ છે. હઝરત અલી(અ.)એ જુમ્આના ખુત્બામાં ફરમાવ્યું કે જુમ્આના દિવસે એક

ઘડી એવી આવે છે કે જેમાં જાએઝ દુઆ કબૂલ થાય છે. ઈમામે ફરમાવ્યું કે શબે જુમ્આના જે મરણ પામે તે કબ્રની ભીસથી રક્ષણમાં રહે છે અને જુમ્આના દિવસે મરણ પામે તો અઝાબે જહન્નમથી મુક્ત થાય છે.

એક રિવાયતમાં હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે શબે જુમ્આના ખુદાની તરફથી એક અવાજ આવે છે કે કોઈ તૌબા કરનાર છે કે તેની તૌબાને કબૂલ કરું ? કોઈ અસ્તગફાર કરનાર છે કે તેના ગુનાહ બક્ષી આપું ? કોઈ સાઈલ છે કે જેને આપવામાં આવે ? (ફરિશ્તા દુઆ કરે છે કે) અય અલ્લાહ ! દેવાવાળાને તું આપ અને કંજૂસી કરવાવાળાને બરબાદ કર.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી જ્યારે નમાઝ પૂરી થઈ જાય તો જમીનમાં ફેલાઈ જાઓ અને અલ્લાહની કૃપા(રોઝી)ના ઈચ્છનારા થાઓ અને અલ્લાહને વિશેષ (પ્રમાણમાં) યાદ કરો કે કદાચને તમે સફળતા મેળવો. (૧૦)**

**અને જ્યારે તેઓ કોઈ વેપારની અથવા રમત-ગમતની વાત જુએ છે તો તેઓ (નમાઝને પડતી મૂકીને) તેની તરફ દોડી જાય છે અને તેને (નમાઝ પડતો) ઊભો છોડી જાય છે, (અય રસૂલ !) તું કહે કે જે કાંઈ અલ્લાહ પાસે છે તે આ ખેલકૂદ અને વેપાર વાણિજ્ય કરતાં બેહતર છે અને અલ્લાહ સર્વે રોઝી આપનારાઓ કરતાં ઉત્તમ (રોઝી) આપનાર છે. (૧૧)**

તફસીરે મજમઊલ બયાનમાં છે કે હુઝૂરે ફરમાવ્યું કે જુમ્આ પછી ફેલાઈ જવાનો હુકમ દુનિયા મેળવવા માટે નથી પણ બીમારને જોવા માટે, નમાઝે જનાઝા તથા મોમિન ભાઈઓની મુલાકાત માટે છે. ઘણા લોકોએ તેનો હેતુ ઈલ્મ પ્રાપ્તિ માટે લીધેલ છે. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી મનકુલ છે કે જીવનની જરૂરિયાતને પૂરી કરવાનો અલ્લાહે વાયદો કર્યો છે હું તેની શોધ માટે પણ સફર કરું છું જેથી અલ્લાહની દૃષ્ટિમાં હલાલની શોધ કરવાવાળાઓમાં મારી ગણતરી થાય. ત્યાર પછી આપે આ આયતની તિલાવત ફરમાવી પછી આપે ફરમાવ્યું કે કોઈ વ્યક્તિ ઘરમાં દરવાજો બંધ કરીને બેસી જાય અને કહે કે મારી રોઝી મને અહીંયાં મળશે તો તેની ગણતરી એ ત્રણ લોકોમાં થશે કે જેની દુઆ કબૂલ થતી નથી (૧) જે વ્યક્તિની સ્ત્રી નાફરમાન હોય અને તેના માટે બદદુઆ કરે તો તેની એ બદદુઆ કબૂલ નહીં થાય કારણ કે અલ્લાહે તેને અધિકાર આપ્યો છે કે જો તેણી નાફરમાની કરે તો તલાક આપીને જાન છોડાવે. (૨) અગર વ્યક્તિનો બીજી વ્યક્તિ ઉપર કોઈ હક હોય અને તે વ્યક્તિ તે દેવાનો ઈન્કાર કરી દે તો તેની બદદુઆ કબૂલ થશે નહીં કારણ કે અલ્લાહે પહેલાં તેને લખાવી લેવાનો હુકમ કરેલ છે અને તેણે તેના ઉપર જાણી બુઝીને અમલ નથી કર્યો. (૩) કોઈ વ્યક્તિ પાસે ખાવા માટે કાંઈ હોય અને તે પોતાના ઘરની ચાર દીવાલોમાં એમ કહીને બેસી જાય કે આ ખતમ થશે તો અલ્લાહ બીજી રોઝી આપી દેશે, તો આમ બેસી રહેનારની તલબે રિઝકની દુઆ કબૂલ થશે નહીં.

હઝરત રસૂલે ખુદા(સ.) જુમ્આનો ખુત્બો ઊભા રહીને પઢતા હતા. ખુત્બાને સાંભળવો અને બોધ ગ્રહણ કરવો અને દ્રઢતાની સાથે નમાઝને અદા કરવી, તેનો જે સવાબ છે તે આ દુનિયાના ફાયદા કરતાં ઘણો બેહતર છે અને તેનું પરિણામ ખૂબ જ સારું છે. તમે લોકો ખુત્બો અને નમાઝે જુમ્આને છોડો નહીં. ખુદા તમારી રોઝીનો બંદોબસ્ત કરશે.

જનાબે અબુઝરથી વર્ણન છે કે હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ જુમ્આના દિવસે ગુસલ કરે, સારો પોશાક પહેરે, ખુશ્બૂ અને તેલ લગાવે તો એક જુમ્આથી બીજા જુમ્આ સુધી અને તે ઉપરાંત વધારે ત્રણ દિવસના ગુનાહ બક્ષી આપવામાં આવે છે પણ શરત એ છે કે તેણે બે માણસો વચ્ચે ફૂટ પાડી ન હોય અને એક રિવાયત પ્રમાણે હુઝૂરે ફરમાવ્યું છે કે જુમ્આના દિવસે અલ્લાહ તઆલા છ લાખ માણસોને જહન્નમથી આઝાદ કરે છે કે જેના ઉપર જહન્નમ વાજિબ થઈ ગઈ હોય. (તફસીરે મજમઊલ બયાન) *



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૬૯**

**પીત બિના પંથી સો મુરખ ગમારા,**
**વે કયું રે પંથ જાવે બિના આધારા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પ્રીત વગરના, મહોબ્બત વગરના તરીકતના પંથીને મૂરખ અને ગમાર ગણવામાં આવે છે. પ્રેમના આધાર વગર તે તરીકતના પંથ ઉપર કેવી રીતે જઈ શકે?)

**જો પીત કેરા તકીઆ આધાર રે રાખે,**
**તો પરેમ રે ઉસ પંથકા તબ જાને ચાખે.**

(તરીકતનો પંથી જો પ્રીત રૂપી તકીયો આધાર તરીકે રાખે ત્યારે જ તે પંથનો પ્રેમ ચાખી શકે.)

**અઝાઝીલ દેખો પંથ કા રે રાહી,**
**ઉનું બોત બરસું કીતી રે કમાહી.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા અઝાઝીલનું દૃષ્ટાંત આપીને ફરમાવે છે કે અઝાઝીલ શયતાનને તમે જુઓ કે તે પણ અલ્લાહને પ્રાપ્ત કરવાના માર્ગનો પથિક હતો અને તેણે ઘણાં વર્ષો સુધી ઈબાદત રૂપી કમાણી કરી હતી.)

**બેદ સબ પીયાકે પંથ માંહી દેખે,**
**બેદ બોત દેખે કે નાં આવે લેખે.**

(અઝાઝીલે પીયાના પંથની એટલે કે દીને ઈસ્લામની જાહેરી બાબતો એટલે કે શરીઅતની બધી જ બાબતો જોઈ હતી. ઈસ્લામી ધર્મશાસ્ત્રની એટલી બધી બાબતો તેણે જોઈ લીધી હતી કે તેની કોઈ ગણતરી થઈ શકે તેમ નથી.)

**ભેદ નાં બુઝા ભીતર ઉસકા,**
**તો અંકાર આપ મન કીયા અદકા.**

(અઝાઝીલે દીને ઈસ્લામની જાહેરી બાબતો જાણી પરંતુ તેનો અંદરનો ભેદ અર્થાત તરીકતની બાબતોને જાણી નહીં તેથી તેના મનમાં ખૂબ જ અહંકાર પેદા થયો.)

**ભેદ બીના ભુલા તરીકત જાંના,**
**જે તરીકત રાહા ખરા નાં પિછાંના.**

(તરીકતને તેણે ન જાણી અને ધર્મનો ભેદ જાણ્યા વગર તે ભૂલો પડ્યો. ધર્મનો જે સાચો માર્ગ તરીકત છે તેને તેણે ઓળખ્યો નહીં.)

**તો ઉસકા હો શેતાંન નાંમ લિખાંના,**
**તબ જાને અપના આપ પિછાંના.**

(અઝાઝીલે ધર્મના સાચા રસ્તાને જાણ્યો નહીં તેથી તો કિતાબોમાં તેનું નામ શયતાન તરીકે લખાઈ ગયું અને ત્યારે જ તેને પોતાની જાતની સાચી ઓળખ પ્રાપ્ત થઈ.)

**જે તરીકતી ડગીઆ સો દુરિજન કીતા,**
**શેતાંન નાંમા ઉસ સાર દીતા.**

(જે અઝાઝીલ તરીકતના રસ્તાથી ડગ્યો તેને દુરિજન બનાવવામાં આવ્યો અને તેનું નામ શયતાન ધરવામાં આવ્યું.)

**રાહ રે પીયાકી બોત દોહેલી,**
**ધાર ખાંડેકી કયું હોવે સોહેલી?**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પીયુને પ્રાપ્ત કરવાનો માર્ગ ખૂબ જ વિકટ અને કઠીન છે. તલવારની ધાર ઉપર ચાલવાનું શું કદી સહેલું હોઈ શકે ખરું?)

**અઝાઝીલ ધરતીમાં બોત કીયા સિજદા,**
**તરીકત પીયાકી માંહે ચલીઆ બંદા.**

(અઝાઝીલે આ ધરતી ઉપર અલ્લાહની જનાબમાં ઘણા બધા સિજદાઓ કર્યા હતા પરંતુ અલ્લાહની ખૂશનૂદી પ્રાપ્ત કરવાના તરીકતના માર્ગ

પર તે ચાલ્યો નહીં.)

**પણ ભેદ કે ભેદ બિના આપ ગમાયા,**
**જો ભેદકા ભુલા તો ઠામ નાં આયા.**

(અઝાઝીલ શરીઅતના જાહેરી અહેકામોનો જે ભેદ હતો, રહસ્ય હતું તે જાણ્યા વગર તેણે અલ્લાહની નજરમાંથી પોતાનું સ્થાન ગુમાવી દીધું. જે માણસ ગુજભેદના માર્ગમાં ભૂલો પડે તે અસલ સ્થાને પાછો આવી શકતો નથી.)

**બાંક અઝાઝીલકા કછુએ નાં દેખા,**
**પણ ભેદ કે'તે ચુકા સો માંડીઆ રે લેખા.**

(અલ્લાહ તઆલાએ અઝાઝીલનો બીજો કોઈ વાંક-ગુનો જોયો નહીં માત્ર તે ભેદની વાત સમજવામાં ગોથું ખાઈ ગયો તો તેનું નામ શયતાન લખાઈ ગયું.)

**તો દુરિજન પીયાકું ક્યું કર પાવે?**
**જો તરીકતી ડગીઆ તો દુરિજન કા'વે.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે જો તરીકતી પોતાના માર્ગ ઉપરથી ડગી જાય તો તેને દુરિજન કહેવાતો હોય તો આવો દુષ્ટ માણસ પીયુનો પ્રેમ કેવી રીતે મેળવી શકે ?)

**દેખો પીયાકા રાહકા રંગા,**
**એ પીયાને ઉપાયા રાહકા ઢંગા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પીયુના રસ્તાનો-અલ્લાહના માર્ગનો રંગ તો તમે જુઓ કે અલ્લાહે પોતાને પ્રાપ્ત કરવાના માર્ગની રીત કેવી બનાવી છે !)

**જે ભેદ બિના બુઝે બેદ ખોલ આખે,**
**આપ બિમાસણ મનસુ દાખે.**

(જે માણસ ભેદને જાણ્યા સમજ્યા વગર ઈસ્લામના જાહેરી એહકામોને અર્થાત શરીઅતને ખોલીને બતાવે તો એવો માણસ હંમેશાં પોતાના મનમાં વિમાસણનો -પસ્તાવાનો અનુભવ કરે છે.)

**તરીકતી નાંહી વે સહી રે શેતાંના,**
**અઝાઝીલ જેસા વે રે લેખાંના.**

(જે માણસ શરીઅતનો ભેદ જાણ્યા વગર ધર્મની વાતો કરે તે તરીકતી નથી પરંતુ સાચા અર્થમાં શયતાન છે, તે અઝાઝીલ જેવો જ ગણાવો જોઈએ.)

**જે બેદ રે કે'વે મનકા ભાવા,**
**સો જીભ રે અપની સબ ગમાવા.**

(જે માણસ પોતાના મનના ભાવ અનુસાર ગુજભેદની વાતો વ્યક્ત કરે તો તે પોતાની જીભને ગુમાવી દે છે.)

**દુરિજન મીતા નાં પીયાજી રે કહીએ,**
**પણ બિગત ઉનુંકી જજુઈ લહીએ.**

(દુષ્ટ માણસના દોસ્તને કદી પીયુજી-અલ્લાહ કહી શકાય નહીં પરંતુ એની વિગત તો કંઈક બીજી જ ગણાય. અર્થાત એને તો કોઈ બીજા જ નામે બોલાવવો જોઈએ.)

**તરીકતી એક મન ચંત સુ ધાવે,**
**તો કભી રાહમાં પીયુજી પાવે.**
**-: રે તુંહી :-**

(તરીકતી માણસ મનને એકાગ્ર બનાવીને જો અલ્લાહના માર્ગ પર ચાલે તો ક્યારેક તેને માર્ગમાં તેના પીયુજીનો ભેટો થાય.)

**ભેદ બિના બેદકું દેખ કર, અંકાર કીયા ચંત રે,**
**અંકાર કીયા ચંત;**
**ડુલા આપ ગમાય કર, તબ જા હુવા નિચંત રે,**
**તબ જા હુવા નિચંત.**

(ગુજભેદનું રહસ્ય જાણ્યા વગર માત્ર જાહેરી અહેકામો વિષે જે માણસ અહંકાર કરે તો તેવો માણસ પાયમાલ થાય છે અને પોતાની જાતને પણ ગુમાવી દે છે અને ત્યારે જ ચિંતારહિત બને છે.) *

## બયાન નં.૭૦

**પંથ પીયાકા ઉસ દિલ બસીઆ,**
**પંથ પીયા સર કર ખુશ દિલ હસીઆ.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે જે માણસના હૃદયમાં પીયુનો પંથ વસી ગયો હોય તો પીયુનો પંથ સર કરી લેવાના કારણે તેનું દિલ ખુશ થઈને હસવા માંડે છે.)

**જગતકી જુગતિ જગમાં ગમાઈ,**
**એક મન પીયાકી રાહ કમાઈ.**

(તરીકતના પંથીએ જગતની બધી જ યુક્તિ

પ્રયુક્તિઓને જગતમાં જ ગુમાવી દીધી અને મનને એકાગ્ર બનાવીને પીયુના માર્ગની કમાણી કરી લીધી.)

**બેદ હો પંથકા ધરમ મુલ કહીએ,**
**બિગત હો પંથ કી ઉસ માંહી લહીએ.**

(અલ્લાહના પંથના જે જાહેરી અહેકામો છે તેને જ ધરમનું મૂળ કહેવાય છે. આ પંથની વિગતવાર માહિતી આ પંથમાંથી જ પ્રાપ્ત થાય છે.)

**બેદ વિચારો બેદ માંહી જાંનો,**
**જગ કેરી બિગત ભીતર પિછાંનો.**

(જાહેરી અહેકામોના જે વિચારો છે તે શરીઅતના પંથ ઉપર ચાલીને જ જાણો અને દુનિયાની જે વિગતો છે તે પણ તેની અંદર જ ઓળખો.)

**દેવ હો દાંનવ બેદ માંહે કહીએ,**
**અને સસટ સુરિજન બેદ માંહી લહીએ.**

(દેવ અને દાનવ એટલે કે સજ્જન માણસો અને દુષ્ટ માણસો બન્નેની વિગતો (ધર્મશાસ્ત્રમાં) શરીઅતમાં કહેવામાં આવી છે તેમજ સૃષ્ટિની અને સુરિજનની વિગતો પણ શરીઅતમાં જ આવેલી છે.)

**જે પંથ ચડ પાંચે સો બેદમાં લિખાયે,**
**ભી એ પાંચે જીવડે સબ બેદ માંહી આયે.**

(જે લોકો પંથ ઉપર ચાલીને ત્યાં પહોંચ્યા એમની વાત પણ ધર્મશાસ્ત્રમાં લખવામાં આવી છે અને જે જીવો ત્યાં પહોંચ્યા તેની વિગતો પણ ધર્મશાસ્ત્રમાં જ આવે.)

**દોઝખી અને ભિસ્તી સો બેદું સું જાંનો,**
**અઝાઝીલ શેતાંન ઉસમેં પિછાંનો.**

(દોઝખમાં જનાર લોકો અને જન્નતમાં જનાર લોકોની વિગતો પણ ધર્મશાસ્ત્રના જાહેરી રસ્તામાં જાણો અને અઝાઝીલ શયતાનને પણ એમાં જ ઓળખો.)

**પરગટ શેતાંન બેદ માંહી કહીજે,**
**જે જેસા લખીઆ વે વેસા લહીજે.**

(શયતાનની પ્રગટ બાબતો પણ ધર્મના જાહેરી રસ્તામાં જ આવેલી કહેવાય. જેની જેવી કરણી લખાયેલી હશે તેને તેવો જ બદલો મળશે.)

**પીયા કેરે ઓઠે બેદ માંહે આયે,**
**સિફતું રે સિફતું ભીતર લખાયે.**

(પીયુના પડદા પણ ધર્મશાસ્ત્રમાં જ આવે કે જેની ભીતરમાં તેની સિફતો-તેના ગુણોનું વર્ણન લખાયેલું છે.)

**પેગમ્બર સઘળે બેદ માંહી કહીએ,**
**પણ મરતબા જજુઆ અનુકા લહીએ.**

(બધા જ પયગમ્બરો પણ ધર્મશાસ્ત્રના જાહેરી માર્ગમાં જ કહેવાય પરંતુ એ પયગમ્બરોમાંથી દરેકનો મરતબો અલગ અલગ છે.)

**પીર વિચારા બેદ માંહી આવે,**
**બિગત જગકી ખોલ એ લિખાવે.**

(પીરના વિચારો પણ ધર્મના જાહેરી માર્ગમાં જ આવે અને દુનિયાની જે વિગત છે તે પીર ખોલીને લખી જણાવે છે.)

**તો બેદ રે પીરૂં મુખ હે પંથ લખાયા,**
**જે રે જેસા પીર હો કેહ કર સિખાયા.**

(પીરોના મુખથી જ ધર્મના જાહેરી પંથની બાબતો લખવામાં આવી છે. જે જમાનામાં જેવા પીર હોય તે પ્રમાણે તેમણે પંથની વાતો શીખવાડી છે.)

**બિગત પીરૂંકી સહી જજુંઈ જાંનો,**
**વે ભી બેદમાં સમજ પિછાંનો.**

(પીરોની વિગતો પણ જુદી જુદી હોય છે તે તમે જાણો અને તે બાબત પણ ધર્મશાસ્ત્રમાં છે એવું સમજીને ઓળખો.)

**એ પંથ પીયાકા સબ જગ માંહાં,**
**જાં નૂરી રે ખાખી, આતશી તાંહાં.**

(પીયુનો આ પંથ બધા જ જગતોમાં આવેલો છે જ્યાં નૂરમાંથી બનેલ ફરિશ્તાઓ હોય ત્યાં પણ, માટીમાંથી બનેલ મનુષ્યો હોય ત્યાં પણ અને આગમાંથી બનેલ જિન્નાતો હોય ત્યાં પણ.)

**તપીઆ ને જપીઆ એ બેદમાં કહીએ,**
**દૈત ને શેતાંન જજુએ લખીએ.**

(શરીરને કષ્ટ આપીને તપ કરનારા તપસ્વીઓ હોય કે પછી ઝિક્ર કરનાર જપીઆઓ હોય એ બધા

જ આ જાહેરી પંથમાં આવે વળી જુદા જુદા પ્રકારના દૈત્ય અને શયતાન પણ આમાં જ આવે.)

**એ પંથ પીયાકા બિગતસું કીતા,**
**જે પંથ ચઢ ચુકા સો દોઝખ દીતા.**

(પીયાનો આ પંથ વિગતવાર બનાવવામાં આવેલો છે અને જે માણસ પીયાના આ પંથ ઉપર ચઢ્યા પછી તેને ચૂકી ગયો અર્થાત ગુમરાહ થયો તેના માટે દોઝખ જ છે.)

**જે રે જીસ ઠાંમ ઉસે વેસા કે'વે,**
**તો રાહ તરીકતી પંથ સર લેવે.**

(તરીકતના પંથ પર જે માણસ જેવો રસ્તો અપનાવે અને જે માણસ જે સ્થાને હોય એવો જ એને કહેવાય.)

**વે રે પંથી ચુકા બિગત હો કે'તા,**
**વે સહી જાંનો ઉમર★ દોઝખ રે'તા.**

★**અમર**

(અલ્લાહના માર્ગ પર ચાલ્યા પછી જે તેની વિગત કહેતાં ચૂકી જાય તો તે આખી જિંદગી સુધી દોઝખમાં રહે છે તે બાબતને તમે સાચી માનો.)

**જે પીયા કેરે પંથે નાં રે'વે સુધા,**
**તો ક્યું પીયા પાવે જે પંથમાં બુધા.**

**-: રે તુહી :-**

(જે માણસ પીયુના પંથ પર ચાલતાં સીધો ના રહે અર્થાત સીધા રસ્તા પર ન ચાલે તો તે પોતાના પીયુને કેવી રીતે પ્રાપ્ત કરી શકે ?)


**પંથ પીયાકા દોહેલા, ખરા સો પાવે પાર રે,**
**ખરા સો પાવે પાર;**
**જબાં દુરિજન આપ કર, નાં પીતકા કરે આધાર રે,**
**નાં પીતકા કરે આધાર.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પીયુનો પંથ ખૂબ જ મુશ્કેલીઓથી ભરપૂર છે. ખરો અને સાચો હોય તે જ માણસ તેમાંથી સફળતાપૂર્વક પાર ઉતરે છે. દુરિજનના જેવી વાણી વાપરવાથી અને પીયુની પ્રીતનો આધાર ન લેવાથી પેલે પાર જઈ શકાય નહીં.) ✻



નવાને આવકારો જુનાથી મેળવો છુટકારો

અત્યંત લાભદાયી એક્ષચેન્જ ઓફર ખાસ હોટલ ઈન્ડસ્ટ્રીઝ માટે

METRO® છેલ્લાં ૩૦ વર્ષથી હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયેલા



▶ વોટર કુલરની રેન્જ - ૧૦ થી ૫૦૦ લીટર સુધી
▶ ઓઝોન ફ્રેન્ડલી ▶ વીજળીનો ઓછો વપરાશ
▶ સ્ટેનલેસ સ્ટીલનો એંગલ સ્ટ્રકચર અને બોડી



OUR OTHER PRODUCTS
Window Air Conditioner • Split Air Conditioner
Water Cooler • Vertical Freezers • Deep Freezers

MKTD. BY : METRO ENGINEERING CO. (Rahimbhai)
૮, હાઈટેક કોમ્પલેક્ષ, મ્યુઝીયમ સામે, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૫૮૯૬૯૮ ફેકસ : ૦૭૯-૨૬૫૮૯૨૪૦ મો. : ૯૮૨૫૦ ૩૫૩૮૨

Mfg. By : PERFECT ENGINEERS
૮/બી, હાઈવે કોમર્શીયલ સેન્ટર, દાણીલીમડા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૨૬૯૧૪, ૨૫૩૨૯૨૫૬, મો.૯૭૨૫૦૧૧૧૨૧ Email : perfectengg_1986@yahoo.co.in

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Expectation (આશા)

گر نبودی امید راحت و رنج
پای درویش بر فَلَک بودی
ور وزیر از خدا بترسیدی
همچنان کز مَلِک، مَلَک بودی

**ગર ના બૂદી ઉમ્મીદ રાહત વ રંજ**
**પાયે દરવેશ બર ફલક બૂદી**
**વર વઝીર અઝ ખુદા બતર સીદી**
**હમચનાક કઝ મલક, મલક બૂદી**

(જો રાહત કે દર્દ મેળવવાની કોઈ અપેક્ષા જ ન હોત તો દરવેશ (સૂફી સંત)ના પગ ક્યારના ય જન્નતમાં ફરતા થઈ ગયા હોત. જો બાદશાહનો વઝીર બાદશાહથી જેટલો ડરે છે એટલો અલ્લાહથી ડરતો હોત તો ક્યારનો ય ફરિશ્તો બની ગયો હોત.)

امیدوار بود آدمی به خیر کسان
مرا به خیر تو امّید نیست، شر مرسان

**ઉમ્મીદવાર બૂદ આદમી બ ખૈર કસાન**
**મરા બ ખૈર તૂ ઉમ્મીદ નીસ્ત શર મરસાન.**

(માણસો અન્ય લોકો પાસેથી ભલાઈની અપેક્ષા રાખે છે. મને તમારી પાસેથી ભલાઈની કોઈ આશા નથી; માત્ર મને કોઈ નુકસાન ન પહોંચાડો તો બસ છે.)

چو کعبه قبلۀ حاجت شد، از دیارِ بعید
روند خلق به دیدارش از بسی فرَسنگ
ترا تحمّلِ امثالِ ما بباید کرد
که هیچ کسِ نزند بر درختِ بی بر سنگ

**ચૂ કા'બા કિબ્લા હાજત શદ, અઝ દયારે બઈદ**
**રૂન્દ ખલક બ દીદારશ અઝ બસી ફરસંગ**
**તરા તહમ્મુલ અમ્શાલ મા બબાયદ કર્દ**
**કે હૈચ કસ નઝનદ બર દરખ્ત બી બર સંગ**

(દૂર દૂરના દેશોમાંથી લોકો ઘણા માઈલોની મુસાફરી કરીને મક્કા જઈ કા'બા સમક્ષ નમાઝ પઢે છે કારણ કે તે ઉમ્મીદો પરિપૂર્ણ થવાનું કેન્દ્ર છે. તેથી તમારે અમારા જેવા માણસોના અતિ આગ્રહને વશ થવું જોઈએ કેમકે કોઈ પણ માણસ ફળ બેઠેલાં ન હોય તેવા ઝાડ તરફ પથ્થર ફેંકતો નથી.)

## Experiece (અનુભવ)

به کارهای گران مردِ کاردیده فرست
که شیر شرزَه درآرد بَه زیر خمّ کمند
جوان اگرچه قوی یال و پیلتن باشد
به جنگ دشمنش از هول بگسلد پیوند
نبرد پیش مصاف آزموده معلوم است
چنان که مسئلۀ شرع پیش دانشمند

**બ કારહાઈ ગિરાન મર્દે કારદીદા ફરસ્તા**
**કે શેર શરઝા દરઆરદ બ ઝૈર ખમ્મ કમંદ**
**જવાન અગરચે કવી યાલ વ પીલીતન બાશદ**
**બ જગ દુશ્મનશ અઝ હૌલ બગસલદ પયવંદ**
**ન બરદ પેશ મિસાફ અઝ મૂદા માલૂમ અસ્ત**
**ચુનાન કે મસ્અલા શર્અ પેશ દાનિશમંદ**

(અગત્યની બાબતોમાં હર હંમેશ અનુભવી માણસની સેવાઓનો લાભ લો કારણ કે તે હિંસક સિંહને વશ કરવા શક્તિમાન બનશે અને લાંબા દોરડાથી તેને બંદીવાન બનાવી દેશે. જો કોઈ બિનઅનુભવી યુવકની ભૂજાઓ શક્તિશાળી હોય અને તેનામાં હાથીના જેટલી તાકાત હોય તો પણ તે લડાઈમાં દુશ્મનની આગળ ભયથી થરશે. અનુભવી યોધ્ધો યુધ્ધમાં લડવા માટે સારી લાયકાત ધરાવતો હોય છે, જેવી રીતે કોઈ વિદ્વાન ધર્મશાસ્ત્રી ધર્મને લગતી કોઈ પણ સમસ્યાને હલ કરી દેવા સક્ષમ હોય છે.

## Exploration (પ્રવાસ સંશોધન)

تا به دکّان و خانه در گروی
هرگز ای خام، آدمی نشوی
برو اندر جهان تفرّج کن
پیش از آن روز کز جهان بروی

**તા બા દક્કાન વ ખાના દર ગરવી**
**હરગિઝ અય ખામ, આદમી નશવી**
**બરો અંદર જહાન તફર્રૂજ કુન**
**પેશ અઝ આં રોઝ કઝ જહાન બરવી**

(અય અપરિપક્વ માણસ ! જ્યાં સુધી તું તારી દુકાન સાથે અને ઘર સાથે જ જોડાયેલો રહીશ ત્યાં સુધી તું જીવનમાં સફળ માણસ નહીં બની શકે. દુનિયાનું ભ્રમણ કરવા માટે સફર કરવા જા એ દિવસ પહેલાં કે તારે આ દુનિયાથી કૂચ કરવાની છે.)

## Extravagance (ઉડાઉપણું/ઉડાઉ ખર્ચ)

ابلهی کو روز روشن شمع کافوری نهد
زود بینی کش به شب روغن نباشد در چراغ

**અબલહી કો રોઝે રોશન શમ્અ કાફૂરી નહદ,**
**ઝૂદ બીની કશ બ શબ રોગન નવાશદ દર ચિરાગ**

(તમને ટૂંક સમયમાં જ જોવા મળશે કે જે મૂરખો દિવસ દરમિયાન કાફૂર(કપૂર)થી બનાવેલી મીણબત્તી સળગાવે છે તેની પાસે રાત્રે દિવો સળગાવવા માટે તેલ વધ્યું નહીં હોય.)

مَکُن فراخ رَوی در عمل اگر خواهی
که وقت رفع تو باشد مجال دشمن تنگ
تو پاک باش و مدار از کس ای برادر باک
زنند جامهٔ ناپاک گازران بر سنگ

**મકુન ફરાખ રવી દર અમલ અગર ખ્વાહી**
**કે વક્ત દફએ તવ બાશદ મજાલ દુશ્મન તંગ**
**તૂ પાક બાશ વ મદાર અઝ કસ અય બિરાદર બાક**
**ઝિંદા જામા નાપાક ગાઝરાન બર સંગ**

(જો તારે તારા દુશ્મનના કાવતરાથી સલામત બની જવાની ઈચ્છા હોય તો જ્યારે તું તારી ફરજ પર હોય ત્યારે ઉડાઉ પણે જીવન વ્યતીત ન કર, જ્યારે તને તારી ફરજ પરથી દૂર કરવામાં આવે તો અય બંધુ ! અડીખમ ઊભો થઈ જા અને કોઈનાથી ય ડરતો નહીં કેમકે ધોબી હંમેશાં ગંદાં કપડાંને જ પથ્થર ઉપર કૂટતો હોય છે.) ✻


## વિદ્યાર્થી ભાઈ-બહેનો જોગ

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા સાબરકાંઠા શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના શાળા કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ફૂલ સ્કેપ ચોપડા તથા નોટબૂક બનાવવામાં આવ્યા છે જેનું વિતરણ **તન્ઝીમે ઝયનબીયા, સાબરકાંઠા** દ્વારા સાબરકાંઠાના દરેક ગામમાં તા.૫-૫-૨૦૧૦થી ઈન્શાઅલ્લાહ શરૂ થશે. વહેલા તે પહેલાના ધોરણે ચોપડા તથા નોટબૂક મેળવી લેવા વિનંતી છે. કિંમત નીચે મુજબ છે.

| ચોપડા ૧ ડઝન રૂા.૧૭૦ | નોટબૂક ૧ ડઝન રૂા.૧૨૦ |
|---|---|

**સંપર્ક :** મો.બાકરઅલી - ૯૨૨૭૭૮૬૪૪૦
મો.હૈદરઅલી - ૯૪૨૯૨૩૫૧૨૮
મો.મહંમદઅલી - ૯૪૨૪૩૨૨૪૪૦
મો.નજરઅલી - ૯૯૭૪૪ ૪૬૬૮૬

## આશિકાને હક ટૂર

### યોજે છે હજ-ઉમ્રહ ઝિયારત

અલ્લાહના ફઝલો કરમથી, પીરો મુરશિદ અને મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓ સાથે અમારી નવીન ટૂર **'આશિકાને હક'** દ્વારા જૂન-૨૦૧૦માં (ઈ.અ.) પ્રથમ ટૂરનું આયોજન કરેલ છે. તો આ ટૂરમાં શામેલ થવા ઈચ્છતા મોમિન ભાઈ-બહેનોએ નીચેના મોબાઈલ નંબર્સ પર સંપર્ક કરવા અરજ છે.

**સંપર્ક**

**(૧) હાજી શેરઅલી દાઉદ મુખી (રસુલપુર-કાકોશી)**
મો. ૯૮૨૫૭૩૨૨૮૭

**(૨) કાસમઅલી સુલેમાન પલસાણીયા**
૯૯૨૫૨૮૨૨૨૮ -રસુલપુર
૦૯૦૨૯૧૪૦૭૬૫ -મુંબઈ

**(૩) હાજી મહંમદઅલી હાજી દાઉદ પલસાણીયા**
મુંબઈ(જોગેશ્વરી) મો.૦૯૮૬૯૧૦૨૮૮૫

# અરબી મૂળાક્ષરોનો પરિચય

(ગતાંકનું ચાલુ)

**નુક્તા વગરનો ખુત્બો**

❖ વિવિધ વિચારધારા ધરાવનારા મુસ્લિમો ઈમામ અલી બિન અબીતાલિબ(અ.)ની વિદ્વતા, હિકમત અને વકતૃત્વ વિદ્યાની શ્રેષ્ઠતાનો એક મતે સ્વીકાર કરે છે. અરબી ભાષાના ૧૫ નુકતાવાળા મૂળાક્ષરો પૈકી એક પણ મૂળાક્ષરનો ઉપયોગ કર્યા વગર ઈમામ અલી(અ.)એ કોઈ પણ જાતની પૂર્વ તૈયારી કર્યા વગર એક ખુત્બો આપ્યો હતો. નુક્તાવાળા અક્ષરોમાંથી કોઈ પણ અક્ષરનો ઉપયોગ કર્યા વગર અર્થપૂર્ણ શબ્દોવાળો ફકરો બનાવવો લગભગ અશક્ય જ કાર્ય છે. આ ખુત્બો મૌલા અલી(અ.)ના અરબી ભાષા ઉપરના પ્રભુત્વનું જવલંત ઉદાહરણ છે.

**અલિફના ઉપયોગ વગરનો ખુત્બો**

❖ હઝરત અલી(અ.)એ એક વખત અરબી મૂળાક્ષરોના પહેલા અક્ષર **'અલિફ'**નો ઉપયોગ કર્યા વગર એક ખુત્બો બયાન ફરમાવ્યો હતો. અરબી ભાષામાં **'અલિફ'**નો ઉપયોગ સૌથી વધારે પ્રમાણમાં થાય છે. જો નુક્તા વગરના મૂળાક્ષરો વાપરીને ખુત્બો આપવો એક અઘરું અને અશક્ય જેવું કાર્ય ગણાતું હોય તો 'અલિફ' (સ્વર)નો ઉપયોગ કર્યા વગર ખુત્બો આપવો પણ કેટલું બધું અઘરું કામ કહેવાય ? જે માણસ મુશ્કિલકુશાએ આલમ હોય તેમના માટે કોઈ પણ કાર્ય અશક્ય નથી. આ ખુત્બો મૌલા અલી(અ.)એ કોઈના નિકાહના પ્રસંગે બયાન ફરમાવ્યો હતો. શક્ય છે કે પોતાના કોઈ નિકાહના પ્રસંગે બયાન ફરમાવ્યો હોય. આ ખુત્બો **ખુત્બએ મુનીકહ** તરીકે ઓળખાય છે જેની ગૈર શીઆહ આલિમોએ પણ નોંધ લીધી છે. સંદર્ભ : (૧) મોહંમદ બિન મુસ્લિમ અલ શાફી કિતાબ-**કિફાયાન અલ તાલિબ** પેજ નં.૨૪૪ (૨) ઈબ્ને અબિલ હદીદ અલ મુઅતઝીલી **'શર્રે નહજુલ બલાગાહ'** ભાગ-૧૯, પેજ-૧૪૦

આ ખુત્બાને મુમ્તાજ આલિમોએ બયાન કર્યો છે જે નીચે પ્રમાણે છે. (૧) મોહંમદ રઝા અલ હકીમી કિતાબ - **સલૂની કબ્લ અન તફકીદુની** ભાગ-૨, પેજ નં. ૪૪૨-૪૩ (૨) સૈયદ અલ મૂસવી **અલ ઝતારહ મીન બિહાર મનાકિબે આલે નબી વલ ઈતરહ** ભાગ-૨, પેજ-૧૭૨ (૩) હસન અલ દુલાફી **-ફઝાઈલે આલે રસૂલ,** પેજ-૧૬

સૌજન્ય : www.al-islam.org/nutshell

❖ **'અલિફ'** અને **'ઐન'** બન્ને સહેજ તફાવત સાથે ઉચ્ચારતા અક્ષરો છે. ગુજરાતી ભાષામાં તેનો ઉચ્ચાર દર્શાવવા માટે માત્ર **'અ'** જ છે. અલિફનો ઉચ્ચાર ગુજરાતી ભાષાના **'અ'**ને મળતો આવે છે.

❖ એવી જ રીતે અરબીમાં **'જિમ', ઝાલ, ઝે, ઝોય, ઝુવાદ** એમ અલગ અલગ અક્ષરો છે ત્યારે ગુજરાતીમાં માત્ર બે જ અક્ષરો છે, જ અને ઝ. **જિમ**નો ઉચ્ચાર જ જેવો થઈ શકે છે. બાકીના અક્ષરો **ઝાલ, ઝે, ઝોય, ઝુવાદ**ના ઉચ્ચાર દરેક અક્ષરના અલગ ઉચ્ચાર સાથે ગુજરાતી ભાષાના 'ઝ'ને મળતા આવે છે.

❖ અરબી ભાષામાં **હૈ, ખૈ, ઐન, ગૈન** અને **કાફ** અક્ષરો ગળામાંથી બોલાય છે. ઉપરોક્ત અક્ષરોના ઉચ્ચાર ગુજરાતી ભાષાના અનુક્રમે **હ, ખ, અ, ગ** અને **ક** અક્ષરોને ગળામાં બોલવાથી અરબી ઉચ્ચાર મળી રહેશે. **દા.ત.** હક, ખલ્ક, અલ્ક, ઈદ, ગમ, કદ્ર

❖ અરબીના બે અક્ષરો જીભને આગળના દાંતની જરાક બહાર કાઢીને બોલાય છે તે બે અક્ષરો છે **સે** અને **ઝાલ**. ગુજરાતી ભાષાનો **સ** અને ઝ બોલતી વખતે જીભને આગળના દાંતની વચ્ચે રાખીને બોલવાથી ઉપરોક્ત અરબી અક્ષરોના ઉચ્ચાર મળી રહેશે. દા.ત. સવાબ, ઝિક્ર.

❖ અરબીનો એક અક્ષર સિસોટીની જેમ બોલાય છે અને તે અક્ષર છે **'સાદ'**( ص ). સિસોટી સાથે **'સ'**નો ઉચ્ચાર બન્ને હોઠોમાંથી કરવાથી **સાદ**નો ઉચ્ચાર મળી રહેશે. દા.ત. તસ્વીર, સબ્ર

❖ અરબીના એક અક્ષરનો ઉચ્ચાર જીભને દાઢની વચ્ચે રાખીને બોલાય છે અને તે અક્ષર છે **ઝુવાદ.** ગુજરાતી ભાષાનો 'ઝ' બોલતી વખતે જીભને દાઢની વચ્ચે રાખવાથી ઝુવાદનો ઉચ્ચાર મળી રહેશે. દા.ત. **ઝાલ્લીન, અર્ઝ**

❖ અરબીના એક અક્ષરનો ઉચ્ચાર જીભની વચ્ચેથી બોલાય છે અને તે અક્ષર છે **ઝોય.** તેના ઉચ્ચાર માટે ગુજરાતીનો 'ઝ'નો ઉચ્ચાર જીભની વચ્ચેના ભાગમાંથી કરવો. દા.ત. **ઝાલિમ, ઝાહિર**

❖ અરબીનો એક અક્ષર 'ઝે' ( ژ )જીભની અણીથી બોલાય છે. ગુજરાતી ભાષાનો 'ઝ' જીભની આગળના ભાગથી બોલવાથી આ ઉચ્ચાર મળી શકશે. દા.ત. **નમાઝ, ઝકાત**

❖ અરબીના એક અક્ષરનો ઉચ્ચાર જીભની વચ્ચેથી જાડો ઉચ્ચાર કરવાથી બોલાય છે અને તે અક્ષર છે **તોય.** ( ط ) ગુજરાતી ભાષાના **'ત'**નો ઉચ્ચાર જીભની વચ્ચેથી જાડો ઉચ્ચાર કરવાથી આ અક્ષરનો ઉચ્ચાર મળી શકશે. દા.ત. **તાહિર, તાલિબ** (ક્રમશઃ)



મહંમદભાઈ-હિંમતનગરવાલા મો.૯૨૨૮૭૪૩૯૨૧

અકબરઅલી-સુરપુરવાલા મો.૯૨૨૮૩૨૬૪૨૯



**પર્યટન**

**બેગ વર્ક્સ**



**સ્કૂલ, કોલેજ, ઓફિસ, ટ્રાવેલિંગ, શોપીંગ તેમજ દરેક પ્રકારની જાહેરાત માટેની બેગો તેમજ સ્પેરવીલ કવર ઓર્ડર ઉપર હોલ-સેલ તથા રીટેલ બનાવનાર**

**રીપેરીંગ કામ સંતોષકારક કરી આપવામાં આવશે.**

**હજ-ઝિયારત માટે ટ્રાવેલીંગ બેગ વ્યાજબી ભાવે બનાવી આપવામાં આવશે.**

**દેસાઈવાડા નજીક, જૈન દેરાસર સામે, જૂના બજાર, હિંમતનગર-૩૮૩ ૦૦૧. (સા.કાં.)**



મો. ૯૪૨૮૦૮૯૧૧૦

# ✚ અકીલા હોમિયોપેથિક કલીનીક ✚

## ડો. મંઝુરહુસૈન એ. વિજાપુરા (મહેરપુરા)

(B.H.M.S.)

કન્સલ્ટીંગ હોમિયોપેથ

**દર રવિવારે રજા રહેશે.**

**સમય**

**સાંજે : ૪ થી ૬**

**સ્થળ**

**ઠે. ડો. તાહેરઅલી જી. વિજાપુરા**
**પાંચ પીપળી પોલિસ ચોકીની સામે,**
**જમાલપુર, અમદાવાદ.**

તા.૨૪-૨-૨૦૧૦થી શુભ શરૂઆત

**સમય**

**સવારે : ૧૦ થી ૧ / સાંજે ૬ થી ૯**

**સ્થળ**

**FF/6, રોયલ અકબર રેસીડેન્સી,**
**સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ-૫૫**

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે સિફ્ફીનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછી એક દિવસ ફરીથી એવા સંજોગો ઊભા થયા કે જનાબે અમીર(અ.)ના દોસ્ત અબ્બાસ બિન રબીઆ અલ હાશમી મેદાનમાં નીકળ્યા. પેલી બાજુથી મોઆવિયાના મિત્રોમાંથી ગવાર તેમના મુકાબલા માટે આવ્યો. તે અબ્બાસને કહેવા લાગ્યો, અય અબ્બાસ ! શું તું મારી સાથે લડીશ ? અબ્બાસે કહ્યું, તું મારી સાથે નીચે ઉતરીને જંગ કર. આટલું કહીને બન્ને ઘોડાઓ પરથી નીચે ઉતર્યા અને જંગ કરવા લાગ્યા. બન્ને લશ્કર ત્યાંથી દૂર ખસીને બન્ને બહાદુરોની કારસ્તાની જોવા લાગ્યા. એક કલાક સુધી બન્ને જણ લડતા રહ્યા. બન્નેમાંથી કોઈ પણ એકબીજા પર વિજયી ન બન્યો. પછી ફરીથી જંગ કરવા લાગ્યા. અબ્બાસ બિન રબીઆને પેલા શામીની ઝિરહનો બંદ એક જગ્યાએ ઢીલો નજરે પડ્યો. અબ્બાસની તલવાર ખૂબ જ તેજ હતી. અબ્બાસે તેની ઝિરહના ઢીલા બંદની વચ્ચોવચ તાકીને એવી તલવાર મારી કે તે બે ટુકડામાં વિભાજિત થઈ ગયો. લોકોએ આવી હાથની સફાઈ જોઈને તકબીરનો નાઅરો બુલંદ કર્યો અને નવાઈ પામ્યા. મોઆવિયા અને શામના બીજા લોકોને એવો ખયાલ પેદા થઈ ગયો કે અલી વેશ બદલીને મેદાનમાં આવેલા છે. અબ્બાસ ત્યાંથી પાછા ફરીને ઘોડા ઉપર સવાર થઈ ગયા અને થોડા સમય માટે બન્ને હરોળોની વચ્ચે ટહેલતા રહ્યા. પછી પોતાની જગ્યાએ પાછા ગયા.

મોઆવિયાએ પોતાના લશ્કરવાળાઓને કહ્યું કે છે કોઈ એવો કે જે મેદાનમાં જઈને તે સવારને કતલ કરે ? હું તેને ઈનામ આપીશ. આ સાંભળીને યમનવાસીઓમાંથી બે યુવાનો ઉછળી પડ્યા કે અમે આ કાર્યને પૂર્ણ કરીશું. મોઆવિયાએ કહ્યું, તમારામાંથી જે માણસ આ સવારને કતલ કરવામાં પહેલ કરશે તો જે કંઈ વાયદો મેં કર્યો છે તે પૂરો કરીશ અને બીજા માણસને પણ એટલું જ ઈનામ આપીશ. બન્ને એક સાથે મેદાનમાં ગયા અને જંગના સ્થળે પહોંચીને બરાડા પાડવા લાગ્યા, અય અબ્બાસ! અમારા મુકાબલા માટે બહાર નીકળ. અબ્બાસે કહ્યું, હું મારા આકાની રજા લઈને તમારી પાસે આવું છું. ત્યાંથી જનાબે અમીર(અ.)ની ખિદમતમાં પરવાનગી લેવા માટે ગયા.

જનાબે અમીર(અ.)એ તેમને પોતાની પાસે બોલાવીને તેમનાં હથિયાર પોતાના શરીર ઉપર ધારણ કર્યાં અને તેમના ઘોડા ઉપર સવાર થઈને મેદાનમાં તશરીફ લઈ ગયા. એ વખતે જનાબે અમીર અને ઈબ્ને અબ્બાસમાં તફાવત પાડી શકવો મુશ્કેલ હતો. બન્ને દુશ્મનોએ આપને કહ્યું, અય અબ્બાસ ! શું આપ પોતાના આકાની પરવાનગી લઈને આવ્યા છો ? તેના જવાબમાં આપે આ આયત પઢી. (ભાવાર્થ - પરવાનગી આપવામાં આવી છે વાસ્તે એ લોકોથી કે લડાઈ કરે છે તેઓ કોઈ કારણ વગર કે જેમને જાલિમ કરવામાં આવ્યા છે, નિઃશંકપણે અલ્લાહ તઆલા તેમને વિજય આપવા માટે શક્તિમાન છે.)

એ બન્ને જવાનોમાંથી એકે આપના ઉપર હુમલો કર્યો. આપે તેની ડુંટી ઉપર તલવાર મારી

અને એવી સફાઈથી કાપી નાખ્યો કે લોકોને એવું ગુમાન થયું કે આપનો વાર ખાલી ગયો છે. પરંતુ જ્યારે ઘોડો ઉછળ્યો તો તેના શરીરના બન્ને ટુકડા જમીન પર પડી ગયા. ત્યાર પછી આપે બીજા યુવાન ઉપર હુમલો કરીને તેની પણ તેના મિત્ર સાથે મુલાકાત કરાવી દીધી. પછી જનાબે અમીર(અ.) એક કલાક સુધી મેદાનમાં ઘોડાને ફેરવતા રહ્યા.

મોઆવિયા કહેવા લાગ્યો કે આ જનાબે અમીર છે. કહેવા લાગ્યો, ખુદા નાહકની ઝંઝટનો સત્યાનાશ કરે. જનાબે અમીર તો બેઠેલા હતા. મેં જાતે જ સવાર થઈને પોતાની જાતને બદનામ કરી. ઉમરૂ બિન આસે કહ્યું, બદનામ તો એ થયા કે જે માર્યા ગયા. મોઆવિયાએ કહ્યું, નીચ ! ચૂપ રહે. તારા બોલવાનો સમય નથી. ઉમરૂ બિન આસે કહ્યું, જો મારા બોલવાનો સમય નથી તો ખુદા તઆલા લુખ્મીઓ પર રહમ કરે અને હું જાણું છું કે ખુદાએ તેમના ઉપર ચોક્કસ રહમ કરી હશે.

આ આખીય લડાઈમાં કે જે સિફ્ફીનના નામથી મશહૂર છે. લયલતુલ હરીરનો પ્રસંગ ખૂબ જ હેરત પમાડે તેવો છે. એ રાતમાં જનાબે અમીર જે સમયે કોઈ માણસને કતલ કરતા તો મોટા અવાજે તકબીર પઢતા. એવી ગણતરી કરવામાં આવી છે કે એ રાત્રે આપે પાંચસો ત્રણ માણસોના કતલ ઉપર પાંચસો ત્રણ તકબીરો પઢી. લોકો તે રાતમાં પૂરની માફક ઉમેટલા હતા અને જેવી રીતે નર મસ્તીથી ફરે છે તેવી રીતે ફરી રહ્યા હતા. જ્યારે સવાર પડી તો મરનારાઓની સંખ્યા ત્રણ હજારનો આંકડો પાર કરી ગઈ હતી. એ જુમ્આના દિવસની રાત હતી. સવારે જનાબે અમીર અને આપનું આખું લશ્કર રણ મેદાનમાં રક્તપાત કરવામાં મગ્ન હતું. આપ વચ્ચેના ભાગમાં ઊભેલા હતા. લશ્કરની જમણી બાજુએ માલિકે ઉશ્તર અને ડાબી બાજુએ અબ્દુલ્લાહ બિન અબ્બાસ જોશ સાથે ઊભેલા હતા. જનાબે અમીરની ફોજ પર વિજયનાં ચિહ્નો હતાં. માલિકે ઉશ્તર લશ્કરની જમણી બાજુએ તીરંદાજી કરવામાં મગ્ન હતા અને ક્યારેક પોતાના લશ્કરને એવું કહેતા હતા કે આ નેઝાના અંતરથી તીર ફેંકો અને ક્યારેક એવું કહેતા હતા કે આ કમાનના અંતરથી તીર ચલાવો અને વળી ક્યારેક એવું કહેતા હતા કે આવા અંદાજથી તીર ફેંકતા રહો.

જનાબે અમીરે જોયું કે માલિકે ઉશ્તર વિજય મેળવવાની અણી પર છે તો આપે તેમની મદદ માટે વધુ લશ્કર રવાના કર્યું. મોઆવિયાએ જોયું કે શામની ફોજ હારી ચૂકી છે અને ઈરાકવાળા પ્રભુત્વ મેળવી ચૂક્યા છે, શામીઓ નાસી જવા માટે કટીબધ્ધ થયેલા છે તો ઈબ્ને આસને કહેવા લાગ્યો, આ વખતે શું કોઈ એવી તદ્બીર(યુક્તિ) છે કે જેના કારણે આપણે પરેશાનીથી બચી જઈએ અને ઈરાકવાળાઓમાં ફાટફૂટ પડી જાય ? ઈબ્ને આસે કહ્યું, હા. એવી તદ્બીર છે. કુરાને મજીદને નેઝાઓ સાથે બાંધીને અલમ બનાવી દો અને ઈરાકવાળાઓને એવું કહો કે ખુદાની કિતાબ તમારી અને અમારી વચ્ચે હુકમ છે. જો તેમણે સ્વીકાર કરી લીધો તો આપણે લડાઈને બીજા સમય માટે ટાળી દઈશું. જો કદાચ તેમનામાંથી કેટલાક લોકોએ ઈન્કાર કરી દીધો તો કેટલાક એવું ચોક્કસ કહેશે કે ખુદાની કિતાબને માનવી જોઈએ. આ કારણે તેમનામાં ફાટફૂટ પડી જશે.

આ મુજબ શામીઓએ કેટલીક કુરઆને મજીદને નેઝાઓ સાથે બાંધીને અલમ બનાવી દીધા અને કહ્યું, અય ઈરાકના લોકો ! આ ખુદાની કિતાબ તમારી અને અમારી વચ્ચે હુકમ છે. જ્યારે લોકોએ અલ્લાહના કલામને નેઝાઓ પર બાંધેલું જોયું તો કહેવા લાગ્યા કે આપણે ખુદાની કિતાબનું સન્માન જાળવવું જોઈએ. જનાબે અમીર(અ.)એ તેમને ફરમાવ્યું, અય ખુદાના બંદાઓ ! તમારા

અધિકારોને છોડી ન દો. મોઆવિયા અને ઈબ્ને આસ અને ઈબ્ને મઈત અને ઈબ્ને અબીસરહ અને ઝહાકને હું ખૂબ સારી રીતે ઓળખું છું. તેઓ કદાપિ કુરઆનવાળા છે જ નહીં. હું બચપણમાં અને યુવાનીમાં તેમની સાથે રહ્યો છું. ખુદાની કસમ, તે લોકોએ દગાફટકા અને છળકપટના માર્ગે કુરઆન શરીફને નેઝાઓ ઉપર બુલંદ કર્યું છે. હવે આ લોકો જંગમાં હારી ચૂક્યા છે અને નાસી જવાની અણી ઉપર છે.

જનાબે અમીર(અ.)ના લશ્કરના લોકોએ તેમની સાથે લડવાનો ઈન્કાર કરી દીધો. જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું, હું એમની સાથે માત્ર એટલા માટે જંગ કરું છું કે તેઓ ખુદાની કિતાબનો હુકમ માને પરંતુ આ તો ખુદાની કિતાબની નાફરમાની કરે છે અને અહદને તોડી નાખે છે. તેમણે ખુદાની કિતાબને છોડી દીધી છે. મસઉદ બિન બદાક અલ તમીમી અને ઝૈદ બિન હસીન અલ તાઈ જનાબે અમીર(અ.)ને કહેવા લાગ્યા, તે લોકોએ આપણને જ્યારે ખુદાની કિતાબ તરફ બોલાવ્યા છે તો હવે તેમની દાવતનો સ્વીકાર કરીએ નહિતર અમે આપને પકડીને તેમના હવાલે કરી દઈશું. જનાબે અમીર(અ.) અને ઈબ્ને અબ્બાસ લડાઈથી અલગ થઈ ગયા. પરંતુ માલિકે ઉશ્તર તો પહેલાંની માફક લડતા જ રહ્યા. તે લોકોએ જનાબે અમીરને અરજ કરી કે આપ માલિકે ઉશ્તરને બોલાવી લો જેથી તે પણ લડાઈથી અલગ થઈ જાય. જનાબે અમીર(અ.)એ યઝીદ બિન હાનીને કહ્યું કે માલિકે ઉશ્તર પાસે જઈને કહો કે મારી પાસે ચાલ્યા આવે. ઉશ્તરે યઝીદને કહ્યું, અમીરુલ મોમિનીનની ખિદમતમાં જઈને મારા તરફથી અરજ કરો કે આ સમય તમારી પાસે આવવાનો નથી. અત્યારે આપ મને આ જગ્યાએથી ન ખસેડતા. મને વિજયનાં ચિહ્નો નજરે પડે છે. (ક્રમશઃ)

## General Knowledge Corner (104)

**(૧) વેળાવદરનું અભ્યારણ શાના માટે જાણીતું છે?**
(A) કાળિયાર (B) સુરખાબ
(C) સિંહ (D) ઘુડખર

**(૨) બુલંદ દરવાજાની ઈમારત ક્યાં આવેલી છે?**
(A) દિલ્હી (B) આગ્રા
(C) ફતેપુર સિક્રી (D) લખનૌ

**(૩) પંચમઢી કયા રાજ્યનું હિલ સ્ટેશન છે ?**
(A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ
(C) ઉત્તર પ્રદેશ (D) બિહાર

**(૪) વેટ કયા ટેક્સના સ્થાને લાગુ કરાયો છે?**
(A) આવકવેરો (B) કેન્દ્રીય વેચાણવેરો
(C) એક્સાઈઝ ડ્યૂટી (D) વેચાણવેરો

**(૫) મરીના બીચ ક્યાં આવ્યો છે ?**
(A) મુંબઈ (B) ચેન્નાઈ
(C) ગોવા (D) કોલકાતા

**(૬) ગુજરાતનો સમુદ્રતટ કેટલા કિલોમીટર લાંબો છે?**
(A) ૧૬૦૦ (B) ૨૦૦૦
(C) ૧૦૦૦ (D) ૧૨૦૦

**(૭) સુરસાગર તળાવ કયા શહેરમાં આવેલું છે?**
(A) સુરત (B) જામનગર
(C) વિરમગામ (D) વડોદરા

**(૮) ડાંગ જિલ્લાનું મુખ્ય મથક કયું છે ?**
(A) છોટા ઉદેપુર (B) ધરમપુર
(C) વાંસદા (D) આહવા

**(૯) તરણેતરનો મેળો કયા જિલ્લામાં ભરાય છે?**
(A) સુરેન્દ્રનગર (B) રાજકોટ
(C) અમરેલી (D) ભાવનગર

**(૧૦) નીલમબાગ પેલેસ કયા શહેરમાં છે ?**
(A) જામનગર (B) વડોદરા
(C) ભાવનગર (D) મોરબી

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### લોકો સાથે સમાધાન

(ગતાંકનું ચાલુ)

લોકો સાથે સમાધાન એટલે બે વ્યક્તિઓ કે બે જૂથો કે જે કોઈ ઝઘડાને કારણે કે કોઈ અણબનાવને કારણે એકબીજાથી અળગા થઈ ગયા હોય, એકબીજા સાથે અબોલા લીધા હોય તેમને સમજાવટથી ભેગા કરી દેવા.

દરેક મુસલમાનની એ ફરજ છે કે બે વ્યક્તિઓ કે જૂથો કે જેમનાથી તે પરિચિત હોય તેમની સાથે સુલેહ કરાવે, સમાધાન કરાવી દે.

આ અંગે કુરઆનમાં અલ્લાહ તઆલા પારા-૨૬, સૂરએ હોજોરાત, આયત-૧૦માં ફરમાવે છેઃ

**'સિવાય તેના કાંઈ જ નથી કે મોમિનો (પરસ્પર ભાઈ) ભાઈ છે માટે તમે તમારા (ઝઘડેલા) ભાઈઓ વચ્ચે સુલેહ કરાવી દો, અને અલ્લાહથી ડરતા રહો કે કદાચને તમારા પર રહમ કરવામાં આવે.'**

જો કોઈ માણસ કોઈ પણ ખર્ચ વગર બે પક્ષો વચ્ચે સમાધાન - સુલેહ કરાવી શકતો હોય તેમ છતાં સમાધાન ન કરાવે તો આવા પગલાં ભરવા બદલ તે વ્યક્તિ જવાબદાર રહેશે.

જો કોઈ વ્યક્તિ આપણને કોઈ નુકસાન પહોંચાડે તો આપણે એટલી જ માત્રામાં તેના બદલામાં તેને નુકસાન પહોંચાડવા હકદાર છીએ પરંતુ આપણા પક્ષે પોતાના અખ્લાક બતાવવા એક ઉદાહરણ પૂરું પાડવું અને તેને માફ કરી દેવું તે વધારે સારી બાબત છે. આ બાબત આપણને સમજાવવામાં આવી છે.

અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં આ મુજબ ફરમાવે છે :

**'કોઈ પણ જાતની ઈજાનું વળતર (એટલી જ માત્રામાં) ઈજા પહોંચાડવી તે છે પરંતુ જો માણસ માફ કરી દે અને સમાધાન કરી દે તો તેનો બદલો અલ્લાહ પાસે છે કેમકે અલ્લાહ એવાને દોસ્ત નથી રાખતો કે જે ખોટું કરે છે.'**

વળી ઈમામ અલી મુર્તઝા(અ.) તો બે પક્ષો વચ્ચે સમાધાન કરાવવાની બાબતને દાન(સખાવત) કરવા બરાબર ગણે છે. ઈમામ(અ.) ફરમાવે છેઃ

**'બે પક્ષો વચ્ચે સમાધાન કરાવવું એ ઉત્તમ પ્રકારની સખાવત(દાનધર્મ) છે.'**

પરંતુ સમાધાનની પણ કેટલીક મર્યાદાઓ હોય છે. જો કે ઈસ્લામ ધર્મ શાંતિપ્રિય ધર્મ છે તેમ છતાં આળસને પસંદ નથી કરતો.

જો કોઈ માણસ ઈસ્લામી શરીઅતનો ભંગ કરે અને બીજાના હક્કોનો ભંગ કરે તો તેણે 'હક્કુન્નાસ'નો ગુનો કર્યો કહેવાશે અને આ માટે તેની સામે કાર્યવાહી કરવી જોઈએ.

આ સંદર્ભમાં કુરઆન શરીફ આવું જ કંઈ ફરમાવે છે :

**'જો ઈમાનદારોમાંના બે પક્ષો વચ્ચે કોઈ ઝઘડો ઉત્પન્ન થાય અને તમે તે બન્ને વચ્ચે સુલેહ કરાવો પરંતુ તેમાંનો એક પક્ષ બીજા પક્ષની વિરૂધ્ધ બેહદ મર્યાદા ભંગ કરે તો તમે (બધા) તેમની સામે લડો ત્યાં સુધી કે તે અલ્લાહની આજ્ઞા અનુસાર ન વર્તે પરંતુ જો તે અલ્લાહની આજ્ઞા અનુસાર વર્તે તો તેમની સાથે ન્યાયપૂર્વક સુલેહ કરાવો અને ન્યાયપૂર્વક વર્તો કેમકે અલ્લાહ એવા જ લોકોને દોસ્ત રાખે છે કે જેઓ ન્યાયી હોય.'**

લોકોને સખાવત કે સુલેહ દ્વારા ભેગા કરવાનું

મુખ્ય કારણ તો એકતા છે. ઈસ્લામ વૈશ્વિક ધર્મ છે જે લોકોને શારીરિક અસમાનતા હોવા છતાં ભેગા કરે છે. એકત્ર હોઈશું તો જ આપણે જીવતા રહી શકીશું અને આબાદ બની શકીશું. જો આપણે આપણી જાતને વિભાજિત થવા દઈશું અને અંદરો અંદર ઝઘડતા રહીશું તો બીજા લોકો આનો ગેરલાભ ઉઠાવશે અને બે પક્ષો વચ્ચેની ખાઈને વધારે પહોળી બનાવી દેશે.

માટે પયગમ્બરે ઈસ્લામ(સ.)એ જે ફરમાવ્યું છે તેને હંમેશાં યાદ રાખીએ :

**'એ માણસ કે જે મુસલમાનોના મામલાઓમાં રસ ધરાવતો નથી તે મુસલમાન જ નથી.'**

## દાનધર્મ-સખાવત

દાનધર્મ અથવા સખાવતનો અર્થ છે પોતાના દીનબંધુઓની સાથે પ્રેમભાવ રાખવો અને જ્યારે તેમને જરૂર હોય ત્યારે તેમને મદદ કરવી. ધર્મમાં દાનધર્મનો મહિમા બહુ ઊંચો છે. આ એક એવું કાર્ય છે કે જે જીવનમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. જરૂરિયાતમંદ લોકોની મદદ કરવી તે ઈસ્લામી બિરાદરી અને ઈસ્લામી શિષ્ટાચારનો એક અગત્યનો ભાગ છે.

- સખાવત ઝોહદમાંથી ઉત્પન્ન થાય છે અને તે પયગમ્બરોની અને અવલિયા અલ્લાહની સિફત છે. એમાં ઘણી ખૂબીઓ રહેલી છે. હઝરત અલી મુર્તઝા(અ.)ના શબ્દોમાં કહીએ તો -

**'સખાવત સખીને બુઝુર્ગી અર્પે છે.'**

- હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે, **'સખાવત જન્નતનું એક વૃક્ષ છે કે જેની ડાળીઓ જમીન પર ફેલાયેલી છે.'**

- હઝરત રસૂલે ખુદા(સ.)નું કથન છે, **'સખી ખુદાની નિકટતા પ્રાપ્ત કરે છે અને જહન્નમની આગથી દૂર થાય છે.'**

- એક અન્ય સ્થળે હુઝૂર(સ.)એ ફરમાવ્યું છે, **'જન્નત દાનેશ્વરી લોકોનું ઘર છે અને ખુદા વયોવૃધ્ધ આબિદ કરતાં ગુનેગાર સખી યુવકને વધારે દોસ્ત રાખે છે.'**

- હઝરત રસૂલે ખુદા(સ.)નું કથન છે, **'દાનેશ્વરીને આકાશવાસીઓ દોસ્ત રાખે છે અને પૃથ્વીવાસીઓ પણ.'**

- હદીસમાં છે કે **'જે કંઈ તમારી પાસે મોજૂદ હોય તેમાંથી સખાવત કરો તેના કારણે તમારાં વખાણ થશે.'**

- **'માણસની સખાવત તેના વિરોધીઓને પણ તેનો ચાહક બનાવી દે છે અને તેની કંજૂસાઈના કારણે તેની ઓલાદને પણ તેના વિરોધી બનાવી દે છે.'**

- **'સખાવતી સ્વભાવ શરાફત (સજ્જનતા)ની દલીલ હોય છે.**

- **'જે સખાવત કરે છે તે સરદારી મેળવે છે.** (બિહારૂલ અન્વાર)

- **સખાવત ઈઝ્ઝતની સુરક્ષા કરે છે.'** (શર્હે નહજુલ બલાગહ ઈબ્ને અબીલ હદીદ)

- **ઉચ્ચ કક્ષાની સખાવત એ છે કે જે કંઈ મોજૂદ હોય તેમાંથી ખર્ચ કરવામાં આવે.'** (ગોરૂલ હકમ)

- **સૌથી મોટો સખી એ છે કે જે એ(માણસ)ને પણ આપે કે જે તેની પાસે આશા રાખતો ન હોય.**

-હઝરત ઈમામ હુસૈન(અ.)

- **સૌથી મોટો દાનેશ્વરી એ છે કે જે રાહે**

★★★ **દિલસે જો દુઆ નીકલતી હૈ, અસર રખતી હૈ,**
**પર નહીં, તાકતે પરવાઝ મગર રખતી હૈ.** ★★★

(દિલના ઊંડાણમાંથી જે દુઆ નીકળતી હોય તે અસરકારક હોય છે. એવી દુઆને પાંખો નથી હોતી તેમ છતાંય તે અલ્લાહ સુધી ઉડીને પહોંચવાની તાકત કરાવે છે.

**ખુદામાં પોતાના જાનની અને માલની સખાવત કરે.**

-હઝરત રસૂલે અકરમ(સ.)

- સખી માણસ એ સમય સુધી સખી બની શકતો નથી જ્યાં સુધી તેનામાં ત્રણ બાબતો જોવા ન મળે -

(૧) તે તંગી અને આસાની બન્ને પરિસ્થિતિઓમાં પોતાના માલની સખાવત કરે.

(૨) તે હકદાર લોકો માટે પોતાના માલનો ખર્ચ કરે.

(૩) તે એવું સમજે કે જે કોઈએ તેની પાસેથી જે કંઈ લીધું છે તે (સખાવત કરનાર માણસ) તેનો ઉપકારવશ છે. જે કંઈ તેને અલ્લાહે આપ્યું છે તે તેની સખાવત કરતાં ઘણું વધારે છે.

- ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે,

**'સખી સરદાર એ હોય છે કે જે અલ્લાહના હકને સમયસર અદા કરે. એ માણસ સખી હોતો નથી કે જે માલને નાજાઈઝ રીતે મેળવે અને પછી નાજાઈઝ સ્થાને ખર્ચે.' (ક્રમશઃ)**

## ટચૂકડી વાત

*બની ઉમય્યાનો એક ખલીફો.*

*ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ નામ.*

*ખલીફો બન્યા પહેલાં તે એક વાર હજ પઢવા ગયેલો. રસ્તામાં તે ભારે ઘમંડ અને મગરૂરીથી ચાલી રહ્યો હતો.*

*કોઈએ તેને જોયો તો તેને આ માણસની ચાલવાની ઢબ ગમી નહીં.*

*પેલો માણસ ઉમરની સુધારણા કરવાના ઈરાદાથી તેની સાથે ઘસડાઈને ચાલ્યો અને પોતાની આંગળી તેના પેટમાં જોરથી ઘોંચીને બોલ્યો,*

*'જેના પેટમાં ગંદકી અને દુર્ગંધ મારતી વસ્તુઓ(મળ) ભરેલો હોય તેણે આ રીતે અકડીને ઘમંડપૂર્વક ચાલવું ન જોઈએ.* *

## નુસ્ખા

### દાંતની પીડા


* હિંગને પાણીમાં ઉકાળીને કોગળા કરવાથી દાંતનો દુઃખાવો મટે છે.
* દાંત હાલતા હોય અને દુઃખવો થતો હોય તો હિંગ અથવા અક્કલગરો દાંતમાં ભરવાથી આરામ થાય છે.
* સવારના પહોરમાં કાળા તલ ખૂબ ચાવીને ખાવાથી અને ઉપર થોડું પાણી પીવાથી દાંત મજબૂત બને છે.
* વડની વડવાઈનું દાતણ કરવાથી હાલતા દાંત મજબૂત બને છે.
* તલનું તેલ હથેળીમાં લઈને આંગળી વડે પેઢા પર ઘસવાથી હાલતા દાંત મજબૂત બને છે.
* લીંબુનો રસ દાંતના પેઢા પર મસળવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
* સરસિયાના તેલ સાથે મીઠું ભેળવીને દાંત પર ઘસવાથી પાયોરિયા મટે છે.
* તલના તેલનો કોગળો મોઢામાં દસ-પંદર મીનિટ ભરી રાખવાથી પાયોરિયા મટે છે અને દાંત મજબૂત બને છે.
* ફુલાવેલી ફટકડીનો પાવડર દાંતના પેઢા પર દબાવવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
* દાંતનું પેઢું સુઝી ગયું હોય તો મીઠું અને હળદર પાવડર મેળવી પેઢા પર ઘસવાથી મટે છે.
* દાંતનું પેઢું સુઝી ગયું હોય તો મીઠાના ગાંગડાથી તેને ફોડી તેના પર ફુલાવેલી ફટકડીનો પાવડર લગાડવાથી મટે છે.
* તેલ, લીંબુનો રસ અને મીઠું મેળવીને દાંતે ઘસવાથી દાંતનો દુઃખાવો, દાંતની પીળાશ અને દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
* સફરજનના રસને ખાવાના સોડા સાથે મેળવીને દાંતે ઘસવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે અને દાંતની છારી મટે છે.(ક્રમશઃ)

# આપણા ઘરની વાતો

● **મશાયખ(બોયઝ) હોસ્ટેલ, અમદાવાદમાં મિલન સમારંભ :**

હઝરત પીર મશાયખ(રહે.) બાવાના રોઝાના કમ્પાઉન્ડમાં તા.૧૦-૩-૨૦૧૦ના રોજ રાત્રે મશાયખ(બોયઝ) હોસ્ટેલ, અમદાવાદના વિદ્યાર્થીઓ અને અમદાવાદ મિત્ર મંડળના સભ્યોનો ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાઈ ગયો. પ્રમુખ સ્થાને જમાઅતના મુખીશ્રી હાજી ઈબ્રાહીમભાઈ શેલીયા અને અતિથિ વિશેષ તરીકે શ્રી એ.ડી.મોમિન અને શ્રી કરીમભાઈ આંબલીયાસણા તેમજ સંચાલન સમિતિના સભ્યો શ્રી આર.આર. પટાવટ, શ્રી એમ. વી. સુણસરા, શ્રી જી. એસ. કડીવાલા તેમજ રેકટરશ્રી આબિદઅલી તથા સુલતાનભાઈ ઉપસ્થિત રહ્યા હતા. હોસ્ટેલની પ્રગતિ અને રૂપરેખા રજૂ થયા બાદ વર્ષ દરમિયાન બાવન વિદ્યાર્થીઓએ હોસ્ટેલનો લાભ લીધો તેની વાત થઈ હતી. આ પ્રસંગે મો.ઈસ્માઈલભાઈ દાઉવા, શ્રી કાસમભાઈ દાઉવા, શ્રી કરીમભાઈ અને શ્રી એ.ડી.મોમિને પ્રસંગોચિત વકતવ્યો રજૂ કર્યા હતાં. નવીન રસોડાના બાંધકામમાં તેમજ ઈલેકટ્રીક ફિટીંગના કામકાજમાં સહકાર અને સેવા આપનારાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે જમણ પછી સૌ વિખરાયા હતા.

● **ઈન્ના લિલ્લાહે... :**



કનાઈ નિવાસી **મર્હૂમ મો.અલીભાઈ નાથુભાઈ મસી** મુ.તા.૭, રબી.આખર-૧૪૩૧, તા.૨૪-૩-૨૦૧૦ને બુધવારના રોજ ટૂંકી માંદગીનો સામનો કરી ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે લાગણીશીલ અને નરમ હૃદયના હતા. તેઓ મહેમાનનવાઝીના શોખીન અને માયાળુ સ્વભાવને કારણે સગા સંબંધીઓનો વિશાળ ચાહક વર્ગ ધરાવતા હતા. તેઓ સગાઓમાં ખૂબ જ પ્રિય હતા.




←--- મેતા નિવાસી **મર્હૂમા મો.સુગરાબેન હબીબભાઈ શેલીયા** મુ.તા.૧૭, સફર-૧૪૩૧, તા.૨-૨-૨૦૧૦ને મંગળવારના રોજ ૬૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.



કનાઈ નિવાસી **મર્હૂમા મો.અવલીબેન અલીભાઈ કોવડીયા** મુ.તા.૫, રબી.આખર-૧૪૩૧, તા.૨૨-૩-૨૦૧૦ને સોમવારના રોજ હૃદયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. --->



બાદરપુર નિવાસી **મર્હૂમા મો.નફીસાબેન ગુલામમહંમદ ઢેખાલીયા** મુ.તા. ૩, રબી.અવ્વલ-૧૪૩૧, તા.૧૮-૨-૨૦૧૦ને ગુરૂવારના રોજ ૨૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા નેક, ઈમાનદાર, હસમુખા અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં. --->



←--- બાદરપુર નિવાસી **મર્હૂમા મો.હુરીબેન ઈબ્રાહીમભાઈ દેસાઈ** મુ.તા.૧૮, સફર-૧૪૩૧, તા.૩-૨-૨૦૧૦ને બુધવારના રોજ ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, ઈમાનદાર, પરહેઝગાર તથા મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદનાં ચાહક હતાં.



←--- મેતા નિવાસી **મર્હૂમા મો.જીવીબેન તાજુભાઈ સુણસરા** મુ.તા.૧૬, રબી.આખર-૧૪૩૧, તા.૨-૪-૨૦૧૦ને શુક્રવારના રોજ લાંબી બીમારી બાદ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, ઈમાનદાર, પરહેઝગાર હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદનાં આશિક તેમજ પંચગાના નમાઝનાં પાબંદ હતાં.



મહેરપુરા(મજાદર) નિવાસી **મર્હૂમા મો.આયશાબેન ગુલામહુસૈન સુણસરા(પેટીવાળા)** મુ.તા.૨૩, રબી.આખર-૧૪૩૧, તા.૯-૪-૨૦૧૦ને શુક્રવારના રોજ ૬૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નમ્ર, મિલનસાર અને નેક દિલ હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો મુરશિદનાં ચાહક હતાં. ---→



←--- મોલીપુર-ઝહીરપુરા નિવાસી **મર્હૂમા મો.ઝયનબબેન મહંમદભાઈ રેવાસીયા** મુ.તા. ૨૬, રબી.આખર-૧૪૩૧, તા.૧૨-૪-૨૦૧૦ને સોમવારના રોજ ૪૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચયાં છે. મર્હૂમા સ્વભાવે નમ્ર, હસમુખા, લાગણીશીલ, માયાળુ અને પીરો મુરશિદ તથા એહલેબયત(અ.)નાં ચાહક હતાં. તેઓ કેન્સરનાં દર્દી હોવા છતાં બાવા સાહેબના ફરમાન પર અડગ રહીને બીમારીનો સામનો કરતાં હતાં. મર્હૂમાના જનાઝામાં આજુબાજુના ગામમાંથી લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.




રસુલપુર(મે.) નિવાસી **મર્હૂમા મો.રેમજીબેન મેમનજી પલસાણીયા** મુ.તા.૨૦, સફર-૧૪૩૧, તા.૫-૨-૨૦૧૦ને શુક્રવારના રોજ ૧૦૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ તથા નેક હતાં. તેઓ પીરો મુરશિદ અને એહલેબયતનાં ચાહક હતાં. ---→



←---વાઘરોલ નિવાસી **મર્હૂમ મો.સાદિકઅલી હબીબભાઈ આંબલીયાસણા** મુ.તા.૧૭, રબી.આખર-૧૪૩૧, તા.૩-૪-૨૦૧૦ને શનિવારના રોજ ૩૪ વર્ષની યુવાન વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ખૂબ જ શાંત અને ઓછાબોલા સ્વભાવના હતા. મર્હૂમ પીરો મુરશિદ પ્રત્યે ખૂબ જ ઈમાન ધરાવતા હતા. મર્હૂમના અવસાનથી ગામમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. તેમની દફનવિધિ અને ઝિયારતમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.



←--- કઠોર નિવાસી **મર્હૂમા મો.શેરબાનુ ફતેહઅલી મોમિન** ૫૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.



કનાઈ નિવાસી **મર્હૂમ મો.હબીબભાઈ દાઉદભાઈ રાજપુરા** મુ.તા.૫, રબી.આખર-૧૪૩૧, તા.૨૨-૩-૨૦૧૦ને સોમવારના રોજ ૫૯ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ગામના ધાર્મિક, સાર્વજનિક કામોમાં અને મોહર્રમ દરમિયાન કરબલાના શહીદોની માતમમાં ખાસ કરીને ઝંજીરની માતમમાં અગ્રેસર રહેતા હતા. તેઓ પીરો મુરશિદ તથા મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા. ---→

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મો.હાજીયાણી ફાતમાબેન નુરમહંમદ(કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.અલીભાઈ નાથુભાઈ મસી (કનાઈ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૦/- મો.મરીયમબેન અલીભાઈ મસી
રૂા.૧૦૦/- મો.અકબરઅલી અલીભાઈ મસી
રૂા.૧૦૦/- મો.હૈદરઅલી અલીભાઈ મસી
રૂા.૧૦૦/- મો.કમરઅલી અલીભાઈ મસી
રૂા.૫૦/- મો.અમદાભાઈ નાથુભાઈ મસી
રૂા.૫૦/- મો.તાહેરાબેન અકબરઅલી મસી
રૂા.૫૦/- મો.સુગરાબેન હૈદરઅલી મસી
રૂા.૫૦/- મો.ઝયનબબેન કમરઅલી મસી
રૂા.૫૦/- મો.નૂરઅલી શરીફભાઈ મસી
રૂા.૫૦/- મો.હલીમાબેન નુરભાઈ ડોડીયા
રૂા.૫૦/- મો.ગુલામહૈદર નુરભાઈ ડોડીયા
રૂા.૫૦/- મો.શબ્બીરહસન નુરભાઈ ડોડીયા
રૂા.૫૦/- મો.સુગરાબેન હાસમભાઈ દેધરોટીયા
રૂા.૫૦/- મો.મર્હૂમા ઉરીબેન ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૨૫/- મો.ઝયનબબેન ગુલામહુસૈન ખણુશીયા
રૂા.૨૫/- મો.રહમતબેન મહંમદઅલી વિજાપુરા
રૂા.૨૫/- મો.કુલસુમબેન ગુલામઅલી રાજપુરા
રૂા.૨૫/- મો.મદીનાબેન મયસમઅલી વિજાપુરા
રૂા.૨૫/- મો.અલીમબેન ગુલામભાઈ આગલોડીયા
રૂા.૨૫/- મો.આબિદઅલી અકબરઅલી મસી
રૂા.૨૫/- મો.સાજેદાબેન અકબરઅલી મસી
રૂા.૨૫/- મો.આરેફાબેન આબિદઅલી મસી
રૂા.૨૫/- મો.કાસિમઅલી હૈદરઅલી મસી
રૂા.૨૫/- મો.હબીબઅલી હૈદરઅલી મસી
રૂા.૨૫/- મો.એહમદઅબ્બાસ કમરઅલી મસી
રૂા.૨૫/- મો.કુલસુમફાતેમા કમરઅલી મસી
રૂા.૨૫/- મો.ઈસ્માઈલભાઈ ફતેભાઈ મસી
રૂા.૨૫/- મો.મર્હૂમા રહીમબેન યાકુબઅલી કોવડીયા
રૂા.૨૫/- મો.સુગરાબેન યાકુબઅલી કોવડીયા
રૂા.૨૫/- મો.સુગરાબેન વલીભાઈ સલેમા
રૂા.૨૫/- મો.કુલસુમબેન ગુલામહુસૈન મસી

**રૂા.૧૦૦૦/- મો.મર્હૂમા સુગરાબેન હબીબભાઈ શેલીયા(મેતા)ની રૂહના સવાબ અર્થે.**

**મર્હૂમા મો.અવલીબેન અલીભાઈ કોવડીયા (કનાઈ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૨૫૧/- મો.અલીભાઈ ગનીભાઈ કોવડીયા
રૂા.૧૦૧/- મો.ઝાકિરઅલી અલીભાઈ કોવડીયા
રૂા.૫૧/- મો.ફાતેમાબેન ઝાકિરઅલી કોવડીયા
રૂા.૨૧/- મો.એહસાનઅલી ઝાકિરઅલી કોવડીયા
રૂા.૧૦૧/- મો.આબિદઅલી અલીભાઈ કોવડીયા
રૂા.૫૧/- મો.રાબિયાબેન આબિદઅલી કોવડીયા
રૂા.૨૧/- મો.ઝયનબફાતેમા આબિદઅલી કોવડીયા
રૂા.૨૧/- મો.સાજીદહુસૈન આબિદઅલી કોવડીયા
રૂા.૧૦૧/- મો.ફિઝઝાબેન તાલિબઅલી વિજાપુરા
રૂા.૫૧/- મો.તાલિબઅલી ઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૨૧/- મો.કનીઝફાતેમા તાલિબઅલી કોવડીયા
રૂા.૨૧/- મો.એહસાનઅલી તાલિબઅલી કોવડીયા
રૂા.૫૧/- મો.હાસમભાઈ ગનીભાઈ કોવડીયા
રૂા.૫૧/- મો.નૂરીબેન હાસમભાઈ કોવડીયા
રૂા.૫૧/- મો.નશીરભાઈ ગનીભાઈ કોવડીયા
રૂા.૫૧/- મો.મલીબેન નશીરભાઈ કોવડીયા
રૂા.૧૦૧/- મો.હસનઅલી ગનીભાઈ કોવડીયા
રૂા.૫૧/- મો.મરીયમબેન અબ્બાસભાઈ વિજાપુરા
રૂા.૫૧/- મો.ઝયનબબેન મહંમદભાઈ પટેલ
રૂા.૫૧/- મો.હાસમભાઈ પીરમદભાઈ ગોદડ
રૂા.૫૧/- મો.અલુબેન હાસમભાઈ ગોદડ
રૂા.૨૧/- મો.મહંમદઅલી હાસમભાઈ કોવડીયા
રૂા.૨૧/- મો.હૈદરઅલી હાસમભાઈ કોવડીયા
રૂા.૨૧/- મો.આબિદઅલી હાસમભાઈ કોવડીયા
રૂા.૨૧/- મો.મહંમદઅલી નશીરભાઈ કોવડીયા
રૂા.૨૧/- મો.આબિદઅલી નશીરભાઈ કોવડીયા
રૂા.૨૧/- મો.કાઝિમઅલી હાસમભાઈ ગોદડ
રૂા.૨૧/- મો.ગુલામમહંમદ હાસમભાઈ ગોદડ

રૂા.૧૦૦/- મો.ગુલામમોહંમદ દાઉદભાઈ મસુ

તથા મો.ઝોહરાબેન ગુલામમહંમદ મસુ(મહેરપુરા) તરફથી તેમના પુત્ર ફૈઝમોહંમદના ઘેર પુત્ર મહેંદીહસનનો જન્મ થયો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.અકબરઅલી ગુલામભાઈ તથા રહમતબેન અકબરઅલી(ઈલોલ તલાવ)ના ઘેર પુત્રી કનીઝઝેહરાના ત્યાં નવાસા મહેંદીહસનનો જન્મ થયો તેની ખુશાલી પ્રસંગે.

**મો.શબ્બીરઅલી અલાદભાઈ(વસો) તરફથી બોરસદ ચોકડી, આણંદ ખાતે તા.૧૨-૦૪-૨૦૧૦ના રોજ 'ભાગ્યોદય રેસ્ટોરન્ટ'નું ઉદ્‌ઘાટન થયું તેની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૧/- મો.શબ્બીરઅલી અલાદભાઈ તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૧/- મો.રાબિયાબેન શબ્બીરઅલી તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૧/- મો.અકબરઅલી શબ્બીરઅલી તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૧/- મો.ઝયનબફાતેમા શબ્બીરઅલી તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.નફીસાબેન ગુલામમહંમદ ઢેખાલીયા (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૫૧/- મો.જીવાભાઈ અલેફભાઈ ઢેખાલીયા
રૂા.૧૨૧/- મો.ગુલામમહંમદ જીવાભાઈ ઢેખાલીયા
રૂા.૧૦૧/- મો.ઝેહરાબેન ગુલામમહંમદ ઢેખાલીયા
રૂા.૧૦૧/- મો.ઈમદાદઅલી ગુલામમહંમદ ઢેખાલીયા
રૂા.૫૧/- મો.આબેદાબેન ઈમદાદઅલી ઢેખાલીયા
રૂા.૨૧/- મો.રાહતફાતેમા ઈમદાદઅલી ઢેખાલીયા
રૂા.૫૧/- મો.મોહસિનઅલી ગુલામમહંમદ ઢેખાલીયા
રૂા.૧૦૧/- મો.મીકદાદઅલી જીવાભાઈ ઢેખાલીયા
રૂા.૫૧/- મો.ફિઝઝાબેન મીકદાદઅલી ઢેખાલીયા
રૂા.૨૫/- મો.સકીનાબેન મીકદાદઅલી ઢેખાલીયા
રૂા.૨૫/- મો.ઈમ્તિયાઝઅલી મીકદાદઅલી ઢેખાલીયા
રૂા.૨૧/- મો.ઝયનબફાતેમા મીકદાદઅલી ઢેખાલીયા
રૂા.૨૧/- મો.કામયાબઅલી મીકદાદઅલી ઢેખાલીયા
રૂા.૫૧/- મો.અકબરઅલી રસુલભાઈ કોડાલીયા
રૂા.૫૧/- મો.નજમાબેન અકબરઅલી કોડાલીયા
રૂા.૨૧/- મો.સાકિરઅલી અકબરઅલી કોડાલીયા
રૂા.૫૧/- મો.આબિદઅલી હબીબભાઈ કલુસીયા
રૂા.૫૧/- મો.સાકેરાબેન આબિદઅલી કલુસીયા
રૂા.૫૧/- મો.ગુલામમુસ્તુફા રસુલભાઈ મલેકપુરા
રૂા.૫૧/- મો.ઝયનબબેન ગુલામમુસ્તુફા મલેકપુરા
રૂા.૫૧/- મો.ગુલામહુસૈન વલીભાઈ સુખડ
રૂા.૫૧/- મો.કુલસુમબેન ગુલામહુસૈન સુખડ
રૂા.૧૦૧/- મો.નુરીબેન નુરમોહંમદ હીરા
રૂા.૧૦૧/- મો.અબ્બાસઅલી નુરમોહંમદ હીરા
રૂા.૫૧/- મો.શીરીનબેન અબ્બાસઅલી હીરા
રૂા.૨૫/- મો.રહેમતફાતેમા અબ્બાસઅલી હીરા
રૂા.૨૫/- મો.અખ્લાકહુસૈન અબ્બાસઅલી હીરા
રૂા.૨૫/- મો.મકબૂલફાતેમા અબ્બાસઅલી હીરા
રૂા.૧૦૧/- મો.સફદરઅલી નુરમોહંમદ હીરા
રૂા.૫૧/- મો.સાકેરાબેન સફદરઅલી હીરા
રૂા.૨૫/- મો.શાહેદાફાતેમા સફદરઅલી હીરા
રૂા.૨૫/- મો.મહેંદીહુસૈન સફદરઅલી હીરા
રૂા.૫૧/- મો.ગુલામહૈદર વલીભાઈ દત્ત
રૂા.૫૧/- મો.ફાતેમાબેન ગુલામહૈદર દત્ત
રૂા.૨૫/- મો.અહેસાનઅલી ગુલામહૈદર દત્ત
રૂા.૨૫/- મો.સાકેરાબેન ગુલામહૈદર દત્ત
રૂા.૨૫/- મો.સાજેદાબેન ગુલામહૈદર દત્ત
રૂા.૫૧/- મો.શબ્બીરભાઈ સુલેમાનભાઈ
રૂા.૫૧/- મો.ઝયનબબેન શબ્બીરભાઈ
રૂા.૫૧/- મો.શબ્બીરભાઈ લાલાભાઈ બાંગ
રૂા.૫૧/- મો.નફિસાબેન શબ્બીરભાઈ બાંગ
રૂા.૫૧/- મો.રાશેદાબેન ઈસ્માઈલભાઈ મલેકપુરા

**મર્હૂમા મો.હુરીબેન ઈબ્રાહીમભાઈ દેસાઈ (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૧/- મો.સુલેમાનભાઈ નુરાભાઈ દેસાઈ
રૂા.૧૦૧/- મો.અમીનાબેન ઈસ્માઈલભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.હસનઅલી ઈસ્માઈલભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.સાબેરાબેન ઈસ્માઈલભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.મહેંદીઅલી ઈસ્માઈલભાઈ દેસાઈ

રૂા.૧૦૧/- મો.ગુલામભાઈ ઈબ્રાહીમભાઈ દેસાઈ
રૂા.૧૦૧/- મો.ઝયનબબેન ગુલામભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.હૈદરઅલી ગુલામભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.અબ્બાસઅલી ગુલામભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.આબિદઅલી ગુલામભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.ખતીઝાબેન યુસુફભાઈ બુશાળ
રૂા.૫૧/- મો.તાલિબઅલી યુસુફભાઈ બુશાળ
રૂા.૫૧/- મો.ઝાકિરઅલી યુસુફભાઈ બુશાળ
રૂા.૫૧/- મો.હસનઅલી યુસુફભાઈ બુશાળ
રૂા.૫૧/- મો.અબ્બાસઅલી કમાલભાઈ ધાન્ધારીયા
રૂા.૫૧/- મો.આબેદાબેન અબ્બાસઅલી ધાન્ધારીયા
રૂા.૫૧/- મો.સખાવતઅલી યાકુબભાઈ મસી
રૂા.૫૧/- મો.મન્સુરાબેન સખાવતઅલી મસી
રૂા.૫૧/- મો.સાજેદાબાનુ હૈદરઅલી દેસાઈ
રૂા.૨૧/- મો.રૂબાબફાતમા હૈદરઅલી દેસાઈ
રૂા.૨૧/- મો.મહંમદભાઈ કમાલભાઈ દેસાઈ
રૂા.૨૧/- મો.ઝેહરાબેન મહંમદભાઈ દેસાઈ

**મર્હૂમા મો.જીવીબેન તાજુભાઈ સુણસરા (મેતા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૫૧/- મો.વજીરઅલી તાજુભાઈ સુણસરા
રૂા.૧૫૧/- મો.ગુલામમોહંમદ તાજુભાઈ સુણસરા
રૂા.૧૫૧/- મો.મોહંમદઅલી તાજુભાઈ સુણસરા
રૂા.૧૫૧/- મો.ખાદિમઅલી તાજુભાઈ સુણસરા
રૂા.૧૦૧/- મો.કુલસુમબેન વજીરઅલી સુણસરા
રૂા.૧૦૧/- મો.રૂકૈયાબેન ગુલામમોહંમદ સુણસરા
રૂા.૧૦૧/- મો.સાબેરાબેન મોહંમદઅલી સુણસરા
રૂા.૧૦૧/- મો.હુસૈનાબેન ખાદિમઅલી સુણસરા
રૂા.૫૧/- મો.અહમદઅબ્બાસ વજીરઅલી સુણસરા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન અહમદઅબ્બાસ સુણસરા
રૂા.૫૧/- મો.હસનઅબ્બાસ ગુલામમોહંમદ સુણસરા
રૂા.૧૦૧/- મો.ગુલામમોહંમદ સુલેમાન આંબલીયાસણા
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલ સુલેમાન આંબલીયાસણા
રૂા.૧૦૧/- મો.અબ્બાસઅલી સુલેમાન આંબલીયાસણા
રૂા.૫૧/- મો.કુલસુમબેન મોહંમદહસન શેલીયા
રૂા.૫૧/- મો.શીરીનબેન ઈસ્માઈલ અસામદી
રૂા.૫૧/- મો.સકીનાબેન યુસુફભાઈ પલસાણીયા
રૂા.૨૫/- મો.હૈદરઅલી ગુલામમોહંમદ સુણસરા
રૂા.૨૫/- મો.સાબેરાબેન વજીરઅલી સુણસરા
રૂા.૨૫/- મો.સુગરાબેન વજીરઅલી સુણસરા
રૂા.૧૧/- મો.સાજેદાબેન વજીરઅલી સુણસરા
રૂા.૧૧/- મો.મોહસિનઅલી ગુલામમોહંમદ સુણસરા
રૂા.૧૧/- મો.ઈરફાનહૈદર મોહંમદઅલી સુણસરા
રૂા.૧૧/- મો.અહમદઅબ્બાસ મોહંમદઅલી સુણસરા
રૂા.૧૧/- મો.અઝીમઅલી મોહંમદઅલી સુણસરા

**મર્હૂમા મો.આયશાબેન ગુલામહુસૈન સુણસરા (પેટીવાળા) (મહેરપુરા-મજાદર)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.ગુલામહુસૈન દાઉદભાઈ સુણસરા (પેટીવાળા)
રૂા.૧૦૧/- મો.મુખી શબ્બીરઅલી ગુલામહુસૈન સુણસરા ''
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ ગુલામહુસૈન સુણસરા ''
રૂા.૨૦૦/- મો.ઈકબાલહુસૈન ગુલામહુસૈન સુણસરા''
રૂા.૧૦૧/- મો.મહંમદઅલી ગુલામહુસૈન સુણસરા ''
રૂા.૫૧/- મો.શેરબાનુ શબ્બીરઅલી સુણસરા ''
રૂા.૫૦/- મો.નફીસાબાનુ ગુલામઅબ્બાસ સુણસરા ''
રૂા.૨૦૦/- મો.ફિઝઝાબાનુ ઈકબાલહુસૈન સુણસરા ''
રૂા.૧૦૦/- મો.ઝોહરાબાનુ મહંમદઅલી સુણસરા ''
રૂા.૨૧/- મો.કનીઝફાતમા શબ્બીરઅલી સુણસરા ''
રૂા.૨૧/- મો.માસુમાબાનુ શબ્બીરઅલી સુણસરા ''
રૂા.૨૧/- મો.ફાતેમાઝયનબ શબ્બીરઅલી સુણસરા ''
રૂા.૨૧/- મો.મહંમદઅલી શબ્બીરઅલી સુણસરા ''
રૂા.૫૦/- મો.સકીનાફાતેમા ગુલામઅબ્બાસ સુણસરા ''
રૂા.૫૦/- મો.અસદઅલી ઈકબાલહુસૈન સુણસરા ''
રૂા.૫૦/- મો.નુસરતફાતેમા ઈકબાલહુસૈન સુણસરા ''
રૂા.૧૦/- મો.ફરહતફાતેમા મહંમદઅલી સુણસરા ''
રૂા.૫૦/- મો.યાસીનઅલી દાઉદભાઈ સિધ્ધપુરા
રૂા.૫૦/- મો.ઝયનબબેન યાસીનઅલી સિધ્ધપુરા
રૂા.૧૫૧/- મો.મુખ્તારઅલી ઈબ્રાહીમભાઈ અઘારીયા
રૂા.૨૫૧/- મો.રઝીયાબાનુ મુખ્તારઅલી અઘારીયા
રૂા.૨૦૦/- મો.રૂકસાનાબાનુ હમીદઅલી વલુડા
રૂા.૫૦/- મો.અકબરઅલી ગુલામહુસૈન વલુડા
રૂા.૫૦/- મો.સાબેરાબાનુ અકબરઅલી વલુડા
રૂા.૫૦/- મો.અસગરઅલી રહીમભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.ફાતેમાબેન અસગરઅલી સુણસરા

રૂા.૫૦/- મો.હૈદરઅલી સુલેમાનભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.ઝાકિરહુસૈન સુલેમાનભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.કમરઅલી રહીમભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.તાહેરઅલી રહીમભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.ફાતેમાબેન તાહેરઅલી સુણસરા

રૂા.૧૦૧/- મો.એહસાનઅલી મોહંમદહુસૈન (વસો)તરફથી તેમની દીકરી ઝરીનાફાતેમાના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.તાલિબઅલી હાજી ગુલામનબી (વસો)તરફથી તેમના નવા મકાનનું ઉદ્‌ઘાટન કર્યું તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મર્હૂમા મો.રેમજીબેન મેમનજી પલસાણીયા(રસુલપુર-મે.)ની રૂહના સવાબ અર્થે.

**રૂા.૫૦૧/- મર્હૂમા મો.ઝયનબબેન મહંમદભાઈ રેવાસીયા(મોલીપુર-ઝહીરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.**

રૂા.૧૦૦/- મો.આબેદાબેન સાદિકઅલી આંબલીયાસણા(વાઘરોલ)તરફથી તેમના પતિ મર્હૂમ સાદિકઅલીની રૂહના સવાબ અર્થે.


**પ્રો.અકબરઅલી કે. દાંત્રેલિયા**
મો. ૯૪૨૮૩૫૯૪૨૬
ઘર (૦૨૭૭૨) ૨૨૭૨૪૯

*શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના સાથ સહકારની ઉમેદ સાથે અમારી દુકાને ધાબા માટે લોખંડ, સિમેન્ટ, કપચી, ઈંટો વિગેરે વેચાણ ચાલુ કરેલ છે.*

**::::: ડીલર :::::**
ધી ઈન્ડીયા સિમેન્ટસ લી.નો કોરો મંડલ કીંગ સિમેન્ટ, અંબુજા સિમેન્ટ, આઈકોન સિમેન્ટ તથા સાકીનનું લોખંડ મળશે.

**નૂતન ટ્રેડર્સ**
ઈલોલ (તલાવ), પાણીની ટાંકી પાસે,
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

**હબીબભાઈ ચૌધરી** મો.૯૪૨૯૧૭૪૧૦૧
**આબિદઅલી ચૌધરી** મો.૯૮૭૯૦૯૫૬૧૪

**સહયોગ**
**પ્લાયવુડ એન્ડ હાર્ડવેર**

*અમારે ત્યાં પ્લાય, સનમાઈકા, ફલશ ડોર, ડોર સ્ક્રીન, હાર્ડવેર તેમજ ફર્નિચરને લગતો તમામ સામાન કિફાયતી ભાવે મળશે.*

**ઠે. મેઈન બજાર, સરકારી દવાખાનાની સામે, મુ.પો. કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ**
**પીન-૩૮૪ ૨૯૦**

**એસ. એસ. મોમિન** મો.૯૪૨૭૪૦૦૪૨૯
(સદીકપુરવાળા) મો.૯૩૨૭૫૯૮૪૯૫



**કિસાન**
**હાર્ડવેર સ્ટોર્સ**
લગ્નની પેટીઓ, પાઈપના ખાટલા, ઑણ, પ્લાસ્ટીક તથા લોખંડના તગારા, બાલ્ટીઓ, પ્રાણીઓના માંચડા, સાંકળ તેમજ ખેતીવાડી ઉપયોગી તમામ સાધનો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**જી-૧૫, રીગલ શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડની બાજુમાં, વડનગર.**